ફાંસીને દોરડે



બાલસાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ લેખક, સંપાદક અને આગેવાન પ્રકાશક તરીકે શ્રી. નાગરદાસ પટેલનું નામ ખૂબ જાણીતું છે.

★ ★ ★

એમનાં લખાણની ખૂબી તો એ છે કે એમનું પુસ્તક એક વખત હાથમાં લીધા પછી વાંચકનું મન એવું તો જકડી રાખે છે કે તે પૂરૂં કર્યા વગર ચેન પડતું નથી.

★ ★ ★

બાલસાહિત્યનાં પ્રકાશનોમાં શ્રી. નાગરદાસ ની એક વ્યવસ્થિત યોજના અને પ્રગતિવાન દષ્ટિ છે. તેવી જ સુંદર યોજના એમણે કિશોર અને કુમારસાહિત્ય માટે કરી છે.

★ ★ ★

મગજશક્તિના વિકાસને તાલીમ આપે એવી સાહસ, શૌર્ય, ભેદ, બુદ્ધિચાતુર્ય અને

સાહસ કથાવલિ : પુસ્તક અગિયારમું

ફાંસીને દોરડે

સંપાદક

નાગરદાસ ઇ. પટેલ

સવા રૂપિયો

બાલવિનોદ કાર્યાલય

૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ • મુંબઇ ૨

: પ્રકાશક :
નાગરદાસ ઈ. પટેલ
બાલવિનોદ કાર્યાલય
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨

આવૃત્તિ પહેલી
૧૯૪૮

☆

: મુદ્રક :
રામદાસ ઈ. પટેલ
"રજની પ્રિન્ટરી"
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨

પરિચય

☆

સાહસ, શૌર્ય, ભેદ, બુદ્ધિચાતુર્ય અને ગુન્હાશોધનનાં અવનવાં પરાક્રમોને લગતી મગજશક્તિના વિકાસને તાલીમ આપે એવી રસિક વાર્તાઓ વાંચવાની કુમાર-જીવનમાં તાલાવેલી જાગે છે અને તે વૃત્તિ જીવનમાં દીર્ઘકાલ પર્યંત કાયમ રહે છે. એ વૃત્તિને અનુકૂળ અને પ્રેરણાદાયી વાંચન મળે તો મગજશક્તિનો સુંદર વિકાસ થાય છે. દરેક વસ્તુ કે વિગત ઝીણવટથી જોવા સમજવાની અને તેનું હાર્દ પામવાની અદ્ભુત શક્તિ એનાથી સાંપડે છે અને જીવન સાફલ્યનો માર્ગ સરળ બને છે.

માનવ જીવનનો આ રીતે અનેકવિધ વિકાસ કરી શકે એવી અત્યંત પ્રેરણાદાયી તેમજ રસિક વાર્તાઓ આપવાની યોજના 'સાહસ કથાવલિ' માં કરવામાં

આવી છે. એમાં અંગ્રેજી સાહિત્યના આ વિષયના સાહિત્યસમ્રાટોની દિલચસ્પ વાર્તાઓ ઉપરથી તૈયાર કરેલી તેમજ કેટલીક મૌલિક કથાઓ આપવામાં આવશે. એ દરેકનું વસ્તુ અને વાતાવરણ ગુજરાતને અનુકૂળ રહેશે.

બાલસાહિત્યની અમારી વિવિધ ગ્રંથમાળાઓનો ગુજરાતે સુંદર સત્કાર કરી અમને પ્રોત્સાહન આપ્યું છે તેવી જ રીતે આ ગ્રંથાવલિને પણ ગુજરાતે અપનાવી છે એ જાણીને સંતોષ થાય છે.

નાગરદાસ પટેલ

અનુક્રમ

★

ફાંસીને દોરડે

☆ ☆
☆

ફાંસીને દોરડે

'આપણા સિનેમા ઉદ્યોગે થોડા વખતમાં ઘણી સારી પ્રગતિ કરી છે.' પંડિતજીએ કહ્યું.

'જરૂર.' જયંતે જણાવ્યું.

'એક લેખક પોતાનાં પુસ્તકોદ્વારા જે કહી ન શકે તે કરતાં અનેકગણું એક ફીલ્મ મારફત રજૂ કરી શકે છે અને તે પણ હજારો માણસોને થોડા વખતમાં પહોંચી વળે છે.' મ્હેં ઉમેર્યું.

'અને તે વળી પચરંગી લોકને.' અમારા સાથીદાર રામરાય બક્ષીએ કહ્યું. 'એક લેખકની વાર્તા અથવા પુસ્તકના વાંચનાર કરતાં એની ફીલ્મ જોનાર માણસોની સંખ્યા જરૂર વધી જશે અને પ્રેક્ષકો પણ જાત જાતના હશે. એક સારા સાક્ષરની ચોપડી કોઈ વહોરા બીરાદાર કે મુલતાની ગૃહસ્થને વાંચવી ન પણ ગમે જ્યારે એની ફીલ્મ એઉ જણ લહેરથી જોઈ શકે.'

'અલબત્ત, આ બધી ચર્ચા અમે ચારે જણ મુંબઈના એક આગેવાન થિયેટરમાં બેઠા બેઠા કરતા હતા. ઇન્ટરવલનો અમે આ રીતે સદુપયોગ કરી રહ્યા હતા. અમારા સ્નેહી રામરાય બક્ષી જેઓ પોલિસ કમીશ્નરનો હોદ્દો ભોગવતા હતા તેમની સાથે અમે ત્રણે જણ સિનેમા જોવા ગયા હતા.

એવામાં પંડિતજીની નજર બોક્સમાં બેઠેલા એક પારસી ગૃહસ્થ પર પડી.

'જયંત ! પેલા હીરાના બટનવાળા પારસીને જોયો કે ?' પંડિતજીએ પેલા પારસી ગૃહસ્થને બતાવતાં પૂછ્યું.

જયંતે એના તરફ ધ્યાન દઈને જોયું.

'એનો એકંદરે દેખાવ ઠીક છે પણ આંખો જરા મોટી લાગે છે.' જયંતે કહ્યું.

'અને સુઝેલી પણ છે.' પંડિતજીએ ઉમેર્યું.

'બીજું શું દેખાય છે ?' બક્ષીએ પૂછ્યું.

'એના હોઠ પણ મોટા છે ને મોઢા પર શોથર લગે છે.'

'અને એનો અવાજ કર્કશ તેમજ ઘોઘરો હોવો જોઈએ.' જયંતે કહ્યું.

રામરાયે પેલા પારસી તરફ જોઈને કહ્યું: 'તમારી વાત ખરી છે જયંતરાય ! એ ગૃહસ્થને હું ઓળખું છું. એનું નામ અરદેસર ચિનાઈ છે. એનો અવાજ તમે કહો છો તેવો જ છે. એ સિવાય બીજું કાંઈ કહેશો કે ?'

'એ ભાઈ સાહેબ લંપટ છે ! માણસ પણ સારું નહિ. આવડી મોટી આંખો અને ઘોઘરો અવાજ એ બેઉ સાથે હોય તો લાલબત્તી સમજી લેવી.' પંડિતજીએ જણાવ્યું.

રામરાયને નવાઈ લાગી.

'તમારે બદલે બીજું કોઈ હોત તો હું એમજ કહેત કે તમે એને ઓળખો છો એટલે એના ગુણદેવ કહી શકો છો

પણ તમે તે દિવસે જે અજબ અખતરો કરી બતાવ્યો તે જોયા પછી તમારી શક્તિ માટે મ્હને ઘણું માન છે.'

અને એ અખતરો અમે એક વખતે એમને આપેલી મુલાકાત વખતનો હતો. તે વખતે એમણે ચાલીસ જુદા જુદા ગુન્હેગારોના ફોટા બતાવ્યા અને તે દરેકના દેખાવ ઉપરથી પંડિતજી અને જયંતે જાણે કોઇ ચોપડીમાંથી વાંચતા હોય તેમ દરેકની ખાસીયત અને ગુણદોષ કહી બતાવ્યા. રામરાયે તે એ દરેકની નોંધ સાથે સરખાવી જોયા તો ઘણે ભાગે મળતા આવ્યા. અલબત્ત, એમાં થોડી ઘણી ભૂલો હતી પણ તે બહુ નજીવી હતી.

'અરદેસર ચિનાઇ ઘણો જ દુષ્ટ માણસ છે.' રામરાયે જણાવ્યું. 'પણ હજી લગી એ અમારા હાથમાં આવ્યો નથી. એ પક્કો બદમાશ છે અને મોડો વહેલો અમારા સપાટામાં આવશે તો ખરો. એની સાથે મીસ દારૂવાલા જેવી જાણીતી સન્નારીને જોઇને મ્હને દુઃખ થાય છે.'

'એની નજીક છે તેજ મીસ દારૂવાલા કે?' જયંતે પૂછ્યું.

'એ સિનેમા સ્ટાર લાગે છે.' પંડિતજીએ કહ્યું. 'જોયુંને નટવર! એ અવારનવાર પોતાની ડોક કેવી રીતે ફેરવે છે તે. અલબત્ત એને એવી ટેવજ પડી ગઇ છે પણ એ ખાસીયત નોંધ લેવા જેવી છે.'

'એ ચિનાઇ કરે છે શું?' જયંતે પૂછ્યું.

'એ શું કરે છે તેજ સ્હમજાતું નથી.' રામરાયે કહ્યું. 'પણ એનો ધંધો મુખ્યત્વે તો ધીરધારનો છે અને એ ઉપરાંત બીજું પણ કામકાજ કરે છે.'

'શાનું?' પંડિતજીએ પૂછ્યું.

શાનું તે કહેવા રામરાય તૈયાર ન હતા. એ કહેતાં તેઓ પોતેજ વખતે બંધાઇ જાય એવું એમને લાગ્યું, છતાં એમણે કહ્યું:

'વાત ઘણીજ ખાનગી રાખો તો કહું. અમે માનીએ છીએ, અલબત્ત, એ માટે પૂરતાં કારણો છે કે એ ચંડુલખાનું ચલાવે છે અને એના હાથ ઉપર કેટલાક પૈસાદાર ગ્રાહકો છે જે એનો લાભ લે છે. છેલ્લા અઠવાડિયામાં પેલા જમશેદ બિલિમોરિયાનો કેસ તમે નથી વાંચ્યો ?'

'પેલો, જેણે નર્સનું ખૂન કર્યું તે ?'

'એજ. એનાં સગાં વહાલાં ઘણાં મોભાદાર છે. એમની આબરૂને બટ્ટો લાગે એ બીકે તો એ કોઇનું નામ આપવા માગતો ન હતો. એ બીજે દિવસે હોસ્પીટલમાં મરણ પામ્યો. મરતા અગાઉ એ જ્યારે ભાનમાં આવ્યો ત્યારે એણે કહ્યું હતું કે એ પોતે આગલે દિવસે રાત્રે કોઇ પૈસાપાત્ર મિત્ર સાથે ચંડુલખાનામાં ગયો હતો એટલું એને યાદ છે તે પછી જ્યારે ભાન આવ્યું ત્યારે તો એ હોસ્પીટલમાં પડ્યો હતો. એણે પોતે કૈં ગુન્હો કર્યો હતો તેનું તો એને ભાનજ હતું નહિ. એણે જે કૈં કર્યું હતું તે એ ચિનાઇ અફીણ અથવા કોઇ દવામીશ્રીત પીણાના ઘેનની અસર નીચે કરેલું હતું.'

'અને એ ચંડુલખાનુ મી. ચિનાઇનું હતું ?' પંડિતજીએ પૂછ્યું.

એ વખતે ઇન્ટરવલ ખલાસ થયું અને ફીલ્મ શરૂ થઇ.

'તે ખબર નથી પણ બિલિરિમોયાએ પોતાના લવારામાં ચિનાઇનું નામ લીધું હતું. ત્યારથી ચિનાઇ ઉપર બાપ્તો રાખવામાં આવ્યો છે. એ ક્યાં જાય છે, શું કરે છે એ બધી બાબતની તપાસ રાખવામાં આવે છે.'

'કાલે રાત્રે મ્હારે એના ચંડુલખાનાની મુલાકાત લેવી છે. એક પરદેશી વેપારી જે આફ્રિકામાંથી લાખો રૂપિયા કમાઇ આવ્યો છે તે પોતાના કોઇ મિત્રની ભલામણથી એ ચંડુલખાનામાં જશે અને મ્હારી ખાત્રી છે કે વહેલો મોડો અમારો એનો જંગ

આમી ગયા સિવાય નહિ રહે.' પંડિતજીએ કહ્યું.

તે પછી અમે એ વિષય બંધ કર્યો અને લહેરથી ફીલ્મ જોઇ.

ગુન્હેગારોના વર્ગીકરણમાં ધંધાદારી ગુન્હેગારો જેઓ ગુન્હાને ધંધા તરિકે ખીલવે છે અને જેઓ પોતાનાં નાણાં એ ખીલવવા માટે રોકે છે તે વધારે ઊંચુ સ્થાન ભોગવે છે. તેઓ ઘણી મુશ્કેલીથી પકડાય છે. પોતાના ધંધામાં અક્કલ, કુનેહ અને પૈસો એ ત્રણેનું રોકાણ કરવાને લીધે એ વર્ગના માણસોને પકડી શકવા મુશ્કેલ બને છે. મોટે ભાગે અભણ, ગરીબ અને કમઅક્કલના માણસોના ગુન્હા પકડાય છે અને તેમાંનો મોટો ભાગ આપણી પોલીસ કોર્ટોમાં દેખા દે છે. ત્યાં જઇને જોતાં પણ આ વાતની ખાત્રી થશે

અને અરદેસર ચિનાઇ પણ આવી જાતનો ધંધાદારી કુનેહબાજ અને પૈસાપાત્ર ગુન્હેગાર હતો. એણે એપોલો સ્ટ્રીટમાં ત્રણ મિલ્કતો ખરીદી હતી. કોઇ નાદાર થયેલ વેપારીની એ મિલ્કતો લિલાઉમાં સસ્તામાં એને મળી ગઇ હતી. એ ત્રણે મકાનો જોડાજોડ હતાં અને તેની ત્રણ બાજુએ જાહેર રસ્તો આવેલો હતો. એમાંનું પહેલું મકાન જુદા જુદા અનેક ભાડૂતોને ભાડે આપેલું હતું. તેમાં મોટે ભાગે ઑફિસો હતી. ભોંયતળિયે એક નાનું પણ આકર્ષક હોટેલ હતું. પહેલે માળે કોઇ વેપારીની ઑફિસ હતી, બીજે માળે સોલીસીટર્સની પેઢીની ઑફીસ હતી અને ત્રીજે માળે અરદેસર ચિનાઇની પોતાની ઑફિસ હતી. એ મકાનનું ભોંયરૂં પણ એણે વખાર તરિકે ભાડે આપ્યું હતું. અવારનવાર એમાં જંતુનાશક દવાઓ નાખવામાં આવતી અને બને તેટલી સાફસુફી કરવાનો પ્રયત્ન થતો. એ ભોંયરામાં થઇને બાજુના મકાનમાં તેમજ મોટર રાખવા માટે તાજેતરમાં બંધાવેલી એક ગેરેજમાં જઇ શકાતું.

ગેરેજ અરદેસરે પોતાના ભાગીદાર માટે બંધાવ્યું હતું. અને તે પછી એને એમાં કશુંજ હીત ન હતું. એ ઉપરાંત ત્રીજા મકાનમાં પણ એ રસ્તે થઈને જઈ શકાતું.

અરદેસર ચિનાઈના હાથમાં આ મિલ્કત આવ્યા પછી તેણે કેટલાક ફેરફાર કરાવેલા. એ કરનાર મજૂરોને સારી રીતે ખબર હતી કે ભોંયરામાંને રસ્તે એક મકાનમાંથી બીજા મકાનમાં જઈ શકાતું હતું. તે ઉપરાંત અરદેસરે પોતાની ઑફિસમાંથી છૂપા દરવાજા મારફત આ રીતે જવા આવવાની સગવડ કરાવી હતી. વખતના વહેવા સાથે આ વાત જાણનાર મજૂરો પણ એ ભૂલી ગયા હશે. અને એ મકાનના ભાડૂતોને તો એની ગંધ પણ નહિ આવી હોય.

ત્રીજું મકાન આંતરરાષ્ટ્રીય કલામંડલને ભાડે આપેલું હતું. પોલિસે એ કલામંડલમાં અરદેસર ચિનાઈને જતાં જોયો ન હતો કારણ કે એ આગળને દરવાજે થઈને એમાં ભાગ્યેજ જતો. કલામંડલે એક આરામગૃહ રાખ્યું હતું અને અવારનવાર એ આરામગૃહમાં પોતાના ઇલમના જોરથી આવી પહોંચ્યો હોય તેમ અચાનક અરદેસર ચિનાઈ ફુટી નીકળતો. એ પોતાના અંગત ગ્રાહકો સાથે એ આરામગૃહમાં જતો. એનો જવા આવવાનો રસ્તો પેલા ભોંયરા વાટેજ હતો. વચ્ચેનું મકાન એક મોટી ઉંમરના પારસી ગૃહસ્થને ભાડે આપેલું હતું. ત્રણે મકાનમાં એ જરા વધારે દેખાવડું હતું પણ એમની બારીઓ તથા બારણાંના પડદા પડેલાજ રહેતા. એ ગૃહસ્થ તથા એની પત્ની બેઉ ઘણાંજ શાંત પ્રકૃતિનાં માણસો હતાં. એમને છૈયાં છોકરાંની જંજાળ હતી નહિ.

બરાબર દસને ટકોરે એ ગૃહસ્થ પોતાના ઘરમાંથી બહાર પડતો અને પોતાને કામે જતો. એનો દેખાવ પણ સામા પર છાપ પાડે એવો હતો. પોલિસનો સિપાઈ એને ઓળખતો અને

એની સાથે અદબથી વર્તતો. એણે પોતાનો પૈસો શી રીતે એકઠો કર્યો હતો તેની વિગતમાં ઉતરવાની જરૂર નથી. એટલુંજ કહેવું બસ થઇ પડશે કે એને આ રીતે નિયમીત એ મકાનમાંથી બહાર જવાને અને સાંજે વખતસર પાછા ફરવાને માટે અરદેસર ચિનાઇ તરફથી સારી જેવી રકમ દર માસે આપવામાં આવતી હતી. એ આખો દહાડો પિટિટ લાયબ્રેરીમાંજ ગાળતો હતો અને ત્યાંની અનેક ખુરસીઓમાંની એકને એ શોભાવતો હતો.

અને એ મકાનને બીજે માળે ત્રણેવડા કાળા મખમલના પડદાથી ઢાંકેલી બારીવાળા એક વિશાળ ઓરડામાં કેટલાક પુરૂષો અને સ્ત્રીઓ રાત ને દિવસ કોઇ પણ જાતની પરવા કર્યા સિવાય ધૂમાડાના ગોટે ગોટા કાઢતાં કાઢતાં અફીણ તથા માદક પદાર્થોનું સેવન કરતાં હતાં. એ વિશાળ ઓરડાની સારી યે સજાવટ અરદેસર ચિનાઇએ પોતે જાતે કરી હતી. અવારનવાર એ પોતે પણ ત્યાં આવતો અને પોતાના માનીતા ગ્રાહકો સાથે થોડાક ઘુંટ લેતો. કોઇ નવા અને સદ્ધર ગ્રાહકને આ સ્થળ બતાવવાનું હોય તેવા પ્રસંગે એ આવ્યા વિના રહેતો નહિ. એને પોતાને ભાગ્યેજ કેફ ચઢે છે એવી એ બડાશ હાંકતો. આજે પણ એ જાતની ડંફાસ એણે પોતાના એક નવા ઘરાક સાથે હાંકવા માંડી હતી. એનો એ નવો ઘરાક આફ્રિકાથી તાજેતરમાં આવેલું એક સદ્ધર બીલ્લુ હતું અને એ અરદેસરના સકંજામાં સપડાયું હતું પછી તેનો લાભ લીધા સિવાય એ રહે તે બનેજ કેમ! એ ઘરાક એના ખાંધીયાઓએ શોધી કાઢયું હતું અને તેને આંતરરાષ્ટ્રીય કલામંડલમાં મોકલ્યું હતું. ત્યાંથી એની પ્રગતિ થઇ હતી અને અરદેસરે જાતેજ એને પેલા ચંડુલખાનામાં પ્રવેશ કરાવ્યો હતો. ત્યાં ગયા પછી અરદેસરે બડાશ મારવા માંડી કે એને પોતાને કદી પણ કેફ ચઢતો નથી.

'મ્હને પણ નથી ચઢતો.' એના નવા ગ્રાહકે જણાવ્યું.

'હું તો હંમેશા મ્હારૂં પીણું સાથેજ રાખું છું.'

એમ કહીને એણે પોતાના ખીસ્સામાંથી ચાંદીની એક પેટી કાઢી અને તેમાંથી કાળી કાળી ગોળીઓ કાઢી.

'એ શું છે!' અરદેસરે અજાયબ થતાં પૂછ્યું.

'એ મ્હારૂં તૈયાર કરેલું અફીણ છે. એમાં જાત જાતના તેજાના અને તંબાકુ મેળવવામાં આવી છે. એનો સ્વાદ અજબ છે!'

'પણ દોસ્ત! એ પીવાની છૂટ અહિંયાં નથી એટલે આપણે તો પેલી નળી લઈને અહીં અપાય છે તે પીવા માંડવું જોઈએ.' અરદેસરે કહ્યું.

'હરકત નહિ. મ્હારૂં અફીણ ઘેર પીવા કામ આવશે.' પેલાએ જણાવ્યું. 'અહિં કેવું અપાય છે તે તો જોઈએ. હું અહિં આવ્યો તે પણ એટલાજ ખાતર જ.'

'ભલે, અહિંયાંને બદલે આપણે બાજુના ઓરડામાં જઈએ. ત્યાં કોઈ નથી. તમારો કોઈનો પ્યાલો લેતા આવો. તમારે જે પીવું હોય તે ખુશીથી પીજો. હું પણ પીવા લાગીશ.'

અને બેઉ જણ બાજુના ઓરડામાં ગયા. એ નાનો અને સુઘડ ઓરડો હતો એમાં એ બે જણ એકલાજ હતા.

નવા ઘરાકે પોતાની ચુંગી કાઢી અને તેમાં અફીણની ગોળી મૂકી, એણે એ સળગાવી અને ધુમાડા કાઢવા માંડયા. અરદેસરે એના ધુમાડા તરફ જોતાં જોતાં કોફી પીવા માંડી.

'મ્હારે એક સવાલ પૂછવાનો છે.' પેલા નવા ગ્રાહકે જે બીજું કોઈ નહિ પણ પંડિતજી જ હતા તેમણે કહ્યું. 'આ જાતના કામ ધંધાથી તમારે રાતના ઉજાગરા તો કરવા નથી પડતાને?'

'એ શું પૂછોછો! દીકરા!' અરદેસરે લાડથી કહ્યું. 'આ કંઈ ખરાબ નથી. રાતના ઉજાગરા શાને વરે કરવા પડે! શું છે તે કરવા પડે?'

'કે કેટલાક માણસો અહિં આવીને પોતાનું ભાન ભૂલી જાય છે તેને લીધે. આ જાતનાં પીણાંને લીધે એમની તબિયત લથડી પડતી નથી ?'

'એ જોવાનું એમનું કામ છે.' અરદેસરે કહ્યું. 'આ રીતે મઝા કરવી અને તબિયત લથડવાની ફરિયાદ કરવી એ બે સાથે કેમ બને ? મરવાનું એકજ વખત છે અને જીંદગીની મઝા જે લૂંટાઇ તે ખરી.'

'અરે ! કેટલાક માણસને તો બે વખત મરવાનું હોય છે.' પંડિતજીએ જણાવ્યું. 'આવા માદક પીણાની અસર નીચે પોતાના ભેજાની કમાન છટકેલી હોવાથી કોઇનું ખૂન કરી બેસે છે એટલે એમ બને છે. સુમાત્રામાં એક મૂળિયું થાય છે એને બાલી કહે છે એ પીવાથી માણસ હેવાન બની જાય છે.'

'જોની દીકરા ! એ બધી વાતો કરવાની મ્હને ફરસુદ નથી. આપણે હવે જલદી આટોપવું જોઈએ. મ્હને મળવાને એક બાનુ આવવાનાં છે અને એવણને આપેલું એપોઈંટમેંટ મ્હારે જાળવવું જોઇએ એટલે જરા જલદી કર દીકરી !' અરદેસરે કહ્યું.

'એટલી બધી તે શી ધાડ આવી છે ! મીસ દારૂવાલા આવશે તો ખોટી થશે.'

એ સાંભળીને અરદેસરને ખૂબ નવાઇ લાગી. આ નવો બરાક આ બધું શી રીતે જાણવા પામ્યો હશે ?

'એ શી વાત કરે છે દીકરા !' અરદેશરે કહ્યું. 'એ તેં કેમ જાણ્યું ?'

'કોઇ ચકલિયું મ્હને કહી ગયું. તમારા ચંડુલખાનામાં અપાતા કોઇપણ માદક પીણા કરતાં જે મૂળિયાની હું વાત કરૂં છું તેની માદકતા તો ઓર છે. એ માણસને ભાન વિનાનો કરી મૂકે છે અને સદેહે સ્વર્ગમાં મોકલી આપે છે.'

'એની સાથે મ્હને શું કામ છે ?' અરદેસરે પૂછ્યું.

'એટલું જ કે એનો ડબલ ડોઝ તમે હમણાં પી રહ્યા છો!" પંડિતજીએ કહ્યું.

અને એ સાંભળતાં જ અરદેસર ઊઠ્યો પણ પછી શું થયું તે તેને યાદ રહ્યું નહિ. એનું માથુ ફાટી જતું લાગ્યું. ન ખમી શકાય એવી તેજરાશિઓ એની આંખોને ઝંખવી નાખતી દેખાઇ, કાન ફાટી નાખે તેવા પ્રલયકાળના પ્રચંડ અવાજો એને સંભળાતા અને બહેરો બનાવતા લાગ્યા. એની હૈયાની મુંગળામણ વધતી ચાલી, અને એને અસંખ્ય લોકો—સારોયે જનસમુહ ચીઢવતો લાગ્યો. એનું ભાન જતું રહ્યું.

આ બધુ કેટલો વખત ચાલ્યા કર્યું તેની એને ખબર પડી નહિ. જ્યારે એને જરા જરા ભાન આવ્યું ત્યારે અસહ્ય વેદના થતી હતી અને આ સ્થિતિમાં એ કેટલા વખતથી હતો તે જાણવાનું એની પાસે કંઈ પણ સાધન ન હતું. એનું માથુ સખત દુઃખતું હતું અને આંખનાં પોપચાં ઉઘાડીને જોયું તો એની નજર સફેદ છત અને ચૂનો છાંટેલી દિવાલો પર પડી. બાજુમાં જોયું તો થોડે દૂર બે બત્તીઓ બળતી હતી અને તેની બાજુમાં એક ટેબલ નજીક આરામખુરસીમાં બેઠો બેઠો એક માણસ છાપું વાંચતો હતો. એનો દેખાવ જરા વિચિત્ર હતો. અરદેસરે એને ધારી ધારીને જોયો.

'મ્હને સપનું તો નથી દેખાતું?' અરદેસર મોટેથી બોલ્યો.

'કેમ બિરાદર! તારે બેઠા થતું છે કે?'

અરદેસરે જવાબ ન આપ્યો. હજીયે એ અજાયબીમાં ગરકાવ થતો એના સામે તાકી રહ્યો હતો. પેલા માણસે પહેરેલાં કપડાં પર એની નજર હતી. એણે ખાખી ખમીસ અને અર્ધું પાટલુન પહેરેલાં હતાં. એના ખભા ઉપર એક બેજ હતો અને તેમાં 'એ' અને 'ડબલ્યુ' લખ્યા હતા.

'એ, ડબલ્યુ' એટલે શું? એવો એને સવાલ થયો. એણે

જરા વિચાર કર્યો તો એને લાગ્યું કે એ અક્ષરો 'એસીસ્ટન્ટ વૉર્ડર' નું ટૂંકું રૂપ હતું. પોતે કયાં હતો? આ જો વૉર્ડર હોય તો પોતે જ્યાં હતો તે સ્થાન જેલ તો નથી? એણે આજુબાજુ જોયું. એની નજર ભીંત ઉપર ચોટાડેલા એક કાગળ પર પડી. એમાં જેલને લગતા નિયમો છાપેલા હતા. તે ઉપરથી એની ખાત્રી થઇ કે એ પોતે નામદાર સરકારના અતિથિગૃહમાં હતો.

એણે પોતાનાં કપડાં જોયાં. એ પણ બદલાઇ ગયાં હતાં અને તેના ઉપર પણ જાતજાતનાં નિશાન હતાં. એ જેલમાં હતો. કેટલા વખતથી એ ત્યાં હતો? કયારે આવ્યો? કેમ આવ્યો? એ બધા સવાલ એના મગજમાં ઊઠ્યા.

'કેમ બિરાદર! આજે તો સીધો ચાલશે કે પાછો ગરબડ કરવાનો છે?' પેલા વૉર્ડરે પૂછ્યું. 'ગઇ કાલની પેઠે કરશે તો પાછો મ્હારે તને સીધો કરવો પડશે.'

'કેટલા વખતથી હું અહિંયાં છું?' અરદેસરે પૂછ્યું.

'તે તને ખબર નથી. આજે તો તને અહીં આવ્યે બાવીસ દહાડા થયા.'

'બાવીસ દહાડા!' અજાયબીથી અરદેસર બોલી ઊઠ્યો' 'અને શાને માટે મ્હને અહીં મોકલ્યો છે?'

'કેમ પાછી ચાલાકી કરવા માંડી કે! અદી ચિનાઇ! તને કેટલી વાર કહ્યું કે અહીં વાતચીત કરવાની સખત મનાઇ છે છતાં તુ પૂછપૂછ કરીને કંટાળો આપે છે. તારું ગાંડપણ કયારે છૂટશે. મ્હને તો એમાં બી તારો ઢોંગ લાગે છે.'

'મ્હેં એવો ઢોંગસોંગ કીધો જ નથી.'

'પણ તારું વર્તન જ એવું છે. તેં હેરાન કરવામાં બાકી નથી રાખી. જ્યારે તને ફાંસીની સજા કરી ત્યારે—'

'યા પરવરદીગાર! ફાંસીની સજા!' અરદેસરે હાથ મારી.

'શું કર્યું છે મ્હેં તે ફાંસીની સજા!'

વોર્ડર બેઠો હતો ત્યાં આગળ કેલેન્ડર ટાંગેલું હતું, એન ઉપર અરદેસરની નજર ગઇ.

'બારમી એપ્રીલ.' અરદેસરે વાંચ્યું. માર્ચ મહિનાની પહેલી તારીખે એ પેલા અજાણ્યા વેપારીને મળ્યો હતો અને એણે પેલું બાલીનું જાદુઇ મૃળિયું પોતાને પાયુ હતું તે એને યાદ આવ્યું.

એ ઊભો થયો.

'મ્હારે જેલરને મળવું છે. બધી વાત મ્હારે કહેવી છે. મ્હને કોઇએ કેફી ચીજ પાઇ હતી.'

'અરે એ વાત તો તેં પચીસ વખત કહી.' વોર્ડરે કરડા અવાજે જણાવ્યું. 'એમાં નવું છે જ શું કે પાછો કહેવા નીકળ્યો છે! તેં જ્યારે પેલી યુવતિને મારી નાખી—'

'કઇ યુવતિ?' અરદેસરે પૂછ્યું 'મીસ દારૂવાલા?'

'તને ખબર તો છે કે તેં એને મારી નાખી છે પછી પાછો શાહુ થઇને પૂછવા શાનો નીકળ્યો છે? આ બધી ધાંધલ ધરપચનો અર્થ શો? છાનો માનો સૂઇ જા અહીં ચિનાઇ! આમ ધમપછાડ કર્યે તારૂં કંઇ નહિ વળે'

'મ્હારે જેલરને મળવું છે.'

'તે નહિ બને. તારે લખવું હોય તે લખ તે હું જેલરને પહોંચાડીશ.'

અરદેસર ટેબલ પાસે ગયો. ટેબલ પર લખવાનાં સાધન અને જેલના છાપેલા નોટપેપર હતા. એના ઉપર આર્થર રોડ જેલ એમ છાપેલું હતું.

એણે ચારે તરફ દૂરથી જોયું. એની જીંદગીમાં એણે જેલમાં પગ મૂક્યો ન હતો. એણે જેલ જોઇ જ ન હતી. આ જેલ હતી? એ આજુબાજુનો દેખાવ જોઇને ઠંડો થયો.

એને કંઈક વિચાર આવ્યો અને પૂછ્યું.

'મ્હારી સજાનો અમલ ક્યારે થવાનો છે?'

'આવતી કાલે.'

અને એ સાંભળતાંજ એની સઘળી શક્તિ હરાઈ ગઈ. એણે ટેબલ ઉપર પોતાની હથેળીમાં માથું મૂકી દીધું અને મોટેથી રડી પડ્યો. થોડીવારે એને કાંઈ વિચાર આવ્યો. એણે રોવું બંધ કરી બનતી ઝડપે એક અરજી તૈયાર કરી.

પણ એમાં કોઈ વાતનું ઠેકાણું ન હતું. એમાં એણે લખ્યું હતું કે કોઈ અજાણ્યો માણસ મંડલમાં આવ્યો અને એણે પોતાને કોઈ કેફી ચીજ પાઈ. પછી તો એની આંખે રાતાં પીળાં થવા લાગ્યાં અને ભાન ગુમાવ્યું. એ પોતે ગુન્હેગાર હતો જ નહિ. એ મીસ દારૂવાલાને ચાહતો હતો અને એની સાથે લગ્ન કરવાનો હતો. એણે મીસ દારૂવાલાને મારી નાખી ન હતી. એના ઉપર આવેલું તહોમત ખોટું હતું. પણ એ આખીયે અરજીની લખાવટ અને ભાષામાં ઘણી ભૂલો હતી અને અનેક અસંબદ્ધતા હતી.

વળી એને કોઈ યાદ આવ્યું અને એ ઝાર ઝાર રડ્યો. મીસ દારૂવાલાને એણે મારી નાખી! કેવું કરપીણ! કેવું અજુકતુ! એ બનેજ કેમ? એનો એક વાળ પણ એ પોતે શી રીતે વાંકો કરી શક્યો તેજ એના ભેજામાં ઉતર્યું નહિ. હજીયે એ પેલા ઘેનની અસરમાં તો નથી ને? આ બધું એ ઘેનને લીધે તો નથી જણાતું ને? પોતાનો અંગુઠો એણે મોઢામાં નાખ્યો અને બચકું ભર્યું. બચકું ભરતાં એ બૂમ પાડી ઊઠ્યો!

'એય અદી! એ શું કરે છે?' વોર્ડરે બૂમ મારી. 'ચાલ સુઈ જા. પાછું ગાંડપણ આવશે.'

અરદેસરે પોતાનો અંગુઠો જોયો. એના પર પડેલા દાંતનાં નિશાન જોયાં! ખરેખર એ સ્વપ્નુ જોતો ન હતો પણ બધી

વાત ખરી હતી. અરે પરવરદેગાર! કેટલી બધી કમનસીબની વાત! આ બધુ સાચું-તદ્દન સાચું હતું કે આવતી કાલે એને ફાંસીને માંચડે ચઢાવવાનો હતો!

એનું મગજ ભમવા લાગ્યું. એ પથારીમાં પડ્યો. એનુ ભાન જતું રહ્યું. એ ઊંઘી ગયો.

અને એ ઊઠ્યો ત્યારે પેલા વૉર્ડરે એને કહ્યું કે: 'અદી! આજે તને ફાંસી અપાશે.

એ સાંભળીને એ બૂમ મારી ઊઠ્યો. પણ વૉર્ડરની ધમકીથી એણે એનાં કપડાં બદલ્યાં.

'કેમ બિરાદર! હવે તો તૈયાર થયોને! ચાલ હવે તને ફાંસી દેવાને લઈ જવો પડશે.'

'યા પરવરદેગાર!' એ બોલી ઊઠ્યો.

'તે અત્યાર સુધી ક્યાં વિસરી ગયો હતો? તું તો ચંડુલખાનું ચલાવે છે ને? તારા કેટલાય ઘરાક અહીં આવી ગયા. તારા કરતાં તો એ બધા બહાદુરીથી ફાંસીએ ચઢી ગયા હતા. તું આવો બાયલો ક્યાંથી? મરવું તો એકજ વાર છે ને! એમાં ડરી શાને જાય છે? ચાલ તૈયાર થા. હમણાં તને તેડવા આવશે.'

થોડીવાર પછી એક રાતી દાઢીવાળો સિપાઈ આવ્યો. એણે અને વૉર્ડરે થઈને અરદેસરના હાથ એની પાછળ રખાવ્યા અને બેઉ હાથને દોરડાથી બરાબર બાંધી લીધા.

પછી બત્તી બંધ કરી એના મોઢા પર કાળી કોથળી ચઢાવી એને લઈ ચાલ્યા.

એની આજુબાજુ અનેક પ્રકારના અવાજ થતા સંભળાયા. એનું લોહી ઠરી જતું લાગ્યું એનાં પાપ પોકાર કરીને બોલતાં લાગ્યાં.

બે બાજુ બે જણે એને ઝાલ્યો અને એને બહાર લઈ

ચાલ્યા. એને ખૂબ ચલાવ્યો. એની શક્તિ હરાઇ ગઇ હતી. એનાથી ચલાતું ન હતું છતાં ચાલ્યા સિવાય એનો છૂટકો ન થયો.

પેલા બેઉ જણે એના ખભા છોડી દીધા. એ થરથર કંપતો હતો. એના સાંધા ઢીલા થઇ ગયા હતા. હાંજા ગગડી ગયા હતા.

'અહિંયાં જ ઊભો રહેજે.' કોઇએ એને હુકમ કર્યો અને એના ગળાની આજુબાજુ દોરડું વીંટાયું.

એ ઊભો જ રહ્યો. કેટલીકવાર તે તો એને સમજાયું નહિ પણ જુગના જુગ વીતી ગયા હોય એમ એને લાગ્યું. પણ તેનું એને મન કૈં ન હતું. એ મૃત્યુને પંથે હતો.

એવામાં એને કાને ધપધપ કરીને કોઇ આવતું હોય એવો અવાજ સંભળાયો. કોઇએ એને પકડયો અને ઢંઢોળ્યો.

'હો શેઠ સાહેબ! હે તુમી કરતાત કાય!' અને એણે અરદેસરને ગળેથી કોથળી ખેંચી કાઢી.

'કાય - હાથ તરી બાંધલેલા આહે! તુમચ્યા સારખ્યા પાંઢરા કેશાંચા મ્હાતારાચી હી હકા કોણી કેલી!'

અરે તારી! આ શું બકે છે? અરદેસરે આંખ ઉઘાડીને જોયું તો એ જાહેર રસ્તા ઉપર ઊભો હતો, અને એનો ખભો ઝાલીને ઢંઢોળનાર બીજો કોઇ ન હતો પણ પોલિસનો સિપાઇ હતો.

અરદેસર ચિનાઇએ પોતાના 'પાંઢરા કેશ' અને 'મ્હાતારા'ની ગણતરીની વાત અજાયબીથી સાંભળી.

એનો એકે એક વાળ સફેદ થઇ ગયો હતો.

*　　　*　　　*

ફક્ત સાત જ કલાક! એટલા ટુંકા વખતમાં અરદેસર ચિનાઇના વાળ કાળા ભમ્મરમાથા સફેદ રૂપેરી થઇ ગયા. એને માથે દુઃખના ડુંગર ખડકાઇ ગયા હતા. એને એનાં કર્યાં

કર્મની સજા મળી ચૂકી હતી.

પંડિતજીએ એની કોફીમાં માદક દ્રવ્ય નાખ્યું હતું અને તેની અસરથી એણે ભાન ગુમાવ્યું હતું. તે પછી ભોયરાને રસ્તે પંડિતજી એને પેલા ગેરેજમાં લઇ આવ્યા હતા અને રામરાય બક્ષીની ભલમનસાઇથી મેળવેલાં સાધનો: જેલના નિયમો—નોટ પેપર, કપડાં—મેજ વગેરેની મદદથી અને તારીખો ફેરવીને ધારી અસર ઉપજાવી શકયા હતા. આ કરૂણા રસિક નાટકમાં પંડિતજીના મદદનિશ તરિકે કામ કરવાનું માન સેવકને મળ્યું હતું.

અરદેસર ચિનાઇએ ચંડુલખાનું બંધ કર્યું છે. એટલું હવે ઉમેરવાનું રહે છે.

☆

સંગીતનો શોખ

મી. લલ્લુભાઇ મ્હેતાને સંગીતનો શોખ પણ વિચિત્ર પ્રકારનો હતો અને એમનું માનીતું ગીત મેઘાણીનું 'ભેટે ઝુલે છે તરવાર' એ રેકર્ડનું હતું. એમના ગ્રામોફોન ઉપર કાન ફાડી નાખે એવા બસુરા અવાજથી ગવાતી ઇંગ્રેજી સંગીતની રેકર્ડોથી તો એમના પાડપાડોશી એટલા બધા કંટાળી ગયા હતા કે માત્ર એટલા ખાતર શરૂઆતમાં એ લોકોએ પોલિસને અરજી કરી, પછી લલ્લુભાઇને વકીલોની નોટીસો આપી અને છેવટે કોર્ટે ધસડ્યા.

અલબત, એ પણ વિચિત્રતા હતી કે લલ્લુભાઇ જેવો ભલો અને માયાળુ માણસ આ રીતે પોતાના પાડપાડોશીની લાગણીની જરા પણ દરકાર કર્યા સિવાય અધરાત મધરાતને વખતે મીલના ભુંગળા જેવા ભેંસાસુર અવાજે પોતાનું મોટું ગ્રામોફોન વગાડે અને તેના ઉપર પણ કાન ફાડી નાખે તેવાં

એંડની રેકર્ડ એક વાર નહિ પણ વારંવાર વગાડે અને એમની ઊંઘમાં ખલેલ કરે. એના ગ્રામોફોનમાં એવી ગોઠવણ હતી કે રેકર્ડ વાગી રહે એટલે હાથો ઉંચકાય અને રેકર્ડની ફરી શરૂઆત થાય એવી રીતે ગોઠવાય. એ રીતે એકની એક જ રેકર્ડ કલાકના કલાક સુધી વાગ્યા જ કરે, કારણ કે એ ગ્રામોફોન વિજળીની મદદથી ચાલતું હતું.

અને લલ્લુભાઈનો બચાવ એટલો જ હતો કે એ એક જ ઉપાય એવો હતો કે જે અજમાવાથી એના સ્નાયુઓ શાંત થતા અને એને પોતાને ઊંઘ આવતી. અલબત્ત ગામ આખાની ઊંઘને ભોગે એ ઊંઘ આવતી હતી એટલે એને ના છૂટકે ઊંઘને માટે એનો આશરો લેવો પડતો હતો.

અને લલ્લુભાઈની ભલમનસાઈની સાખ તો ઘણાં જણ પુરે એમ હતાં. લલ્લુભાઈ સીનેમાના એજંટ હતા. એમના હાથ ઉપર બરમા અને સિલોનની સારી સારી કંપનીઓ હતી. એમને એ આર્ટિસ્ટો અને નટીઓ પૂરી પાડતા હતા. એમનું નામ મશહુર હતું અને એ ઉપરાંત એ બેઉ દેશનાં કેટલાંક નાનાં મોટાં થિએટરો અને મોજ મઝનાં સ્થાનોમાં તેઓ હિત સંબંધ ધરાવતા હતા.

જાણીતાં નટ કે નટીઓ ઉપરાંત અનેક સાધારણ નટીઓને અથવા એ રીતે કામ કરવા ઇચ્છા રાખનાર સ્ત્રીઓ કે કુમારિકાઓને એમણે એ બેઉ દેશમાં મોકલાવી હતી. એમનાં નામ અલબત્ત જાણીતાં થયાં ન હતાં પણ એમની પસંદગી એમના સૌંદર્યને આધારે કરવામાં આવી હતી અને તે ઉપરાંત એ પણ જોવામાં આવ્યું હતું કે એમને સગાં વહાલાં કે બીજા ત્રીજાં લફરાં ન હતાં.

પોતાના કામમાં લલ્લુભાઈની ચોકસાઈ ભારે હતી. એ સામાને આંજી નાખવા પ્રયત્ન કરતા અને તેમાં તેઓ

સફળ થતા.

'એની તે શી વાત થાય! એ તો ભારે સુંદર પ્રદેશ છે.' એ નોકરીની ઉમેદવાર કોઇ નટીને કહેતા. 'અને તમને ત્યાં આગળ પડવાના એટલા બધા ચાન્સ છે કે તમે ખુશ ખુશ થઇ જાવ પણ સવાલ એ છે કે તમારા જેવી યુવાન બાળાને મ્હારે એટલે દૂર મોકલવી કે કેમ તેની મ્હને મડભાંગ થાય છે. અલબત્ત, તમને ત્યાં મોટો પગાર તથા રહેવા ખાવાની સંપૂર્ણ સગવડ આપવામાં આવશે. તમારે કોઇ સગાં વહાલાં છે કે?'

અને જવાબમાં એમ ખબર પડે કે ભાઇ છે કે બાપ છે અથવા મા છે તો લલ્લુભાઇ ધીરે રહીને કહી દેતા કે 'હરકત નહિ, આવતી કાલે તમને હું જવાબ આપીશ. તમારૂં સરનામું આપી જાવ' અને પછી લખી નાખતા કે 'અમે તારથી પૃછાવી જોયું પણ કંપની અહીંથી કોઇને મોકલવા બાબત ના પાડે છે. એમણે ઘટતી ગોઠવણ ત્યાંથીંજ કરી લીધી છે. તમને નિરાશ કરવા બદલ દિલગીર છીએ.'

પણ આમ વાતચીતમાં લલ્લુભાઇની ખાત્રી થાય કે આવનાર ઉમેદવારનું કોઇ સગું વહાલું કે સંબંધી નથી અથવા એની પૃછપરછ કરે એવું કોઇપણ જાતનું લફરૂં નથી તો તેઓ એને હા પાડતા અને તરત જ ઘટતું લખાણ કરી તેના ઉપર સહી લેતા અને બીજીજ સ્ટીમરમાં એને બીજા વર્ગનો પેસેજ કઢાવી આપીને રવાના કરી દેતા. આવી એમણે અનેક કલાકારોને નોકરી આપી હતી અને બરમા અને સીલોનનાં મોજ મજાનાં ધામોમાં તેમને રવાના કરી હતી. એમાંનાં ઘણાં ખરાં અનીતિનાં ધામો હતાં પણ લલ્લુભાઇને એ વાત સાથે નીસ્બત ન હતી.

કેટલીક વખત એમ પણ બનતું કે લલ્લુભાઇને છેતરનાર પણ આ રીતે મળી આવતું. એમની પરીક્ષામાં પસાર થઇને જાય અને પાછળથી કોઇ સગું વહાલું ફુટી નીકળે. લલ્લુભાઇને

મળે અને એમને પૂછી પૂછીને કંટાળો આપે.

આ રીતે મોટે ભાગે પારસી, દેશી ખ્રીસ્તી કે એંગ્લો ઇંડિયન કુમારિકાઓ અથવા સ્ત્રીઓ નોકરી લેવા આવતી અને લલ્લુભાઇનાં કારસ્તાનનો ભોગ થઇ પડતી.

એક દિવસ લલ્લુભાઇ પોતાની ઑફિસમાં બેઠા હતા અને સિગારેટના ધુમાડા કાઢતા હતા એવામાં એક મોટી ઉમરના પારસી ગૃહસ્થ આવ્યા અને એમણે પોતાની દીકરી માટે તપાસ કરવા માંડી.

'આલુ દાવર!' લલ્લુભાઇએ વિચાર કરીને કહ્યું. 'નામ તો જાણીતું લાગે છે.'

એમણે ચપરાસીને બોલાવ્યો અને કેટલીક ફાઇલો મંગાવી. તે જોતાં એમણે કહ્યું: 'જુઓને મી. દાવર! અમારે ત્યાં એટલી બધી અરજીઓ આવે છે કે એ બધાંનાં નામ યાદ રાખવાં મુશ્કેલ થઇ પડે છે.'

'હારે બાવા!' મી. દાવરે જણાવ્યું. 'ખરી વાત છે. આલુ આ રીતે દેશાવર ગઇ હશે એની તો મ્હને ખબરજ ન ન હતી પણ એની કોઇ સહીમીતિ પાસેથી ખબર પડી કે એ તમારે ત્યાં આવી હતી અને તમેજ એને કેશે મોકલી આપી હતી.'

'એમ! એવણે તમોને કહેલુંજ નહિ કે એ પોતે પરદેશ જતાં હતાં?' લલ્લુભાઇએ પૂછ્યું.

'નારે ના! જરાબી નહિ.'

એવામાં લલ્લુભાઇને જોઇતા કાગળો મળ્યા એટલે એમણે કહ્યું: 'આલુ દાવર! આ રહી એની અરજી. હવે મ્હને યાદ આવે છે. એવણે તો મ્હને કહેલું કે એ પોતે અનાથ હતાં.'

'સદંતર ખોટું! એના મનમાં એમ હશે કે એના બહાર ગામ જવાની વાતનો હું વિરોધ કરીશ. પણ હોશે બાવા! જે થવાનું હતું તે થઇ ગયું! એ જ્યાં હશે ત્યાં હવે એને કાગળ

લખીશ અને એ સુખી છે એમ જાણીને મ્હને સંતોષ થશે. એનું સરનામું મ્હને આપશો?'

લલ્લુભાઇએ ફાઇલ બાજુએ મૂકતાં જવાબ આપ્યો:

'એવણનું હાલનું સરનામું મ્હારી પાસે નથી પણ તમારે જે કાંઇ લખવું હોય તે લખીને મ્હને મોકલી આપશો તો તે એવણને મળે એવી ગોઠવણ હું ખુશીથી કરીશ. અમે તો અહીંથી એક વખત બરમા કે સિલોન મોકલી આપીએ અને અમારા એજંટોને ભલામણ કરીએ પછી તેઓ ગમે ત્યાં એ લોકોને ઠેકાણે પાડે એટલે એ બધાનાં સરનામાં અને ક્યાંથી છૂટા થઇને ક્યાં કામે લાગ્યાં એની નોંધ અમારે ત્યાં ન રહી શકે. તમે સમજ્યાને સાહેબ!'

'હા બાવા!' મી. દાવરે કહ્યું.

'જુઓને, એવણની ફરજ હતી કે બહાર જતાં પહેલાં આપને ખબર આપવી જોઇએ.'

'ખરી વાત છે. તકલીફ માફ કરજો.' કહીને મી દાવરે રજા લીધી.

મી. દાવરના ગયા પછી લલ્લુભાઇને મળવા એક એંગ્લો ઇંડિયન કુમારિકા આવી. એને પોતાને સિનેમા લાઇનનો થોડો અનુભવ હતો. લલ્લુભાઇએ એને આસ્તે આસ્તે બધું પૂછવા માંડ્યું.

'તમારા પરદેશ જવા બાબત તમારાં માબાપનો શો અભિપ્રાય છે? એવણને એ પસંદ છે?'

'મ્હારે મા કે બાપ નથી. એવણ હું ન્હાની હતી ત્યારનાં ગુજરી ગયાં છે.'

'પણ ભાઇ હશે-એવણનો અભિપ્રાય—'

'ભાઇ પણ નથી.' એણે જવાબ આપ્યો. 'મી. મ્હેતા! તમને જાણીને નવાઇ લાગશે પણ ખરી વાત તો એ છે કે મ્હારે કોઇ સગું વ્હાલુંજ નથી. તમે મ્હને બરમા મોકલી આપશોને?

મ્હને મોકલાવોને!'

'હારે! લલ્લુભાઇ શા માટે ન મોકલે? આવાં સહ્દર બિલ્લુઓ તો એમને સારી કમાણી કરાવતાં.

'હું તમને કાલે જવાબ લખીશ.' લલ્લુભાઇએ જણાવ્યું.

'મ્હને નિરાશ નહિ કરતા.'

લલ્લુભાઇએ હસીને જણાવ્યું: 'તમારે માટે જરૂર ગોઠવણ કરીશું મીસ પરેરા! એ બાબત જરાપણ ચિંતા કરશો નહિ. આવતી કાલે તમને ખબર આપીશ અને કરાર તૈયાર કરાવીશ. તમે અહીં આવીને સહી કરી જજો.' અને પછી પગાર વિગેરે નક્કી થયું.

મીસ પરેરાના આનંદનો પાર રહ્યો નહિ. એ ખુશ થતી થતી બહાર ગઇ શુ એનું નસીબ બુલંદ હતું! એને કેવી સરસ નોકરી મળતી હતી! અહિંના કરતાં ત્રણ ગણો મોટો પગાર અને વળી ભવિષ્યમાં જાણીતા સ્ટાર તરિકે આગળ પડવાની સોનેરી તક! કેટલું સરસ! આ શુભ સમાચાર કોઇને પણ કહેવાને એ તલપાપડ થઇ રહી હતી કોઇપણ ઓળખીતું, કોઇ-પણ ભલી લાગણી બતાવનાર મળે તો તેને આ આનંદના સમાચાર જણાવવા એ થનગની રહી હતી

ટાઉન હૉલ સામેના બાગ આગળ તેને એવા એક ગૃહસ્થનો ભેટો થઇ ગયો. અલબત્ત, એનો પગ લપસ્યો અને એ પેલા ગૃહસ્થ ઉપર પડી.

'માફ કરજો.' એણે હસતાં હસતાં કહ્યું.

'હરકત નહિ, તમને વાગ્યું તો નથી ને?' એણે લાગ-ણીથી પૂછ્યું. 'પરદેશમાં મોટી નોકરી મળવાથી ભારે ખુશ મિજાજમાં કોઇ જતું હોય તેમ તમે પણ જતાં હતાં'

એ સાંભળીને મીસ પરેરાની નવાઇનો પાર ન રહ્યો.

'એની આપને શી રીતે ખબર પડી?'

'એ હું જાણું છું એટલું કહું તો પુરતું થશે.'

'આપની વાત ખરી છે. મ્હને એ સોનેરી તક સાંપડી છે. તમે પણ એ લાઇનમાં છો?' એણે પૂછ્યું.

'નાજી હું સિનેમાની લાઇનમાં નથી. પણ તમે જ્યાં જવાના છો તે દેશનો મ્હને સારો અનુભવ છે. એ વિષે તમારે કાંઇ પણ જાણવું કે વાંચવું હોય તો—'

'આપની પાસે એને લગતું સાહિત્ય છે?'

'પુષ્કળ. આપની ઇચ્છા હોય તો મોકલી આપું.'

'જરૂર જરૂર. આપની મોટી મહેરબાની. આ મ્હારૂં સરનામું. કૃપા કરી જલદી મોકલી આપશો.'

'આવતી કાલેજ. તમને બધીયે જરૂરી માહિતી એમાંથી મળી રહેશે.'

'મોટી મહેરબાની.'

અને પંડિતજીએ રજા લીધી. મીસ પરેરા સાથે આ રીતે ઓળખાણ કરનાર બીજું કોઇ નહિ પણ પંડિતજી હતા. એમને એનું સરનામું જોઇતું હતું અને એની સાથે ઓળખાણને બહાને સંબંધ વધારવો હતો.

'નટવર! સારૂં થયું કે એના એક શિકાર સાથે આ રીતે ભેટો થઇ ગયો!' પંડિતજીએ મ્હને જણાવ્યું.

'તમે પોતે લલ્લુભાઇને મળ્યા કે નહિ?' મ્હેં પૂછ્યું.

'હાસ્તો. મીસ પરેરા પાસેથી હું લલ્લુભાઇને મળવા ગયો. એની પાસે નોકરીના ઉમેદવાર તરિકે હું રજુ થયો અને એની સાથેની વાતચીતમાં મ્હને એ ઘણો જ પક્કો અને ખંધો લાગ્યો.'

'કાયદેસર એની સામે કામ ચલાવી શકાય એવું કાંઇ છે ખરૂં?'

'નારે ના! નટવર! જરા પણ નહિ. એતો પોતાનો ધંધો ઉઘાડેછોગે કરે છે અને એના હાથ ઉપર કેટલીક સારામાં

સારી કંપનીઓ તથા થીએટરો છે અને તેમને એણે નટ, નટીઓ તથા આર્ટિસ્ટો પૂરાં પાડ્યાં છે. ગમતની વાત એ છે કે એણે પોતાની આબરૂ જમાવી છે અને સાથે સાથે એ આ ધંધો કરે છે. ઇમ્પીરીયલ બેંકનો મુખ્ય કેશીયર જો ફોર્જરી—બનાવટી સહી કરે તો તે એવી સીફતથી કરે કે એ પુરવાર કરવું મુશ્કેલ થઇ પડે. એવીજ રીતે એ પણ એવી કુનેહથી પોતાનું કામ કરે છે કે એને કાયદાની ચુંગાલમાં ફસાવવો એ અસંભવિત છે. મી દાવર નામના એક વૃદ્ધ પારસી ગૃહસ્થ સાથે પણ મ્હારો મેળાપ થયો હતો. એમની દીકરીને લલ્લુભાઇએ પરદેશ મોકલાવી છે તેની તપાસ કરવા તેઓ લલ્લુભાઇ પાસે ગયા હતા. એમની વાત સાંભળીને લલ્લુભાઇને નવાઇ લાગી હતી કારણ કે પોતાનાં કોઇ સગાં કે માબાપ હોવાની મીસ દાવરે ના પાડી હતી. આવી સગાં સંબંધી વિનાની સ્ત્રીઓ કે કુમારિકાઓ તો લલ્લુભાઇને મન સોનાની ચલ્લીઓ છે.'

'લલ્લુભાઇએ મી. દાવરને એમની દીકરીનું સરનામું આપ્યું ?'

પંડિતજીએ ખભા હલાવી કહ્યું: 'બરમા જેટલા વિશાળ પ્રદેશમાં એ ક્યાં હશે તેની લલ્લુભાઇને પણ ખબર નહિ હોય! નટવર! એનો આખો ધંધો ઘણો ભયંકર છે!'

'પણ એનો પાર પામ્યે જ છૂટકો.'

'ભલે! મીસ પરેરા સાથે હું પણ સિલોન ઉપડી જઇશ અને ત્યાં એની શી સ્થિતિ થાય છે તે જોઇ આવીશ એટલે આપણી સંપૂર્ણ ખાત્રી થશે.' પંડિતજીએ જણાવ્યું.

'ભલે.'

અને પંડિતજી અમારી ગોઠવણ મુજબ સિલોન જવા ઉપડી ગયા. જે સ્ટીમરમાં મીસ પરેરા સિલોન ગઇ તેજ સ્ટીમરમાં એ પણ ગયા. એમને જોઇને મીસ પરેરાને નવાઇ લાગી.

મીસ પરેરા અનેક ગુલાબી સ્વપ્ન સેવતી હતી. ઉજળા ભાવિની આશાએ એનો આનંદ સમાયો સમાતો ન હતો. સ્ટીમર ઉપર પંડિજીએ એની સાથે અજાણ્યા જેવો વર્તાવ રાખ્યો તે એને ગમ્યું નહિ; એ પોતાના વિચારમાં મશગુલ હતી એટલે એ વાતની એણે દરકાર કરી નહિ.

સિલોનમાં છેક મધ્ય પ્રદેશમાં એને મોકલવામાં આવી. એને 'લા પ્લાઝા' નામના થીએટરમાં કામ કરવાનું હતું

એ થીએટર તો નામનું જ હતું. એમાંની કામગિરી ઉપરાંત બીજી પણ કેટલીક ફરજો એને માથે ધીરે ધીરે નાખવામાં આવી હતી, અને તે એને અણગમતી હતી.

એના ઉપર એ ફરજોને અંગે સખ્તાઇ થવા લાગી. એ કંટાળતી પણ એના કંટાળાની કોઇને દરકાર ન હતી.

'મીસ પરેરા! ગઇ કાલે તમે જે રીતે વર્ત્યાં અને પેલા ઇટાલીઅન ગૃહસ્થનું અપમાન કર્યું તે કોઇપણ રીતે ચલાવી નહિ લેવાય—એ પણ અમારા એક માનવંત ગ્રાહક છે. એને સંપૂર્ણ સંતોષ આપવો એ તમારી ફરજ છે.' એના ઉપર દબાણ થયું.

'એ નહિ બની શકે.'

'જરા મ્હોં સંભાળીને બોલો. તમારૂં વર્તન તદ્દન ઉદ્ધત છે અને તેને માટે ઘટતી સજા કરવી પડશે.'

'મ્હારે અહિંયાં રહેવું નથી. હું તરતજ મુંબાઇ જવા માગું છું.'

'એમ કે! ભેજામાં ખૂબ રાઇ ભરેલી લાગે છે!'

એમ કહીને 'લા પ્લાઝા' ના મેનેજરે મીસ પરેરાનો હાથ પકડયો અને એના ખંડમાં લઇ ગયો. એ ખંડમાં મીસ પરેરાને પુરીને એણે બહારથી દરવાજો બંધ કર્યો: એણે એવા તો ભયંકર શબ્દોમાં મીસ પરેરાને ધમકી આપી કે તે સાંભળીને એ બ્હીકની મારી સફેદ પુણી જેવી થઇ ગઇ.

છેક મોડેથી એને છૂટી કરવામાં આવી. થિએટરમાં પોતાની કામગિરી–નૃત્ય સમારંભ–પતાવીને એ પોતાના ખંડમાં આવી.

એ રડી. ખૂબ રડી. એને મુંબાઇ યાદ આવ્યું. એ પોતાના નસીબને દોષ દેવા લાગી.

રડી રડીને એની આંખો સુજી આવી.

એટલામાં કોઇ એના ખંડનું બારણું ખખડાવતું હોય એવો અવાજ આવ્યો.

'મીસ પરેરા!' કોઇએ એને બોલાવી.

એણે બારણું ઉઘાડ્યું. રાતનો એક વાગ્યો હતો. ચારે તરફ સુમસામ હતું.

'મીસ પરેરા! જલદી ચાલો. હું તમને અહીંથી છોડાવવા આવ્યો છું.' આવનાર વ્યક્તિએ કહ્યું.

મીસ પરેરાએ આવનાર વ્યક્તિને ઓળખી. એ પંડિતજી હતા. એમને જોઇને મીસ પરેરાને હિંમત આવી. એ તરત જ અવાજ ન થાય એ રીતે ચાલી નીકળી.

સાઠ માઇલની મોટરની મુસાફરી કર્યા પછી તેઓ રેલ્વે સ્ટેશને પહોંચી શકયાં.

મીસ પરેરા પોતાનું દુઃખ રડી. એણે બે મહિનામાં જે જે નર્કયાતના ભોગવી હતી તે પંડિતજીને તેણે ટુંકામાં જણાવી. એનાં સ્વપ્નાં સરી પડયાં હતાં. આશાઓ ઓસરી ગઇ હતી અને દુઃખનો દાવાનળ એને માથે તૂટી પડયો હતો.

અને બનતી ઉતાવળે પંડિતજી મીસ પરેરાને મુંબાઇ લઇ આવ્યા.

જયંત પણ લાંબી મુસાફરીએથી પાછો ફર્યો હતો. અમે ત્રણે જણ મળ્યા. લલ્લુભાઇનાં પરાક્રમો અમે જયંતને જણાવ્યાં.

'એની સામેનો પુરાવો તમે લઇ આવ્યા ખરૂંને!' એણે પંડિતજીને કહ્યું.

'આપણને સંતોષ થાય એવો એ પુરાવો છે.' પંડિતજીએ જણાવ્યું. 'પણ ન્યાયની અદાલતમાં લલ્લુભાઇને ગુન્હેગાર તરિકે પુરવાર કરવાને એ પૂરતો નથી. અલબત્ત, લલ્લુભાઈના હાથના લખેલા કેટલાય કાગળો મ્હેં સિલોનમાંથી મેળવ્યા છે અને તે એનો ધંધો પુરવાર કરવા પુરતા છે પણ એનાથી લલ્લુભાઇને મોસાળમાં ન મોકલી શકાય.'

'એટલે એને સજા કરવાનું ન્યાયની અદાલતને સોંપવા કરતાં આપણે હસ્તક રાખવું પડશે.' જયંતે કહ્યું.

'એમજ.' પંડિતજીએ અનુમતિ આપી.

'કાયદાનો લાંબો હાથ પણ જ્યાં ન પહોંચી શકે અને જે ગુન્હેગારને સજા ન કરી શકે તેને ઘટતી સજા કરવનું આપણે માથે લીધું છે એટલે લલ્લુભાઇને આપણે ઘટતી સજા કરવી જોઇએ.'

'ઠીક.'

અને અમે એ કામ પંડિતજીને સોંપ્યું.

એમણે લલ્લુભાઇના રહેઠાણની આજુબાજુનાં ઘરની તપાસ કરી, એના સંગીતના શોખ માટે એમણે ખૂબ સાંભળ્યું.

એમણે જાતે એનું સંગીત–એનો ફોનોગ્રાફ–એની એકની એક રેકર્ડ અનેક વખત વાગતી સાંભળી એનો કાન ફાડી નાખે એવો અવાજ સાંભળ્યો.

આજુબાજુ ચારે તરફ લલ્લુભાઇએ પાડોશીઓની સહાનુભૂતિ ગુમાવી હતી

અને એ અરસામાં પંડિતજીનો પોલિસ સાથે ભેટો થઇ ગયો.

'કેટલો કર્કશ અવાજ છે!' એમણે કહ્યું. 'આજુબાજુના

લોકો શી રીતે ઊંઘી શકતા હશે?'

'લોકો ટેવાઇ ગયા છે બાકી એમણે ઘણી ફરિયાદ કરી હતી.' પોલિસના સિપાઇએ જણાવ્યું. 'આ માણસને આ જાતની કુટેવ પડી છે અને રોજ ને રોજ આવા ભેંસાસુર અવાજે એકની એક રેકર્ડ વગાડે રાખે છે, અને તે પણ અટક્યા સિવાય વાગ્યેજ જાય છે.'

'આખી રાત એમ વાગે છે?'

'ના રે! એકાદ કલાક. કહે છે કે એ સાંભળ્યા સિવાય એને ઊંઘજ આવતી નથી.'

'એ પણ ઠીક!'

બીજે દિવસે પંડિતજીની તપાસમાં જણાયું કે લલ્લુભાઇને ત્યાં ચાર માણસ કામ કરતા હતા અને તેમાંના ત્રણ તો એજ મકાનમાં સુતા હતા. શુક્રવાર સિવાય લલ્લુભાઇ સાધારણ રીતે દસ વાગે પોતાને ઘેર આવી જતા. શુક્રવારે એ બહારગામ જતા હતા અને શનિવારે પાછા ફરતા હતા. લલ્લુભાઇના નોકરોને વારા ફરતી જવાની છૂટ હતી. પંડિતજીએ ખૂબ વિચાર કરીને પોતાની યોજના નક્કી કરી. એમણે શુક્રવારનો લાભ લેવાનું ઠરાવ્યું.

શુક્રવારે લલ્લુભાઇને 'ફલાઇંગરાણી' માં સુરત જતા જોયા અને પંડિતજીએ લલ્લુભાઇને ઘેર ટેલીફોન કર્યો.

'હેલાવ! કોણ મગન કે?' એમણે લલ્લુભાઇના કારભારી જેવા અવાજે કહ્યું.

'હાજી.' સામેથી જવાબ મળ્યો.

'હું માણેકલાલ.' પંડિતજીએ કહ્યું. 'શેઠ સાહેબ આજે સુરત નથી જવાના પણ મોડેથી ઘેર આવશે ઘણું મોડું થશે. સમજ્યોને! અને બીજું કહું: આજે તમારે બધાને રજા છે.'

અને આ જાતની સૂચના પહેલી વખત નહોતી મળતી.

મગન અને બીજા નોકરો શેઠ સાહેબના આવા હુકમો માટે ટેવાયલા હતા. અવારનવાર એમ બનતું હતું અને એવા હુકમો લલ્લુભાઇ અથવા માણેકલાલ તરફથી એમને મળતા હતા.

'મ્હારૂં પણ કામ નથી?' મગને પૂછ્યું.

'નારે, તું પણ જજે.' પંડિતજીએ કહ્યું. 'શેઠ સાહેબે કહ્યું છે કે કોઇનું પણ કામ નથી. હંમેશની ગોઠવણ મુજબ બાજુની ગલીને દરવાજે તાળું લગાવજે. એની ચાવી શેઠ સાહેબ પાસે છે.'

'બહુ સારૂ સાહેબ!' મગને જણાવ્યું.

અને પંડિતજીએ ટેલીફોન પરથી સીધા તાર ઑફિસમાં ગયા અને લલ્લુભાઇને નીચે પ્રમાણે તાર કર્યો.

'મીસ આલુ દાવરનો એના બાપે પત્તો મેળવ્યો છે. એણે બધો સ્ફોટ કર્યો છે. પોલિસ તપાસ શરૂ થઇ ગઇ છે. ઘણી ઉપયોગી વિગતો મળી છે. માટે તરતજ પાછા ફરો. તમારા રહેવાના મકાનમાં રાહ જોતો બેઠો છું.—માણેકલાલ.'

અને એ તાર લલ્લુભાઇને પાલણપુરમાં 'ફલાઇંગ રાણી' ઉભી રહે કે તરતજ આપવામાં આવે એવી એમણે ગોઠવણ કરી.

લલ્લુભાઇને તાર મળે કે તરતજ તેઓ પાછા ફરશે એવી પંડિતજીની ગણતરી હતી.

પંડિતજી ત્યાંથી પ્રિન્સેસ સ્ટ્રીટના અમારા રહેઠાણમાં આવ્યા અને અમને બધી વાત કરી.

એમની યોજના મુજબ મ્હારે એમની સાથે લલ્લુભાઇને ઘેર જવાનું હતું.

અમે બેઉ વખતસર ત્યાં પહોંચી ગયા. એમના મકાનના તાળાની ચાવી પંડિતજી પાસે હતી—એમણે એ શી રીતે મેળવી એ પણ કોયડો હતો!—એટલે અમને મકાનમાં દાખલ થતાં તકલીફ નડી નહિ. પંડિતજીએ કરેલી સૂચના પ્રમાણે બધા નોકરોને

રજા મળી હતી એટલે મકાનમાં કોઈ હતું નહિ

અમે એનું પેલું ગ્રામોફોન જોયું. એનો એક તાર એના સૂવાના પલંગ સુધી જતો હતો અને ત્યાં આગળ એક બટન હતું. લલ્લુભાઈને આ ભેંસાસુર સંગીત સિવાય ઊંઘ આવતી ન હતી એટલે એ શરૂ કરતા અને બટન દબાવતા એટલે સંગીત બંધ થતું.

એની આખીએ રચના મ્હેં જોઈ.

લલ્લુભાઈએ પણ પોતાનું ભેજું ઠીક દોડાવ્યું હતું!

આખી રાત એમનું ભેંસાસુર સંગીત વાગ્યા કરે! વાગ્યાજ કરે! તોપણ ખૂટેજ નહિ એવી એની રચના કરી હતી.

પંડિતજી ચારે તરફ કંઈ શોધતા હોય એમ લાગ્યું. એમની નજર એક મજબૂત ખીંટી ઉપર ઠરી. એમણે એ તપાસી જોઈ. એમની પેટીમાંથી મજબૂત દોરડું કાઢી એના ઉપર વીંટી એ ટીંગાયા. ખીંટી પુરતી મજબૂત હતી એની એમણે ખાત્રી કરી લીધી. પછી પેટીમાંથી હાથકડી કાઢી અને એને પણ તપાસી જોઈ. તે પછી એમણે એક કોરડો કાઢ્યો એ કોરડો પણ અજબ જેવો હતો. એના મજબૂત હાથાએ નવ સેરો ગુંથેલી હતી. નવ સેરનો એ મજબૂત જેરબંધ જોઈને મ્હને પણ નવાઈ લાગી.

'આ શાને માટે?' મ્હેં પૂછ્યું.

'સાત પૂંછડીયા ઉંદરની વાત તો તેં સાંભળી છે ને!' પંડિતજી બોલ્યા. 'એવીજ આ નવ પૂંછડીયા બિલાડી છે. આ જેરબંધને આવું ભમરાળુ નામ આપવામાં આવે છે. એ જેની પીઠ પર એક વખત પડે છે તે જીંદગીભર એનો સ્વાદ સંભાર્યા કરે છે.'

મ્હેં જેરબંધ હાથમાં લીધો અને જોયો. એની દરેક સેર ખૂબ મજબૂત હતી અને તેને છેડે ગાંઠ વાળેલી હતી.

'એનો ઉપયોગ જેલમાં કરવામાં આવે છે.' પંડિતજીએ

જણાવ્યું. 'આર્થર રોડની જેલમાંથીજ મ્હેં એ મંગાવ્યો છે.'

સાડા દશ વાગ્યે લલ્લુભાઇની સવારી આવી.

એ દિવાનખાનામાં આવ્યા. એમાં પગ મુકતાંજ એમણે પૂછ્યું: 'માણેકલાલ! કયાં છો?'

એમણે દિવાનખાનામાં પગ મુકયો અને આમ તેમ જોયું.

એકાએક પાછળથી પંડિતજી આવ્યા એમણે પોતાના મોઢાપર ઓળખાય નહિ એટલા માટે ઇંગ્રેજી ઢબનો અર્ધો પડદો નાખ્યો હતો.

'કોણ છો તમે? કોનું કામ છે?' લલ્લુભાઇએ સવાલ કર્યો.

'મ્હારે તમારૂં કામ છે.' પંડિતજીએ કહ્યું. મી લલ્લુભાઇ! હું કહું છું તે સાંભળી લો. જો તમે જરા પણ ગરબડ કરી છે અથવા ચું કે ચાં કર્યું છે કે બૂમ બરાડા પાડયા છે તો તેજ ઘડીએ તમારો અંત આવશે એ નક્કી જાણજો.' એમ કહીને પંડિતજીએ પોતાની રિવોલ્વર કાઢી.

'તમારે મ્હારૂં શું કામ છે?' લલ્લુભાઇએ ગભરાઇને પૂછ્યું. પંડિતજીની પાછળ એજ રીતે હું ઉભો હતો. અમારા બેઉના ઉપર નજર પડી એટલે લલ્લુભાઇનાં મોતીયાં મરી ગયાં.

પંડિતજીએ એનો હાથ પકડયો અને અમે એને એના સુવાના ખંડમાં લઇ ગયા. એ ખંડનાં બારી બારણાં બંધ હતા. બાજુની એક નાની બત્તીનું ઝાંખુ અજવાળું પડતું હતું.

'તમારો કોટ કાઢી નાખો.' પંડિતજીએ સૂચના કરી.

લલ્લુભાઇએ એનો અમલ કર્યો.

'અને ખમીસ પણ કાઢો.'

'પણ એનું કંઇ કારણ?' લલ્લુભાઇએ સામો સવાલ કર્યો.

'તે પછીથી કહીશ.' પંડિતજીએ કહ્યું:

લલ્લુભાઇએ એ સૂચનાનો અમલ કર્યા સિવાય છૂટકો ન હતો. પંડિતજીએ એમને હાથકડી પહેરાવી અને પેલી ખીંટી

પાસે લઇ ગયા.

પંડિતજીએ દોરડાથી એમની હાથકડી ખીંટી સાથે બાંધી અને લલ્લુભાઇને ખીંટીએ લટકાવ્યા. લલ્લુભાઇની આનાકાની પંડિતજીના રાક્ષસી અંગબળ આગળ કામ ન આવી.

લલ્લુભાઇને લટકાવીને પંડિતજીએ પેલો જેરબંધ હાથમાં લીધો અને કહ્યું:

'હવે આપણે વાત કરીએ. તમને યાદ છે ને લલ્લુભાઇ! તમે કેવા કેવા ધંધા કરો છો તે! તમે કેટલી આશાભરી કુમારિકાઓને બરમા અને સિલોનના વિલાસગૃહોમાં મોકલી છે તે! એમને કેવી કેવી નર્કયાતના ભોગવવી પડે છે તેનું તમને ભાન છે ખરું? એની સજા શી થાય તે ખબર છે?'

'હું ભગવાનના સોગન ખાઇને કહું છું' લલ્લુભાઇએ બચાવ કરવા માંડયો. 'એ ખરૂં નથી. મ્હારી સામે એ ભાગ્યેજ પુરવાર થઇ શકશે.'

'મ્હારે એ કાયદાની અદાલતમાં પુરવાર કરવા જવું નથી. તમારી સીફતની મ્હને ખબર છે. ન્યાયનો લાંબો હાથ તમારા જેવા હરામખોરોને કંઇ કરી શકતો નથી એટલે મ્હારે આ હાથે તમારો ન્યાય કરવો પડે છે અને તમને ખાત્રી કરી આપવી પડે છે કે તમે તમારા ગુન્હાની સજા ભોગવ્યા સિવાય છટકી શકશો નહિ.'

અને પંડિતજીએ મ્હને સૂચના કરી એટલે મ્હેં લલ્લુભાઇનું સુફીયાણું સંગીત શરૂ કર્યું. કાન ફાડી નાખે એવા અવાજે એ રેકર્ડ વાગવા લાગી.

પેલો જ પોલિસનો સિપાઇ પોતાની રોન ફરતો રસ્તા પર આવી લાગ્યો. વાજાના અવાજથી કંટાળેલો કોઇ પાડોશી પણ રસ્તા ઉપર ગયો.

'કુટલો ઘોંઘાટ કરે છે!' પેલા પાડોશીએ સિપાઇને કહ્યું.

'રોજ કરે છે!' સિપાઈ બોલ્યો. 'એની રેકોર્ડ ઘસાઇ ગઇ લાગે છે, જાણે કોઇ ડોકું છટકાવી નાખતું હોય એવા અવાજે વાગે છે? ખરું કે નહિ?'

'એનો તો એવો અવાજ રોજનો છે!' પેલાએ કહ્યું.

'સિપાઇ હસીને ચાલ્યો ગયો.

અને લલ્લુભાઇના સૂવાના ઓરડામાંથી સંગીતના સુર નીકળતા જ રહ્યા.

પંડિતજીની 'નવ પૂંછડિયા બિલાડી'ના નહોર લલ્લુભાઇની પીઠે એટલા સખત લાગ્યા છે કે એમનાથી ચત્તા સૂવાતું પણ નથી!

☆

વસનજી શેઠનું ટેબલ

માનવ જીવનમાં અકસ્માતો વારંવાર આવતા નથી પણ બહેરામજીને એથી ઉલટું હતું. એમનો ધંધો હતો જૂની કારીગરીવાળી વસ્તુઓ લેવાનો તેમજ વેચવાનો, પણ એ ધંધામાં એમને અનેક અવનવા અનુભવો થયા હતા.

કોઈવાર તો એમણે લીધેલા કબાટમાં એકાદ ચોરખાનું જડી આવે અને તેમાંથી કંઈક કિંમતી કાગળીયાં નીકળી પડે. ચાર આને ખરીદેલી ચોપડી ફુરસદને વખતે તપાસતાં તેમાંથી કોઈનું ગુમ થતું વસીયતનામું મળી આવે અને ખોટું દેખાતું નંગ સાચુ નીકળે!

એક વખત તો જૂની ખુરશીના હાથામાંથી એમને કેટલાંક હીરા અને મોતીનાં ઘરેણાં મળેલાં. આ રીતે જૂની કારીગરીની અનેક ચીજોમાંથી અવારનવાર જાત જાતના અનુભવો મળતા હોવાથી બહેરામજી પોતે ખરીદેલી ચીજો ખાસ કરીને ધ્યાન દઈને જોતા હતા. એ રીતે જોવાનો એમણે શિરસ્તો પાડી દીધો હતો.

હજી તો ગઈ કાલની વાત છે. એમણે શેઠ વસનજીનું કેટલુંક ફરનીચર ખરીદ્યું હતું અને તે તેઓ જોતા હતા. વસનજી શેઠ પણ જૂની કારીગરીની વસ્તુઓના શોખીન હતા અને એમણે એવી કેટલીએ વસ્તુઓ વસાવી હતી. કમનસીબે એમના મરણ બાદ એમના વારસોમાં વારસાહક બાબત તકરાર થવાથી એ બધી વસ્તુઓ કોર્ટના કબજામાં ગઈ હતી અને છેવટે કોર્ટ તરફથી તેનું લીલામ કરવામાં આવ્યું હતું. બહેરામજીએ એ લીલામમાંથી કટલીક ચીજો ખરીદી હતી. એ ચીજોમાં વસનજી શેઠનું જૂની પદ્ધતિનું એક વિશાળ ટેબલ આવી જતું હતું. એની કારીગીરી બેનમૂન હતી. અલબત્ત, બહેરામજીએ તે જ દિવસે પોતે ખરીદેલી વસ્તુઓનાં નાણાં ભરી પોતાની દુકાનમાં મંગાવી લીધી હતી. એમણે એ જેમ તેમ ગોઠવાવી દીધી હતી, અને પોતાની સગવડે એ બરાબર જોવાનો તેમ જ વ્યવસ્થીત ગોઠવવાનો એમનો વિચાર હતો.

'સાહેબજી બહેરામજી!' એમ કહીને ગઈ કાલે જે લીલામવાળાએ શેઠ વસનજીની વસ્તુઓ બહેરામજીને વેચી હતી તે એમની દુકાનમાં દાખલ થયો. 'કેમ મઝામાં તો ખરાને? જુઓની, આ એક તાર આવ્યો છે. એક દહાડો એ મોડો આવ્યો એટલે હવે તો એનો લાભ તમને મળે એમ છે. જુઓની—' એમ કહીને એણે બહેરામજીના હાથમાં તાર મૂકયો.

બહેરામજીએ તે લીધો અને વાંચવા માંડયો.

શ્રોફ એન્ડ કંપની, લીલાંઉવાળાઓ, મેડોઝ સ્ટ્રીટ, મુંબઈ: શેઠ વસનજીનું ફરનીચર તમે વેચવાના છો એમ સાંભળ્યું છે. એમના દિવાનખાનામાંનું એમનું મોટું લખવાનું ટેબલ મ્હારે માટે ખરીદી લેજો. એની ગમે તે કિંમત આપવી પડે તે આપજો અને તારથી ખબર આપજો.

લેડી નવાજબાઈ, એમ્પ્રેસ હોટેલ, ન્યુ દિલ્હી.

બહેરામજીએ તાર વાંચીને પાછો આપ્યો તે લેતાં મી. શ્રોફે પૂછ્યું. 'કેમ: તમે એ વેચશોને?

'લેડી સાહેબે અમારી જાહેર ખબર ટાઇમ્સમાં વાંચી હશે પણ એમણે લીલામની તારીખ બરાબર યાદ ન રાખી તેથી એક દિવસની ગફલત થઇ હોય એમ લાગે છે. ગમે તેમ હોય પણ આ તાર મ્હને આજે સવારે મળ્યો, એટલે એ પ્રમાણે મ્હારાથી લેડી સાહેબને માટે એ ટેબલ લીલામમાંથી લેવાય એમ રહ્યું નથી. તમે એ ખરીદેલું છે, એટલે તમે એની જે કાંઇ વ્યાજબી કિંમત કહેશો તે આપવા હું તૈયાર છું. તમે એ અઢીસોમાં લીધું છે. બોલો કેટલો નફો લેવો છે? તમે કહો તે મુજબ હું લેડી સાહેબને તાર કરીને નક્કી કરું.'

પણ બહેરામજીએ કંઇ જવાબ આપ્યો નહિ.

થોડી વાર વિચાર કરીને પોતાને મી. શ્રોફની વાતથી જરા નવાઇ લાગી હોય એ રીતે બહેરામજીએ કહ્યું: 'મી. શ્રોફ! એ વાતનો જવાબ હાલ તુરત મ્હારાથી અપાય એમ નથી. વાત એ છે કે મ્હારી પાસે એનું ઘરાક છે.'

'તે હશે! પણ જુઓની, લેડી સાહેબને એ લેવાનું મન છે તો પછી તમે શું કામ ના પાડો છો? એ કહે છે કે ગમે તે કિંમતે લઇ લેજો. પછી શું? તમે તમારે ઠીક લાગે તે કિંમત કહો અને હું નક્કી કરું છું. એમની સાથે અમારો જૂનો નાતો છે.'

પણ બહેરામજીએ ડોકું હલાવ્યું અને કહ્યું: 'જુઓની મી. શ્રોફ! એ વાતનો જવાબ હાલદમ મ્હારાથી અપાય એમ નથી. જે ઘરાકને માટે મ્હેં એ લીધું છે તેને મ્હારે પૂછવું પડશે, એટલે દીલગીર છું કે તમને મ્હારાથી હાલ તુરત જવાબ અપાય તેમ નથી.'

'અરે બાવા! એમ મોંઘા શાના થાવ છો? જુઓની તમારા અઢીસોને બદલે છસો લો. પછી શું? સાડા છસો લ્યો.

ચારસો રૂપિયા વધારે આપું છું. એક દહાડામાં ચારસો કંઇ ખોટા નથી.'

'તમારી મોટી મહેરબાની છે. પણ દીલગીર છું કે મ્હારે તમને નારાજ કરવા પડે છે.' બહેરામજીએ જણાવ્યું.

તે છતાંએ મી. શ્રોફે પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો. પણ એમને સફળતા મળી નહિ, એટલે છેવટે એ બબડતા ફફડતા ચાલી નીકળ્યા. બહેરામજીએ એમને જતાં જોયા.

પોતાના મન સાથે બહેરામજીએ વિચાર કરવા માંડ્યો કે લેડી નવાજબાઇને આ જાતનો શોખ ક્યાંથી લાગ્યો ? જૂની કારીગરી સાથે એમને જરા પણ લાગતું વળગતું ન હતું. તો પછી વસનજી શેઠના પુરાણી કારીગરીવાળા ટેબલનું એમને એવું તે શું કામ પડયું કે એની ગમે તે કિંમત આપવા એ તૈયાર થયાં ? શા માટે એ એમને જોઇતું હતું ?

બહેરામજીએ જેમ જેમ આ સંબંધી વધારે વિચાર કરવા માંડ્યો તેમ તેમ એમને એ કોકડું ગુંચવાતું લાગ્યું. લેડી નવાજબાઇને તે ઓળખતા હતા. તેઓ એક જાણીતી વ્યક્તિ હતાં. એમની ઉંમર આશરે પીસ્તાળીશ વરસની હતી છતાં તેઓ દેખાવડાં હતાં.

સર ધનજીશાના મરણ પછી મોટે ભાગે તેઓ રેસનાં શોખીન થયાં હતાં. પાનાંની રમત અને ખાસ કરીને બ્રીજ એમને વધારે ગમતાં હતાં. એ સિવાય બીજો કોઇપણ પ્રકારનો શોખ એમને હોય એવું બહેરામજીને માલૂમ ન હતું તો પછી વસનજી શેઠના ટેબલ માટે એકાએક એમને એવી તે શી મમતા લાગી કે ગમે તે કિંમતે ખરીદવાનો એમણે મી. શ્રોફને તાર કર્યો. એવું તે એ ટેબલમાં શું હતું ? એના કરતાં ચઢે એવું સુંદર મજાનું અને દેખાવડું ટેબલ એ પોતે નવું તૈયાર કરાવી શકે એમ હતું અને એની પાછળ એટલો ભારે ખર્ચ થાય એવું પણ

ન હતું. તો પછી આ ટેબલનો આટલો મોહ શા માટે? ગમે તેટલી કિંમતે એ ખરીદી લેવાને એ શાથી પ્રેરાયાં હતાં?

* * *

બહેરામજી બપોરના પોતાના કામથી પરવારી વસનજી શેઠનું ટેબલ રાખ્યું હતું તે ખંડમાં ગયા. એને ધ્યાન દઇને જોવાનો એમનો વિચાર હતો. તેમણે પોતાની પદ્ધતિ પ્રમાણે એને જોવા માંડયું. એનું લાકડું મજબુત હતું અને એકંદરે લાંબો વખત જવાબ આપે એવી એની સ્થિતિ હતી. એમણે એનાં ખાનાં. એના પાયા, એની કારીગરી બધું ધ્યાન દઇને જોવા માંડયું. એનો બહારનો દેખાવ જરા પણ અસાધારણ ન હતો, પણ એવા ઉપરના દેખાવથી ભોળવાઇ જાય એવા બહેરામજી ન હતા. એનાં નાનાં મોટાં અનેક ખાનાંઓ તપાસ્યાં અને છેવટે એમણે કોઇ ચોર ખાનું છે કે કેમ તેની તપાસ કરવા માંડી. તેમની ખાતરી હતી કે આ ટેબલને લગતો કંઇ પણ ભેદ છે. એ ભેદ લેડી નવાજબાઇ જાણતાં હોવાં જોઇએ અને એટલા ખાતરજ એની ગમે તે કિંમત એ આપતાં હોવાં જોઇએ. એ ભેદ શો હતો તે બહેરામજીને શોધી કાઢવું હતું.

બહેરામજીએ અત્યાર સુધી આ પ્રકારની જૂની કારીગરીવાળી વસ્તુઓ તપાસતાં મેળવેલા જ્ઞાનનો સંપૂર્ણ ઉપયોગ કર્યો પણ એનું કંઇજ પરિણામ આવ્યું નહિ. એક કલાકની મહેનત નકામી ગઇ.

છેવટે એમણે પોતાના ખીસ્સામાંની નાની ફુટપટ્ટીથી ખાનાં અને તેની રચનાનું ઝીણવટથી માપ લેવા માંડયું તેમજ બહુજ ચોકસાઇથી એની ગણતરી કરવા માંડી અને તેમાં તેઓ સફળ થયા. એક બહુજ નાનું ચોરખાનું શોધી કાઢવામાં એમને સફળતા મળી. એ એવી તો સિફતથી બનાવવામાં આવ્યું હતું કે ભાગ્યેજ જણાઇ આવે. પણ એકવાર જોયા પછી એને શોધી કાઢતાં મુશ્કેલી પડે એમ ન હતું. પછી તો એમ જ લાગે કે એ

પહેલી નજરે કેમ દેખાયું નહિ ? એ ખૂબ નાનું હતું. બહેરામજીએ તે ઉઘાડયું અને તેમાં એક નાનું સરખું કાગળનું પડીકું હતું તે બહાર કાઢ્યું. તેના ઉપર લીલી દોરી બાંધેલી હતી.

બહેરામજીએ બહુજ ધ્યાન દઈને એ દોરી છોડી અને પડીકું ઉઘાડયું. એની અંદરની બાજુ ભુરા મખમલમાં વિંટાળેલું એક પાનું મળી આવ્યું. એ પાના ઉપર તેજસ્વી હીરાનો હાર ધ્યાન દઈને ગોઠવેલો હતો. તેની સાથે ગડી વાળેલો એક બીજો કાગળ હતો.

બહેરામજીએ પેલો કાગળ ઉઘાડ્યો અને એમાંનું લખાણ વાંચ્યું. તે નીચે પ્રમાણે હતું:

'શેઠ વસનજી પાસેથી આજ રોજ દસહજાર રૂપિયા ઉછીના મળ્યા છે તેની આ પહોંચ લખી આપી છે. નવાજબાઈ ધનજીશા.'

બહેરામજીને બધી વાત સમજાતી લાગી. લેડી નવાજબાઈએ વસનજી શેઠ પાસેથી દશ હજાર રૂપિયા ઉછીના લીધા હતા અને જામીનગીરી તરીકે આ હીરાનો હાર વસનજી શેઠને આપ્યો હતો. સર સાહેબનું કુટુંબ ઘણું જાણીતું હતું. તેમના હીરાના હાર વિષે ઘણી વાતો થતી હતી. કોઈ ખાસ પ્રસંગે એ હાર કાઢવામાં આવતો હતો. એના ઉપર નવાજબાઈએ વસનજી શેઠ પાસેથી દશ હજાર રૂપિયા લીધા હતા. નવાજબાઈએ વસનજી શેઠને પોતાના ટેબલના આ ચોરખાનામાં એ હાર મૂકતાં જોયા હતા એટલા માટે કોઈ પણ કિંમતે એ ટેબલ વેચાતું લેવા તેઓ તૈયાર હતાં. બહેરામજીને બધી વાતનો ભેદ ઉકલતો લાગ્યો. વસનજી શેઠ પાસેથી હીરાના હાર ઉપર પૈસા લીધા તે વાત ખાનગી હતી અને બીજા કોઈને એ વિશે માહિતી ન હતી. એ પછી થોડા વખતમાં વસનજી શેઠ એકાએક મરણ પામ્યા. એમના વારસોમાં તકરાર પડી ને બધો મામલો કોર્ટે ગયો અને એમની મીલકતનું લીલામ થયું. લેડી નવાજબાઈને કોઈ પણ હીસાબે આ ટેબલ લેવું હતું એનું કારણ એટલુંજ હતું

કે વસનજી શેઠના હકદાર વારસને દશહજાર રૂપિયા પાછા આપ્યા સિવાય પોતાનો હાર કબજે કરવો હતો. વસનજી શેઠનો વારસ કોણ હતો? બહેરામજીને એ વાતની ખબર ન હતી. એમણે એમ સાંભળ્યું હતું કે મરનારે પોતાની ઘણી મીલકત ધર્માદામાં આપી હતી. પણ એ બાબત પુરતી તપાસને સ્થાન હતું. બહેરામજીએ આગળ ઉપર એ સંબંધી તપાસ કરવાનું પોતાના મન સાથે નક્કી કર્યું, એમણે ધીરે રહીને હળવે હાથે પેલું પારસલ હતું તેવું બાંધી દીધું અને પેલા ચોર ખાનામાં મૂકી દીધું. તે પછી એમણે પોતાની જાતને એકજ સવાલ પૂછ્યો કે લેડી સાહેબ ક્યારે પધારશે?

*   *   *

બહેરામજીની ખાતરી હતી કે લેડી સાહેબ આવ્યા સિવાય નહિ રહે. મી. શ્રોફ એમને તાર કર્યો હશે કે તેઓ પેલું ટેબલ કોઇપણ કિંમતે મેળવવાને નિષ્ફળ નિવડ્યા હતા, તો એ તાર મળતાં જ લેડી નવાજબાઈ મુંબાઈ પાછાં ફર્યાં સિવાય રહેશે નહિ. તેઓ એક બે દિવસમાં બહેરામજીની દુકાન પૂછતાં આવવાં જોઇએ.

પણ બીજે જ દિવસે મી. શ્રોફ બહેરામજીની દુકાનમાં આવ્યા. એમના હાથમાં એક તાર હતો. પહેલે વખતે પોતાને જોઇતી ચીજ મેળવવામાં તેઓ નાસીપાસ થયા હતા પણ આ વખતે કોઇપણ ભોગે સંપૂર્ણ સફળતા મેળવવાની તેમની પોતાની ખાત્રી હતી.

'કેમ છો? બહેરામજી!' એમણે દુકાનમાં પગ મૂકતાં વેંતજ પૂછ્યું. 'જુઓને લેડી સાહેબનો આ બીજો તાર આવ્યો છે. અલબત્ત, ગઇ કાલે તમને મળ્યા પછી મેં એવણને તારથી ખબર આપી હતી અને જણાવ્યું હતું કે એમનો તાર મોડો મળવાથી એમની ઇચ્છા પ્રમાણે કંઇપણ થઇ શકે એમ ન હતું અને

વસનજી શેઠનું ટેબલ લીલાંઉમાં તમે લીધું હતું એ વાતની પણ મેં એવણને ખબર આપી હતી. આજે એમના તરફથી આ જવાબ મળે છે. લ્યો, વાંચો.'

બહેરામજીએ મી. શ્રોફના હાથમાંથી તાર લીધો અને વાંચી જોયો. એ નીચે મુજબ હતો :

બહેરામજીને તરતજ મળો, એમને મ્હોં માગી કિમત આપો ટેબલ મારે જોઇએ છીએ. એ મને મળવું જોઇએ

લેડી નવાજબાઇ.

'બોલો હવે તો વેચશોને?' મી. શ્રોફે કહ્યું, 'ચાલો બોલો શું લેવું છે?'

બહેરામજીએ તાર પાછો આપ્યો અને પોતાને એમાં કંઇ રસ ન હોય એ રીતે જવાબ આપ્યો :

'મી. શ્રોફ! તમને નાખુશ કરવા બદ્દલ દીલગીર છું. મ્હેં આપને ગઇ કાલે જ જણાવ્યું હતું કે એ ટેબલ મ્હેં બીજા એક ઘરાક માટે લીધું છે.'

'ખરી વાત, પણ તમે એ ઘરાકને ખરતો કરી શકો એમ નથી? એ કોણ છે? જેટલું તમે લેડી સાહેબ પાસેથી મેળવી શકશો તેટલું એ ઘરાક ઓછું જ આપવાનું છે? જરા જુઓ તો ખરા, લેડી સાહેબ શું લખે છે તે, મ્હોં માગી કિંમત આપીને પણ ટેબલ ખરીદો. એથી વધારે શું લખે? તમે એની ગમે તે કિંમત કહો એ હું ભરી આપીશ અને આ સોદો નક્કી થશે. એથી વધારે સરળ બીજું શું હોઇ શકે? બોલો બહેરામજી! શું લેવું છે?'

'નહિજી.' બહેરામજીએ જવાબ આપ્યો. 'મ્હારાથી એ ટેબલ એમ નહિ અપાય. મ્હારા ઘરાકને એવી રીતે હું ખરતું નહિ કરીશ. તમારે ખાતર એટલું કરીશ કે લેડી સાહેબ બહાર ગામથી પાછાં ફરશે ત્યાં સુધીમાં મ્હારૂં ઘરાક ટેબલ નહિ લઇ

ગયું હોય તો એવણને હું એ ખરીદવાની તક આપીશ. એ સિવાય વધારે કાંઇ મ્હારાથી બની શકે એમ નથી.'

મી. શ્રોફે નવાઇ પામીને બહેરામજી સામે જોયું. એમની નજર ઘડીકમાં તાર તરફ અને ઘડીકમાં બહેરામજીના મ્હોડા ઉપર પડવા લાગી. આ તે કઇ જાતનો માણસ હતો? અઢીસો રૂપિયાનું ટેબલ મ્હોં માગી કિંમતે આપવાની એ ના પાડતો હતો. અઢીસોના અઢી હજાર રૂપિયા એ માંગે તો પણ તે ચૂકાવી આપવાની એમની તૈયારી હતી.

'પણ એટલું બધું છે શું? આવા એક જૂના ટેબલ માટે તમને પણ આટલો મોહ શાનો છે? એ કરતાં કંઇક ભલ-ભલાં ટેબલો મ્હારા હાથ નીચેથી પસાર થઇ ગયાં. તમે એના અઢીસો રૂપિયા આપ્યા છે. તમે એમ માનો છો કે તમારૂં એ સ્હરીયાણું ઘરાક લેડી નવાજબાઇ કરતાં એની વધારે કિંમત આપશે? લેડી સાહેબ કરતાં પણ તમારૂં ઘરાક વધારે આબરૂ-દાર છે? મી. બહેરામજી! તમે એની ગમે તે કિંમત ઠરાવો, મ્હને એ કબૂલ છે, આ ઘડીએજ મ્હારો ચેક લખી આપું.'

'એમ બની શકે એવું નથી.' બહેરામજીએ ડોકું હલાવતાં જવાબ આપ્યો. 'મ્હારે જે કહેવાનું છે તે હું કહી ચૂકયો છું. ઉતાવળ શી છે? લેડી સાહેબ જલદી પાછાં ફરશે પછી સૌ થઇ રહેશે.'

પણ એટલામાં તો મી. શ્રોફે રજા લીધી હતી. બહેરામજીની ખાત્રી હતી કે લેડી સાહેબ જ્યારે ફરીથી સાંભળશે કે ટેબલ મળી શકયું નથી ત્યારે તેઓ તરત જ મુંબાઇ આવ્યા સિવાય રહેશે નહિ. તેઓ આવે તે પહેલાં કેટલીક તૈયારી કરવાની હતી. બહેરામજીએ પોતાના એક મિત્રને તાર કર્યો. એ સુરત ખાતે હીરાનો જાણીતો વેપારી હતો. તાર મળતાં જ એ આવી ગયો. એને બહેરામજીએ પેલો હીરાનો હાર બતાવ્યો. એણે એ ખૂબ ધ્યાન દઇને જોયો.

વીજળીના પ્રકાશમાં છેક નજર આગળ લાવીને એણે બારીકા-ઇથી જોયો અને એ બોલી ઊઠ્યો કે હીરા બનાવટી છે.

એ સાંભળીને બહેરામજી ઠંડાગાર થઇ ગયા.

'બનાવટી છે? એમ! ઠીક! બનવાજોગ છે!' એમણે કહ્યું. 'પણ તમારી ખાત્રી છે ને?'

બહેરામજીના મિત્ર મી. વાડીયા હીરાના જાણીતા વેપારી હતા અને એમનું નામ ઘણું પ્રખ્યાત હતું. બહેરામજીનો આ સવાલ સાંભળી તેઓ ખૂબ હસ્યા અને પછી જવાબ આપ્યો:

'બીજી તે શી ખાત્રી જોઇએ? અલબત્ત, બહુ જ સરસ રીતે બનાવેલા છે, ઘણું જ સુંદર કામ છે અને એનો કારીગર પણ જાણીતો છે. મ્હારી વાત ખોટી નીકળે તો તમો કહો તે હારી જાઉં. કહો તો હીરાનો વેપાર કરવો મૂકી દઉં.'

'ઠીક! પણ એનો બનાવનાર કોણ છે?'

'આ જાતની સુંદર બનાવટ અને બેનમૂન કામ કરવા માટે પેલા લવીંગિયાનું નામ જાણીતું છે. લવજી લવીંગિયો ભારે પાવ-રધો છે. આ કામ બી એનું જ લાગે છે.'

'એ છતાંએ અત્યારે એની કેટલી કિંમત અંકાય!' બહે-રામજીએ પૂછ્યું.

વાડીયાએ વિચાર કરીને કહ્યું:

'જોની દીકરા! એ બધું કારીગીરી ઉપર આધાર રાખે છે, અને ખાસ કરીને આની કારીગીરી, ગોઠવણી અને દેખાવ ઘણો જ મઝાનો છે એટલે કંઇ નહિ તો એના પાંચસો રૂપિયા તો એણે સહેજે લીધા હશે.'

'અને એને બદલે હીરાનો ખરો હાર હોય તો?'

મી. વાડીયાએ ખૂબ વિચાર કરીને જણાવ્યું:

'એ તો ઘણો ગંભીર સવાલ છે. જોની, આવા સારા અને મોટા હીરા એમાં વાપર્યા હોય તો એની કિંમત ઘણી ભારે

અંકાય.'

'પણ કેટલી ?'

'બહુ જ સારામાં સારા હીરા હોય—સારામાં સારા ઊંચી જાતના હીરા હોય તો ઓછામાં ઓછા પાંત્રીસથી ચાલીસ હજાર રૂપિયા કરતાં પણ વધારે એની કિંમત આંકી શકાય.'

'બહુ જ સરસ! અને આ હાર બનાવટી છે એ બાબતની તો જરાપણ શંકા નથીને ?'

'નહિ રે બાવા! એવું કંઇ નથી. રતી ભાર પણ નહિ.'

'ત્યારે બિરાદર! એ બાબતનું એક સર્ટીફીકેટ લખી આપને કે આયે હીરા સાચા નથી પણ બનાવટી છે. મ્હારે એની જરૂર છે.'

અને મી. વાડીયાએ એ રીતે પ્રમાણ પત્ર લખી આપ્યું.

બહેરામજીએ બીજે દિવસે પેલા હીરાના હારવાળું પડીકું પેલી દસ હજારની રસીદ અને વધારામાં હીરાના વેપારીનું સર્ટીફીકેટ એ ત્રણેને પેલા ટેબલના છૂપા ખાનામાં ગોઠવી દીધાં. તે પછી એમણે ટેબલ બંધ કર્યું. એને ચાવી લગાવી અને જે ઓરડામાં એ મૂક્યું હતું તે ઓરડો બંધ કરીને તાળું માર્યું.

બીજે દિવસે સાંજના છાપામાં એમણે વાંચ્યું કે લેડી નવાજબાઇ ન્યુ દીલ્હી ખાતેથી મુંબાઇ પાછાં ફર્યાં હતાં.

બહેરામજીએ લેડી સાહેબની પધરામણીની આશા રાખી.

પણ વળતે દિવસે બપોરે લેડી સાહેબને બદલે એક આધેડ વયની પારસી બાનું પૂર ઠઠારાભેર બહેરામજીની દુકાનમાં આવી પહોંચી. એણે બહેરામજીને જાણે એક પાંચ ફુટ ઊંચા કબાટને જોતી હોય તેમ ઉપરથી નીચે સુધી ધ્યાન દઇ દઇને જોયો.

'તમારૂ...આપનુંજ...નામ મી. બહેરામજી કે ?' એણે છેવટે પૂછ્યું.

'હાજી! બોલો શું કામ છે ?' બહેરામજીએ વિવેકથી કહ્યું.

'જુઓની, વાંદરાના અમારા બંગલાને માટે કેટલુંક ફરનીચર ખરીદવાનું છે એટલે અમારે લાયકનું સારી જાતનું ફરનીચર બતાવો. મ્હેં એમ સાંભળ્યું છે કે આપની પાસે જૂની કારીગીરીના નમૂનારૂપ સારી જાતનું ફરનીચર છે.'

'ઘણીજ ખુશીથી. જે છે તે આપને બતાવું છું.'

આવનાર બાઇને એટલુંજ જોઇતું હતું. એ તરત બહેરામજીની સાથે ચાલી અને એક પછી એક ચીજો જોવા લાગી. બહેરામજીએ એ બાઇને ધ્યાનથી જોઇ ત્યારે એમને એમ થયું કે એ બાઇને એમણે કોઇક ઠેકાણે જોઇ હતી. ક્યાં જોઇ હતી તે એમણે સંભારી કાઢ્યું. કોઇ એક મેળાવડામાં વરસો ઉપર એને લેડી નવાજબાઇ સાથે એમણે જોઇ હતી. એમને એમ લાગ્યું કે લેડી સાહેબે પોતે જાતે આવવાને બદલે આ બાઇને મોકલી આપી છે. એ વિચાર આવતાંજ ઘરાક તરીકે બધી ચીજો ઉલટથી બતાવવાને બદલે એમણે એના ઉપર નજર રાખવા માંડી.

બહેરામજી પોતે સાવચેતીથી બધું બતાવવા લાગ્યા અને એક ઓરડામાંથી બીજા ઓરડામાં અનેક ચીજો બતાવતા આગળ ચાલ્યા. છેવટે એમણે જે ઓરડામાં વસનજી શેઠનું ટેબલ રાખ્યું હતું તેનું તાળું ઉઘાડ્યું અને એમાંની ચીજો બતાવવા માંડી. પોતાના ઘરાક તરફ ધ્યાનથી જોતાંજ બહેરામજીને જણાયું કે એ બાઇની નજર વસનજી શેઠના ટેબલ ઉપર પડી. એમણે એ બતાવ્યું નહિ ત્યાં સુધી એનો નિર્દેષ કરવાની ઉતાવળ એણે ન કરી. બહેરામજીએ જ્યારે એ બતાવ્યું ત્યારે પણ એણે પહેલાં તો એ ટેબલ તરફ બેદરકારી બતાવી અને આગળ ચાલી પણ એના તરફ ફરી જોતાં ઉમેર્યું :

'ખૂબ જૂનવાણી ઢબનું ટેબલ છે ખાસ કારીગીરી જેવું કંઇ નથી. ખરૂંને?' એણે બેદરકારીથી પૂછ્યું.

'નહિ બાનુ! એ પણ એક ચીજ છે. એની કારીગીરી

ઘણી ઊંચી જાતની છે. આપે વસનજી શેઠનું નામ સાંભળ્યું હશે. તેઓ આ શહેરના જાણીતા વેપારી અને જૂની કારીગીરીની વસ્તુઓના અજબ શોખીન હતા.'

એ સાંભળી એ બાઇને તે ટેબલ તરફ ભાવ થયો હોય એવો એણે દેખાવ કર્યો.

'એમ બાબત છે! અંદરથી એ કેવું છે?'

બહેરામજીએ એ ઉઘાડયું અને એને વ્યવસ્થીત ગોઠવી તેનાં ખાનાં બતાવ્યાં. એક પછી એક એનાં નાનાં મોટાં અનેક ખાનાંઓ ઉઘાડયાં તેમ જ ખુબીઓ બતાવી. પેલા ચોર ખાના સિવાય તમામ ખાનાં એમણે ઉઘાડયાં. પણ એકાએક એમના ઘરાકને શું થયું? એ એકદમ બાજુની ખુરશી ઉપર શાથી બેસી ગઇ?

'ઓ માયરે!' એણે પોતાનું પેટ દબાવતાં કહ્યું. 'મારી છાતી ખૂબ ધમકે છે અને ચક્કર આવે છે. જરા એક ગ્લાસ પાણી લાવજો.'

હવે જ્યાં પાણીનું માટલું રાખ્યું હતું તે ઓરડામાં જતાં અને ત્યાંથી પાણીનો પ્યાલો લઇને આવતાં સ્હેજે ત્રણ ચાર મિનિટ થાય એમ હતું. બહેરામજી કૈં ગાંજ્યા જાય એવા હતા? બધી પરિસ્થિતિ જોઈ તેઓ મનમાં જ હસ્યા. એ ઓરડાનો તેઓ પોતાના અંગત કામ માટે અનેકવાર ઉપયોગ કરતા હતા અને તેમાં એમણે પાણી તેમજ સોડા અને શરબત વગેરેની ગોઠવણ રાખી હતી. એમણે તરત જ પાણીનો ગ્લાસ કબાટમાંથી કાઢ્યો અને પૂછ્યું:

'આપને શું જોઇએ? પાણી કે સોડા?'

'કંઇ નહિ! થેંકયુ!' એ બાઇએ ઊભા થતાં કહ્યું: 'પાણી ચાલશે.'

બહેરામજીએ પાણી આપ્યું.

બાઇએ થોડું પાણી પીધું અને પોતાની નબળી છાતી તેમજ વારંવાર ઉથલા ખાતી શરદી અને ભેજાંના દુખાવા માટે બડબડાટ કર્યો, પછી એ બહેરામજી તરફ જોઇને હસી. એના મોઢા ઉપર દુકાનમાં દાખલ થયા પછી પહેલી જ વખત હાસ્ય રેખા દેખાઈ.

'અને આ જૂના ટેબલનું તમે શું લેવા માગો છો? આ બધું જોયા પછી મ્હને એ લેવાનું મન થઇ આવ્યું છે.'

બહેરામજીએ પાણીનો ગ્લાસ ઠેકાણે મૂકતાં જવાબ આપ્યો: 'એ ટેબલ વેચવાનું નથી બાનું! એક ઘરાકને માટે એ રાખવામાં આવ્યું છે.'

*　　　*　　　*

એ બાઇ ગઇ તે પછી બહેરામજી ખડખડાટ હસી પડ્યા. એમણે જોયું કે જો જરા ગફલત થઇ હોત તો એમના હસવાને ઠેકાણે ખસવું થઇ ગયું હોત. આગળના ઓરડામાંથી પાણીનો પ્યાલો લેવા જો તે ગયા હોત તો જરાક વારમાં પેલું ચોરખાનું ઉઘાડીને એની અંદરના કાગળો અને હાર એ બાઇએ ઉઠાવીને પોતાના પાકીટમાં મૂકી દીધાં હોત. આ લેડી સાહેબની મોકલેલી બહેરામજી પાસે આવી હતી. એનું કંઇ વળ્યું નહિ એટલે હવે લેડી સાહેબ જાતે આવ્યા સિવાય રહેશે નહિ.

તે દિવસે સાંજના જ બહેરામજીને મી. શ્રોફનો ભેટો થઇ ગયો. બહેરામજીને જોઇને એણે મોઢું ચઢાવ્યું.

'કેમ?' બહેરામજીએ પૂછ્યું 'મ્હેં વળી તમારૂં શું બગાડ્યું છે?'

'આજે સપ્પરમે દહાડે તમારે લીધે તો કેટલુંયે સાંભળવું પડ્યું.' મી. શ્રોફે જવાબ આપ્યો. 'તમે તે બીજું શું કરો? નન્નો વાસો. લેડી સાહેબને પેલું ટેબલ આપવાના કાલાવાલા કર્યા તો બી તમે નહિ આપ્યું. એવણ જાતે પોતે મ્હારે ત્યાં

આવ્યાં અને મ્હને કહ્યું કે તમે સમજો છો શું? તમને તાર કરીને ગમે તે કિંમતે પેલું ટેબલ ખરીદી લેવાનું લખ્યું અને તે તમે કર્યું નહિ! મ્હોં માગ્યા પૈસા આપતાં બી તમે ટેબલ નહિ લઇ શક્યા? તો પછી બીજું શું કરવાના? અલબત્ત, મ્હેં બધો ટોપલો તમારે માથે નાખ્યો.'

'તે માટે આપનો મોટો આભાર!' બહેરામજીએ જવાબ આપ્યો. 'પણ એમ કરવાને બદલે એવણે આપને શાંતિથી જણાવવું જોઇતું હતું કે એ ટેબલ ખરીદવા માટે એવણ એટલાં બધાં ઇંતેજાર કેમ હતાં.'

'તે બી કહ્યું' મી. શ્રોફે જણાવ્યું. 'હા રે! હા! એવણે કહ્યું કે એ ટેબલ એમના મમાવા પાસે હતું અને તેથી તેઓ એને માટે આટલાં બધાં ઇંતેજાર હતાં.'

'એની એવણને ક્યારે ખબર પડી?' બહેરામજીએ સવાલ કર્યો.

'એવણ પોતે એટલે સુધી કહે છે કે વસનજી શેઠને એવણ મળેલાં તે વખતે એ ટેબલ વિષે વાત થયેલી અને વસનજી શેઠે એમ પણ કહેલું કે જ્યારે આય ટેબલ તમારા મમાવાનું છે તો હું તમોને આપી જઇશ."

'પણ વસનજી શેઠે આપ્યું જ નથીને! એ બાબત એમજ રહી ગઇ હશે.'

'બનવા જોગ છે.' મી. શ્રોફે કહ્યું. 'એનો અમલ કરે તે પહેલાંજ એવણ ગુજરી ગયા હશે. તમે એમના વીલ બાબત સાંભળ્યું?'

'બિલકુલ નહિ.' બહેરામજીએ કહ્યું. 'કાંઇ જાણવા જેવું છે?'

મી. શ્રોફે જવાબ આપ્યો: 'જરૂર: એમણે પોતાની બધી મિલ્કત ધરમાદામાં આપી છે. એમના પોતાના વારસોને ઘણોજ થોડો હિસ્સો આપીને બાકીની બધી મિલ્કતના ટ્રસ્ટી મી. દીવાનજીને નીમ્યા છે. હિંદુ અનાથાશ્રમ, યુનીવર્સીટી, વનિતા-

વિશ્રામ, ગુરૂકુળ વિગેરે જાણીતી જાહેર સંસ્થાઓને એ બધી રકમ આપવાનું એમણે ફરમાવ્યું છે.'

'મી. દીવાનજીની ઓફિસ કયાં આવી?'

'મેડોઝ સ્ટ્રીટમાં.' મી. શ્રોફે જવાબ આપ્યો.

'જુઓની મી. બહેરામજી! લેડી સાહેબનું આટલું મન છે ત્યારે એ ટેબલ એવણને આપજોને. એમના મમાવાની યાદગીરી રહેશે.'

'ઠીક છે. જોઇશું.' બહેરામજીએ જણાવ્યું.

હવે લેડી સાહેબ જરૂર આવવાં જોઇએ. ખાત્રીપૂર્વક એક બે દિવસમાં જ એ આવવાં જોઇએ.

અને બીજે દિવસે બરાબર અગિયાર વાગે લેડી નવાજબાઇએ બહેરામજીની દુકાનમાં પગ મૂકયો.

તેઓ પોતાની શેવરોલેટ કારમાં ભપકાભેર આવ્યાં હતાં.

બહેરામજીએ એમને આવકાર આપ્યો.

લેડી સાહેબે હસ્તે મોઢે કહ્યું: 'જુઓની મી. બહેરામજી! હું તમોને પેલા ટેબલને વરે મલવાને આવી છું. એણે મ્હને ભારે ત્રાસ આપ્યો છે. તમને જે ઠીક લાગે તે.'

'આપે પછીથી કહ્યું તેજ બરાબર છે' બહેરામજીએ જણાવ્યું. 'આપ નામદારને જરા પણ ત્રાસ આપવાની મ્હારી ઇચ્છા નથી.

'અલબત્ત તેમાં મારી ભૂલ હતી. લીલામની તારીખના ગોટાળાને લીધે તાર મોડા કર્યો એટલે આ પંચાત ઉભી થઇ. જો મી. શ્રોફને મારો તાર વખતસર મળ્યો હોત તો આ બધી હેરાનગતિ ન થાત પણ હરકત નહિ. જુઓને મી. બહેરામજી, મને શ્રોફે કહ્યું હતું એ વાત ખરી છે કે તમે એ ટેબલ કોઇ બીજાને વરે લીધેલું છે. એ વાત ખરી છે!'

'જેને માટે લીધું હતું તેણે પોતાનો કરાર પૂરો કર્યો નથી.' બહેરામજીએ જવાબ આપ્યો.

એ સાંભળી લેડી સાહેબને આનંદ થયો.

'એમ બાબત છે કે! ચાલો ઠીક થયું! હું બી નસીબદાર. ત્યારે તો તમે મને તે આપશોને! મી. બહેરામજી?'

'પણ તે પહેલાં આપ નામદાર એ ટેબલને જુઓ તો ખરાં.'

એમ કહીને બહેરામજી લેડી સાહેબને જે ઓરડામાં એ ટેબલ રાખ્યું હતું તે ઓરડામાં લઇ ગયા.

'આપ નામદાર એ ટેબલને ઓળખી શકો છો?'

લાંબા વખતથી ગુમાઇ ગયેલા પોતાના બાળકને પાછું મેળવતાં માતાને જેટલો આનંદ થાય તેટલા ઉમળકાથી લેડી સાહેબે જવાબ આપ્યો:

'અરે હારે! કેવું મજાનું અને શોભીતું ટેબલ છે. તમે જાણો છો કે એ મ્હારા મમાવાનું ટેબલ હતું. મ્હેં વસનજી શેઠને એ વાત કરી હતી અને એમણે મને જણાવેલું કે તેઓ તે ટેબલ મ્હને આપી જશે.'

'પણ એ નથી આપી ગયા.' બહેરામજીએ ઉમેર્યું.

'બીચારા એકાએક ગુજરી ગયા એટલે' લેડી સાહેબે કહ્યું. 'નહિ તો પણ કંઇ નહિ. મી. બહેરામજી! સારૂં થયું કે તમારા પેલા ઘરાકે પોતાનો કરાર અમલમાં ન મૂક્યો. ચાલો બોલો શું લેવું છે?'

'આપ નામદાર એનો કબજો લેવા ભારે ઇંતેજાર છો પણ અત્યારે એ મારા કબજામાં છે. જૂની કારીગરીવાળી વસ્તુઓનો મ્હને પણ ભારે શોખ છે. એટલે મ્હારે આપને એટલુંજ પૂછવાનું કે આ ટેબલ ખરીદવાને આપ નામદાર આટલાં બધાં ઇંતેજાર શાથી છો એનું સાચે સાચું કારણ મ્હને જણાવો.'

લેડી સાહેબે બહેરામજીને ધારીને જોતાં પોતાના મોઢા ઉપરનો ભાવ બદલાવા ન દેતાં જણાવ્યું: 'મી. બહેરામજી! તેનો જવાબ પણ ખુશીથી આપીશ. ખરી વાત એ છે કે એ

ટેબલમાં એક એવી ચીજ છે કે જેની માલીકી મ્હારી પોતાની છે.'

'બરાબર છે.' બહેરામજીએ જણાવ્યું: 'એ ઉપરાંત એમાં બીજી પણ એક ચીજ છે કે જેની માલીકી બીજા કોઇની છે.'

એ સાંભળી લેડી સાહેબને ભારે અજાયબી ઉપજી.

'બીજા કોઇની! કોની?' એમણે આતુરતાથી પૂછ્યું. 'કઇ ચીજ!'

'શેઠ વસનજીના ટ્રસ્ટીની.' બહેરામજીએ કહ્યું. 'આપ નામદારને બધી વાત ખુલાસાથી જણાવું. આપની જાણ બહાર નથી કે એ ટેબલમાં એક છૂપું ખાનું છે અને તેમાં નાનું પેકેટ રાખવામાં આવ્યું છે. એ પેકેટમાંની વસ્તુ હીરાના હાર જેવી છે. એની સાથે આપ નામદારની સહીનો શેઠ વસનજી પાસે દશ હજાર રૂપિયા એ હાર ઉપર લીધાનો દસ્તાવેજ છે. આ ચીજો આ ટેબલમાં રાખવામાં આવી છે તે વાત આપ નામદારની જાત માહિતીની છે. આપને એક વાતની ખબર નથી અને તે એ કે એ બે ચીજો ઉપરાંત એક ત્રીજી વસ્તુ પણ એની સાથે રાખવામાં આવી છે અને તે હીરાના જાણીતા વેપારી મી. વાડીયાનું સર્ટીફીકેટ. એમાં સાફ સાફ જણાવવામાં આવ્યું છે કે એ હારના હીરા દેખાવમાં પાણીદાર અને આંખને આંજે એવા હોવા છતાં તદન બનાવટી છે.'

એ સાંભળતાંજ લેડી સાહેબને ભારે આઘાત લાગ્યો. તેઓ બાજુની ખુરશી ઉપર બેસી ગયાં અને બહેરામજી તરફ એકી ટસે જોવા લાગ્યાં. બહેરામજીએ ઉમેર્યું:

'ખરી હકીકત આ છે. અલબત્ત, એ આપ નામદારને અણગમો ઉપજાવે એવી છે તો પણ.'

લેડી સાહેબે છેવટે પોતાની જબાન ખોલી અને પૂછ્યું: 'તમારે શું જોઇએ છે?'

'મ્હેં એના અઢીસો રૂપિયા આપ્યા છે.' બહેરામજીએ કહ્યું.

'આપ નામદારને એ લેવાની ઇચ્છા છે તો હું એના ત્રણસો રૂપિયા લઇશ પણ એક શરતે.'

એ સાંભળતાંજ લેડી સાહેબ ઊભાં થયાં અને પૂછ્યું: 'શી શરતે?'

'શેઠ વસનજીના વીલની રૂએ મી. દીવાનજી એમના ટ્રસ્ટી છે. અને એવણની ઑફીસ મેડોઝ સ્ટ્રીટમાં આવી છે. આપ નામદાર એમને મળીને એમની પાસેથી રસીદ લઇ આવો કે વસનજી શેઠ પાસેથી આપે લીધેલા દશ હજાર રૂપિયા આપે મી. દીવાનજીને આપ્યા છે. એ રસીદ હું જોઇશ કે તરતજ આ ટેબલ અને એની અંદરની બધીએ વસ્તુઓ આપને આપીશ.'

લેડી સાહેબ આંખો કાઢી બહેરામજી સામે જોઇ રહ્યાં.

'નહિ તો?'

'નહિ તો' બહેરામજીએ ઠંડે કલેજે ઉમેર્યું: 'જે કંઇ પગલાં ભરવામાં આવશે તે આપ નામદારને ભારે થઇ પડશે એટલું જ.'

લેડી સાહેબ મેડોઝ સ્ટ્રીટ તરફ તરતજ પોતાની મોટર હંકારી ગયાં.

* * *

બહેરામજીએ રજૂ કરેલી શરતે ટેબલ ખરીદી લીધા સિવાય લેડી સાહેબનો છૂટકો ન હતો.

☆

શેતુરનાં પાન

'ખંત અને મહેનતથી સમય અને સંજોગો અનુકૂળ હોય તો એક નાનો સરખો કીડો શેતુરનાં પાનમાંથી મૂલ્યવાન સાટીન તૈયાર કરે છે.'

એક જાણીતા વિદ્વાન લેખકે લખેલી આ કંડિકા જ્યારથી પ્રાણલાલે વાંચી ત્યારથી એનામાં અજબ ફેરફાર થયો હતો. એણે એ કંડિકા તે પછી તો અનેકવાર વાંચી હતી અને અનેક જાતના વિચાર કર્યા હતા. એને એ કંડિકામાં રહેલો વિચાર અદ્ભુત લાગ્યો હતો.

એક નાનો સરખો કીડો શેતુરનાં પાન જેવી નજીવી અને મામુલી ચીજમાંથી મહા મૂલ્યવાન સાટીન તૈયાર કરી શકે છે તો પછી અક્કલવાળો માનવી ખંત અને મહેનતથી શું ન કરી શકે? પણ એની સાથે સમય અને સંજોગો જોડાયલા હતા. સમય તો એની પાસે પણ જોઈએ તેટલો હતો. ન હતા માત્ર

સંજોગો અને તે કંઈ નીપજાવી શકાય એવું ન હતું પણ એને આશા હતી કે એવા સંજોગો પણ એને આવી મળશે. એ તેની રાહ જોતો હતો.

એ કોટમાં આવેલી મેડોઝ સ્ટ્રીટમાં સોલીસીટરોની એક પેઢીમાં એના મેનેજીંગ કલાર્ક તરિકે કામ કરતો હતો.

કોટના લત્તામાં ચર્ચગેટ સ્ટ્રીટને નાકેથી શરૂ થઈને મેડોઝ સ્ટ્રીટના બીજા નાકા સુધી સોલીસીટરોની અનેક પેઢીઓ આવેલી છે. કેટલાએ મકાનમાં બબ્બે, ત્રણ ત્રણ કે ચાર ચાર પેઢીઓ હોવા છતાં તેઓ પોતપોતાનું કામ સરળતાથી ચલાવે છે. એક બીજાના ઘરાકોને ભોળવવાની પદ્ધતિ ભાગ્યે જ જોવામાં આવે છે. સવારના અગિયારથી તે રાતના સાત વાગ્યા સુધી આ ઑફિસોમાં કામની સારી જેવી ધમાલ હોય છે.

અને બીજે બધે ઠેકાણે કોમી ભેદભાવ હશે પણ સોલીસીટરોમાં તો બહુ સારો ભાઈચારો છે. એમાં હિંદુ મુસલમાન, મુસલમાન પારસી, પારસી કે યુરોપીયન અને ગુજરાતી તથા દક્ષિણી એ બધા એક બીજાની સાથે ભાગીદારીમાં જોડાઈ શકે છે અને સાથે ધંધો કરી શકે છે. નગીનદાસ અને હુસેનઅલી. કામા અને જયકર. રાઘવૈયા અને નગીનદાસ, તૈયબજી ડાહ્યાભાઈ, દફતરી અને ફરેરા, ઠાકોરદાસ દરૂ હેમાણી, પટેલ અને બર્જીકલ તેમજ મટુભાઈ જમીયતરામ અને માદન: એવાં વિચિત્ર તેમજ જુદી જુદી નાત જાતનાં પ્રતિકરૂપ નામો નજરે ચઢે છે.

ઑક્ટોબર વેકેશન પડી ચૂકી હતી અને ઉત્તરા ચિત્રાનો સખત તાપ પડતો હતો. આ દિવસોમાં એક વખત સાંજના પાંચ વાગે એક માણસ મેડોઝ સ્ટ્રીટમાં દાખલ થયો. એ બેઉ બાજુએ સોલીસીટરોનાં નામનાં પાટિયાં જોતો જોતો આગળ ચાલવા લાગ્યો. આગળ ચાલતાં એને જોઈતું હતું તે નામ મળી આવ્યું હોય એમ લાગ્યું. એણે નામ જોયું અને અંદર દાખલ થયો. દાખલ

થતાં શરૂઆતમાં જ એની નજર એક ટેબલ ઉપર પડી. તેના ઉપર કેટલીક ચોપડીઓ પડી હતી. બાજુમાં એક બાંકડો હતો અને એક બે ખુરશી હતી. પણ એ બધું ખાલી હતું. એ જરાક આગળ આવ્યો અને ખુંખારો ખાધો. એની નજર એક જુવાન માણસ નીચું ઘાલીને કંઇક લખ્યા કરતો હતો તેના ઉપર પડી. તેણે પોતાની નજર ધીરેથી ઊંચી કરી અને આવનાર તરફ જોયું. આવનાર વૃદ્ધ ઉમરનો ભરાઉ છાતીવાળો ઊંચો પડછંદ માણસ હતો અને એણે દરિયાઇ લાંબી સફરો ખેડી હોય એવો એનો દેખાવ હતો. એની સફેદ દાઢી એનો દેખાવ ભવ્ય બનાવતી હતી. એણે પેલો જુવાન કે જે બીજો કોઇ નહિ પણ પ્રાણલાલ જ હતો તેને પૂછ્યું:

'નાણાવટી ?'

'મરી ગયા.'

'રામદત્ત ?' આવનારે પૂછ્યું.

'સોનાપુર ગયા.' પ્રાણલાલે કહ્યું.

'તો પછી નીચે પાટિયાપર લખીઉં છે ને નાણાવટી અને રામદત્ત.' પેલાએ કહ્યું, 'એનો માયનો શું ?'

'અરે બાવા ! તમે જરા ધ્યાનથી જોયું હોત તો બરાબર વંચાત કે એમાં લખીયું છ કે મેસર્સ નાણાવટી અને રામદત્ત વાળા મી. કરસનદાસ; કરસનદાસ એન્ડ કંપની. મી. નાણાવટીને મરણ પામે દશ વરસ થયાં. રામદત્તને છ થયાં, અને મી. કરસનદાસ એવણના જૂના ભાગીદાર છે. તેઓ જીવતા છે અને ઑફિસમાં છે.'

આવનાર માણસે બાઘાની પેઠે પહેલાં તો પ્રાણલાલ તરફ પછી કરસનદાસની ચેમ્બરના બારણા તરફ જોતાં કહ્યું: 'એમ! છે કે ?'

'જી ! હા !' પ્રાણલાલે જવાબ આપ્યો. 'એમને મળવું છે ?'

આવનારે પોતાની દાઢી પસવારતાં કહ્યું: 'હા! જોઇએ— નાણાવટી અને રામદત્ત, પણ આ ભાઇ ઠીક છે? ભલા છે? ચાલાક છે? જાણકાર છે? નહિ તો પછી મારૂં કામ—'

'મી. કરસનદાસ ભારે બાહોશ છે.' એમ કહીને પ્રાણલાલ ઊઠ્યો અને પૂછ્યું 'તમારૂં શું નામ કહું?'

'મ્હારૂં નામ?' પેલા માણસે પૂછ્યું 'નામ! પણ દીકરા તારૂં નામ શું તે તો કહે.'

'મ્હારૂં નામ પ્રાણલાલ. બોલો શું કહું?'

'મ્હારૂં નામ ફરામજી ચિનાઇ.'

પ્રાણલાલ તરતજ અંદર ગયો અને કરસનદાસને ખબર આપી તેમજ આવનાર માણસની પોતાપર પડેલી છાપ જણાવી.

'આવો ફરામજી બા' એમ કહીને એણે મી. ચિનાઇને કરસનદાસની ચેમ્બરમાં આવકાર આપ્યો.

'સાહેબજી બાવા!' એમ કરતા મી. ચિનાઇ અંદર દાખલ થયા અને પ્રાણલાલ બહાર આવ્યો.

પ્રાણલાલ પોતાના ટેબલ ઉપર બેઠા અને નીચું ઘાલીને કામ કરવા લાગ્યો. આખી ઑફિસમાં એ એકલોજ હતો. બીજા કલાર્કો તેમજ પટાવાળાઓ વેકેશનને લીધે ઑફિસ વહેલી બંધ થતી હોવાથી ચાલી ગયા હતા. મોડે સુધી બેસનાર માત્ર બેજ જણ હતા. એક કરસનદાસ અને બીજો પ્રાણલાલ.

પેલો તદ્દન અજાણ્યો ફરામજી ચિનાઇ અને કરસનદાસ કોણ જાણે શીએ વાતે વળગ્યા. અવારનવાર કરસનદાસના સાધારણ હસવાનો અવાજ સંભળાતો. ચિનાઇ હસતો તે તો ખડખડાટ અને મોટા અવાજ કરીને. આમ ને આમ દશ મિનિટ વીસ મિનિટ અને અડધો કલાક થઇ ગયો. પ્રાણલાલને નવાઇ લાગી. આ માણસને એવું તે શું કામ હતું?

એ વરસો સુધી પરદેશમાં રહ્યો હોય અને ત્યાંથી પાછો ફર્યો હોય

એમ લાગતું હતું. એ મુંબાઇનો ભોમિયો હશે તેમજ નાણાવટી અને રામદત્તની પેઢી સાથે એણે કામ પાડ્યું હશે અને તેથી જ તે એ નામ વાંચીને ઉપર આવેલો એવો પ્રાણલાલને વિચાર થયો.

છેવટે કરસનદાસની ચૅમ્બરનું બારણું ઉઘડ્યું અને ચિનાઇ બહાર આવ્યો. એને કરસનદાસે ધીરેથી કહ્યું: 'મી. ચિનાઈ! જરા મારૂં કહ્યું માનો. ભલા થઇને એ મારી પાસે રાખી જાવ.'

ચિનાઇએ આમતેમ જોયું. વળી કંઇ વિચાર કર્યો અને પાછો એ કરસનદાસના ઓરડામાં ગયો. કરસનદાસ પોતાના ટેબલ ઉપરથી ઊઠ્યો અને દરવાજો બંધ કર્યો. તે પછી શું થયું એ પ્રાણલાલને સંભળાયું નહિ.

* * *

પાંચેક મિનિટ થઇ ગઇ, પછી મી. ચિનાઇ ઝુલતા ઝુલતા બહાર આવ્યા અને પ્રાણલાલ તરફ હસીને કહ્યું: 'પ્રાણલાલ કેવા? મહેતા કે વાનીયા?'

'પારેખ.' પ્રાણલાલે હસીને જવાબ આપ્યો.

અને પછી એ પોતાની દાઢી પસવારતો બહાર ગયો. થોડી વારે મી. કરસનદાસ પણ બહાર નીકળ્યા અને પ્રાણલાલને ઑફિસ બંધ કરીને જવા કહ્યું.

કરસનદાસના ગયા પછી પ્રાણલાલ ઊઠ્યો અને કરસનદાસના ઓરડામાં જઇને એની ડાયરી જે ખુલ્લી પડી હતી તે જોવા માંડી. કરસનદાસની એક સારી ટેવ એ હતી કે કોઇપણ માણસ એમને કંઇ કામસર મળતો તો તેની, તેના કામની તેમજ તેની સાથે થયેલી વાતની વિગત એ પોતાની ડાયરીમાં નોંધી લેતો. એ દિવસે ત્રણેક નોંધ એણે એ રીતે ચોખ્ખા અક્ષરે લખેલી હતી પણ ફરામજી ચિનાઇ વિષે, એ ખાસ્સો પોણો કલાક રોકાયો તો પણ પોતાની ડાયરીમાં કરસનદાસે એક હરફ સુદ્ધાં લખ્યો ન હતો. પ્રાણલાલ વિચારમાં પડી ગયો, એને ફરામજી

બહાર નીકળ્યો તે વખતે કરસનદાસે કહેલા શબ્દો યાદ આવ્યા. ‘મી. ચિનાઈ, મારું કહ્યું માનો. ભલા થઈને એ મારી પાસે રાખી જાવ.’

એની પાસે શું રાખે? પૈસા? કાગળિયાં? કોઈ કિંમતી ચીજ? શું? ગમે તે હોય પણ ફરામજી પાછો ફર્યો અને એણે કરસનદાસની સલાહ માની. કરસનદાસની પાસે એ શું રાખી ગયો? પ્રાણલાલે બીજો પણ વિચાર કર્યો કે કરસનદાસ આમ તો ચાલાક છે. એણે જોયું હશે કે આ ફરામજી જબરો પીપીયાદાસ છે અને એ પીધા સિવાય રહેવાનો નથી. વળી પરદેશથી આવ્યો છે, પાસે ચાર પૈસા હશે એટલે વધારે પીશે. એની પાસે કંઈ પણ કિંમતી વસ્તુ હોવી જોઈએ. સાધારણ નહિ પણ ભારે કિંમતની હોવી જોઈએ અને તેથી જ કરસનદાસે એ ચીજ પોતાની પાસે રાખી જવા એને સમજાવ્યો હશે. એની સમજાવટને માન આપી ચિનાઈ એ રાખી ગયો હશે. પણ, એ હતું શું? કઈ કિંમતી ચીજ હશે? એ ક્યાં રાખવામાં આવી? પ્રાણલાલે ખૂણામાં પડેલી તીજોરી તરફ જોયું. એમાં તો નહિ હોય? બનવા જોગ છે! કરસનદાસ પાસે એની ચાવી રહેતી હતી. પણ પ્રાણલાલે વળી પાછું પોતાનું ડોકું ધૂણાવ્યું. આ તીજોરીમાં કરસનદાસ એવી કોઈ કિંમતી ચીજ ભાગ્યે જ રાખી જાય. હશે! જે હોય તે ખરું! ચાલો જઈએ એમ કરીને બત્તી બુઝાવી, બારણાં બંધ કર્યાં, તાળું માર્યું અને પોતાના ઘરનો રસ્તો લીધો. એ પોતાને ઘેર આવ્યો, જમ્યો અને જરા આડે પડખે થયો તો પણ એને ફરામજીના જ વિચાર આવવા લાગ્યા. એ પાંચ વરસથી કરસનદાસ સાથે કામ કરતો હતો પણ અત્યાર સુધીમાં આ રીતે કરસનદાસે પોતાની ડાયરીમાં નોંધ ન કરી હોય એવો પ્રસંગ ભાગ્યે જ બનવા પામ્યો હતો. કંઈ કેટલાંએ ગીરો અને વેચાણનાં કામ, હાઈકૉર્ટ તેમજ અપીલ કૉર્ટનાં કામ

તથા અનેક પ્રકારના ગુંચવણભર્યા કેસોની સલાહો આપવામાં કરસનદાસે ભાગ લીધો હતો. પણ એ બધાની ટુંકામાં મુદ્દાસર અને કાળજીપૂર્વકની નોંધ કરસનદાસે એ ડાયરીમાં લખી હતી. તો પછી ફરામજી ચિનાઇ સાથે પોણો કલાક ગાળવા છતાં એક અક્ષર પણ કરસનદાસે કેમ લખ્યો ન હતો? એ શું એણે હેતુ પુરઃસર કર્યું હતું? ફરામજી અને કરસનદાસ વચ્ચે શું બન્યું તે જાણવાની એની આતુરતા વધી. એના મગજમાં બે સવાલ ઘોળાવા લાગ્યા. ફરામજી કરસનદાસ પાસે શું રાખી ગયો? અને કરસનદાસે એ સંબંધી કંઇ પણ નોંધ શા કારણથી ન કરી?

એને કંઇ ચેન પડયું નહિ એટલે એ ફરવા નીકળ્યો. મોટે ભાગે એ કોલાબા તરફ ફરવા જતો અને દરિયા કિનારે લટાર મારી આમ તેમ ફરી ટ્રામમાં એ પાછો ફરતો.

દરિયા કિનારે છેક કોલાબા તરફના છેલ્લા બાંકડા ઉપર ફરામજી બેઠો હતો. એની રસ્તા તરફ પીઠ હતી એટલે પ્રાણલાલની નજર એના તરફ એકાએક તો ન પડી પણ ફરામજીએ જ એને બોલાવ્યો. 'કાંય દીકરા! આવની.'

પ્રાણલાલ એની પાસે જઇને બેઠો. ફરામજીએ ભારોભાર દારૂ ચઢાવ્યો હોય એમ એની વાસ ઉપરથી પ્રાણલાલને લાગ્યું.

'જોની દીકરા! મને તો આ પવન બહુજ ગમે છે. શું દરિયાનો ખુશનુમા પવન છે! હું જ્યારે બી અહિંયાં આવું છ ત્યારે હું ભલો, આય બાંકડો ભલો અને આ દરિયાનો પવને ય ભલો. એની મોજની તો શું વાત કરૂં? અને આ મુંબઇ ખરેખર બેહસ્ત છે. મારો જન્મ તો અહિંયાં જ થયેલો પણ ઘણા વરસ હું પરદેશ ખેડી આવ્યો.'

'તમે બહુ વરસે આવીયા ખરૂંને?' પ્રાણલાલે પૂછ્યું: 'ત્યારે તો તમને મુંબઇ ફરી ગયેલું લાગતું હશે?'

'અરે હારે! સદંતર ફરી ગયેલું જો! અને મારા ગોઠીયાઓ

કચ કંઇ મરી ગયા જો. લે તારી પેઢીનીજ વાત કરને. પેલો વાણિયો મારા જેટલો જ બુઢ્ઢો હતો. મારી હારનો : એ બી મરી ગયો. પેલો રામદત્ત પણ મરી ગયો. તેં શું કહેલું સોનાપુર ગયેલો. તમને પોરિયાઓને સુઝે છે બી ઠીક. ઠીક છે! આ કરસનદાસ એવણનો ધંધો ઠીક ચલાવે છે. ઠીક છે! માણસ ચાલાક છે. અચ્છો છે.'

'કેમ એવણની સાથે તમારૂં કામ બરાબર થયું ને?' પ્રાણલાલે પૂછ્યું.

'તદન સંતોષકારક! શાણો માણસ, ભલો માણસ, ડાહ્યો માણસ! મારા કામ માટે એવાજ માણસની જરૂર હતી. હું શું કામ આવ્યો હતો તે એણે તને કહ્યું?'

'એક હરફ બી નહિ.' પ્રાણલાલે જણાવ્યું.

'એ તે માણસ! તું જ્યારે જાણશે ત્યારે તને દીકરા! નવાઇ લાગશે. કાલે જાણશે કોક દહાડો જાણશે. મોટા મોટા ભેદ. અજબ કિંમતી. ખૂબ પૈસા! પૈસાજ પૈસા.'

'કરસનદાસ પાસે એ તદ્દન સલામત છે!' પ્રાણલાલે કહ્યું. 'મી. ચિનાઇ! એથી સારો બીજો કોઇ પણ માણસ મળવો મુશ્કેલ છે.'

ફરામજીએ પોતાની દાઢી પસવારી અને આંખો મટમટાવતાં કહ્યું :

'એ દેખાય છે તે કરતાં પણ વધારે ડાહ્યો લાગે છે. અને પોરીયા! તું બી દોઢશાણો છે. તું બી શું બીજાની વાતમાં માથું મારે છે! તારા જેવા તો કંઇક છોકરા મેં જોયા છે. હું તો બહુજ દુનિયા ફર્યો. તારા જેવા છોકરા તો મારા બેઉ ખીસ્સામાં રમે છે. મ્હેં તો કંઇ જોઇ નાખ્યા. જરા ધ્યાન રાખ, ધ્યાન રાખ! પોરિયા! બીજાના કામમાં માથુ ન મારીએ.'

'તમારી સલાહ માટે મોટો આભાર : ફરામજી બા! હવેથી

હું વધારે ધ્યાન રાખીશ.'

'તારા જેવા ચક્કરવક્કર ડોળાવાળા અને લાંબા નાકવાળા કંઈક ફાંસીને માંચડે ચઢી ગયા. લુચ્ચાઓ! પણ તું અને તારો શેઠ ઠીક છેઓ. બેઉ પાસે મારો છૂપો ભેદ સલામત છે.'

'હા રે તદ્દન સલામત'

'અરે તેરિકી! એમ ખાંડ નહિ ખાતો કે મેં આજે સાંજના કરસનદાસને શું આપ્યું છે તે હું તને કહેવસ! જારે! તારા જેવા તો કંઈ આવી ગયા.'

'તો કંઈ નહિ. મેં ક્યાં કહ્યું કે તમે મને એ બધું કહો. જેવી તમારી મરજી.'

'એમ ઘેલો નહિ થા. ચાલ કંઈ લેશે કે?' એમ કહીને ફરામજી ઊઠ્યો.

'નહિ રે! બાવા અમારું વાણિયાનું કામ નહિ.'

પણ ફરામજી એને ઘસડી ગયો. થોડે દૂર આવેલા એક રેસ્ટોરાંમાં જઈ એણે પોતાને માટે રમનો ઓર્ડર આપ્યો અને પ્રાણલાલને માટે વીમટો મંગાવ્યો.

પ્રાણલાલને લાગ્યું કે વખતે ફરામજી એને બધી વાત કરશે.

ફરામજીએ પોતાના પીણાને ન્યાય આપ્યો અને પ્રાણલાલને કહ્યું: 'હવે દીકરા! જવું હોય તો જા, તને રજા છે. હજી તો મ્હારી તરસ છીપી નથી.'

પ્રાણલાલે રજા લીધી.

ફરામજી સાથે આ રીતે ઓળખાણ વધવાની એને આશા જણાઈ. વળતે દિવસે પણ એ ઠેકાણે તો મળશે જ એટલે એ પોતાને ઘેર આવ્યો અને હમેશના નિયમ પ્રમાણે દશ વાગે સૂઈ ગયો.

બીજે દિવસે સવારે સાત વાગે એ ઊઠ્યો અને બહાર ફરવા ગયો. કોલાબા તરફ એ સામાન્ય રીતે ફરવા જતો.

રસ્તામાં જ એને પોલિસના એક સિપાઇએ બોલાવ્યો અને કહ્યું: ' પારેખ સાહેબ! પેલા મી. ચિનાઇનું કાલે રાત્રે શું થયું તે તમે સાંભળ્યું કે? મેં કાલે રાતના જ તમને એ ભાઇ સાથે જોયેલા એટલે પૂછું છું. એને કાલે સાંજના મ્હારા એક સાથીદારે તમારી ઑફિસનો રસ્તો પણ બતાવ્યો હતો. એ બિચારો ગઇ કાલે ડૂબી ગયો છે.'

' શું કહ્યું! ડૂબી ગયો? કયાં? ક્યારે?' પ્રાણલાલે પૂછ્યું.

'ડોકટર તો કહે છે કે એને મરી ગયે ઘણો વખત થયો. આજે સવારે સાત વાગે ગેટ વે પાસે એનું મડદું જોયું. એમ કહે છે કે એ દરિયા કિનારે બેઠાં બેઠાં જરા ડોકું ઢાળીને જોવા ગયો હશે અને ઉથલી પડયો હશે. એનું મડદું તમે ઓળખાવી શકશોને?'

પ્રાણલાલે હા પાડી. એ પોલિસની સાથે ગયો. તેણે ફરામજી ચિનાઇનું મડદું ઓળખાવ્યું અને પોલિસે પૂછ્યું એટલા જવાબ આપ્યા.

ફરામજી ગયો. એનો ભેદ! કિંમતી ભેદ કરસનદાસ પાસે રહ્યો. કરસનદાસ એને કંઇ કહેશે ખરા?

*　　*　　*

કરસનદાસે પ્રાણલાલને કંઇજ કહ્યું નહિ અને પ્રાણલાલે કરસનદાસને ફરામજી સાથે કોલાબા ઉપર પોતાને થએલી વાત વિષે કશુંજ કહ્યું નહિ. એણે પોલિસે જે કંઇ કહ્યું હતું તે બધું કરસનદાસને જણાવ્યું અને એનું મડદું એણે પોતે ઓળખાવ્યું હતું તે વાત કરી.

'મેં ધાર્યું જ હતું પ્રાણલાલ! કે એ બુઢ્ઢો લાંબુ જીવવાનો ન હતો. એ દારૂનો ભારે શોખીન હતો અને એની અસરમાં એ ઉથલાઇ પડ્યો હોય ને દરિયામાં ડૂબી ગયો હોય એ બનવા જોગ છે. અલબત્ત; એના ઉપર કોરોનરની જ્યુરી તો ભરાશે.'

પ્રાણલાલને એ ખબર હતી. શું થશે તે એ જાણતો હતો.

પેલાએ કહ્યું હતું કે એના સાથીદારે સાંજના ફરામજી ચિનાઇને નાણાવટી અને રામદત્તની પેઢીનો રસ્તો બતાવ્યો હતો. એ જરૂર બહાર આવશે અને પછી કોરોનર જાણવા માગશે કે મરનાર નાણાવટી અને રામદત્તની પેઢીમાં શા માટે ગયો હતો? એને ત્યાં શું કામ હતું? એ બધુંએ ધીરે ધીરે કોરોનર પૂછશે અને કરસનદાસને એનો જવાબ આપવો પડશે.

એની એ ધારણા ખરી હતી. કરસનદાસને કોરોનરની કોર્ટનું તાકીદનું તેડું આવ્યું અને એ પ્રાણલાલને લઇને ત્યાં ગયો.

પણ પ્રાણલાલને સંતોષ થાય એવું કંઇ ત્યાં બનવા પામ્યું નહિ. ત્યાંનું કામકાજ તદ્દન શુષ્ક, ઠંડુ અને સામાન્ય હતું. ફરામજીનો ભાઇ નીકળી આવ્યો. તેણે કહ્યું કે ફરામજી આગલે દિવસે પરદેશથી આવ્યો હતો. એણે પોતાના ભાઇને ઓળખાવ્યો. પછી ડૉક્ટરે જુબાની આપી અને એનું મરણ કયા સંજોગોમાં થયું હશે તે વિષેનો પોતાનો અભિપ્રાય જણાવ્યો.

અલબત્ત, એ બધુંએ પ્રાણલાલને મન તદ્દન નિરૂપયોગી હતું.

પછી કરસનદાસની જુબાની લેવાઇ. કોરોનરે કરસનદાસને સિદ્ધો સવાલ પૂછ્યો:

'મરનાર તમારી ઑફિસમાં શા કામે આવ્યો હતો મી. કરસનદાસ?'

કરસનદાસે હસીને સરસ જવાબ આપ્યો:

'અમસ્તો જ! એનું કામ માત્ર ગપ્પાં મારવા પુરતું જ હતું. તે વખતે પણ એ દારૂના ઘેનમાં હતો. એણે મ્હને જણાવ્યું કે એ મ્હારા જૂના ભાગીયા મી. નાણાવટીને ઓળખતો હતો. એ બંને સરખી ઉંમરના હતા અને નિશાળમાં સાથે એકડા ઘુંટ્યા હતા એટલે અવારનવાર એ એવણને મળવા આવતો. એણે મ્હને એમ પણ કહ્યું કે એ ચારે તરફ સારી યે દુનિયામાં સફર કરી આવ્યો હતો અને એણે કંઇક નવાજૂની જોઇ હતી.

અલબત્ત મેં પણ એની સાથે હસીને વાત કરી, બાકી ખરી રીતે જોઈએ તો મારે ત્યાં એ ધંધાદારી કારણે આવ્યો ન હતો.'

'એમ બાબત છે!' કોરોનરે કહ્યું 'ત્યારે તો પછી જ્યુરીના ગૃહસ્થોને આ અકસ્માતનાં કારણો શોધવાની ઝાઝી તકલીફ પડશે નહિ.'

પ્રાણલાલે એ સાંભળ્યું પણ આ પ્રસંગે કંઈ પણ બોલવાનું એણે ઉચિત ન ધાર્યું. એને એ પણ ખાત્રી હતી કે જો તે પોતે ધારે તો આખી કોર્ટમાં સનસનાટી ફેલાવી શકે તેમ હતું. માત્ર થોડાક શબ્દો જો એ બોલે તો: પણ તેમ કરવાની એની ઇચ્છા ન હતી. કરસનદાસ શું કરે છે તે ઉપર તકેદારી રાખવાનો તેનો વિચાર હતો. કરસનદાસને એ પોતાનું નાવ સરળ રસ્તે હાંકનાર બાહોશ નાવિક તરીકે જાણતો હતો. હવે એણે એના ગુણોની ટીપમાં એક ઉમેરો કર્યો કે વખત આવ્યે એ સફાઈદાર જુઠાણું બોલી શકે છે. ફરામજીએ કરસનદાસ પાસે કાંઈક વસ્તુ રાખી હતી. એ વસ્તુ, એ ચીજ, એ ભેદ ઘણો જ કિંમતી હતો. એના ખૂબ પૈસા પુષ્કળ પૈસા, સોના મ્હોરો ઉપજાવી શકાય એમ હતું અને કરસનદાસ કોઈ પણ માણસ એ વાત જાણતું નથી એવી માન્યતાથી તેમજ મરનારે પોતે પ્રાણલાલને કોલાબા ઉપર, પોતે એક કિંમતી ચીજ કરસનદાસને આપ્યાની વાત કરી છે તેથી અજાણ હોવાથી એમ માનતો હતો કે ફરામજીએ આપેલી એ કિંમતી ચીજ એને પોતાને પચી જશે. એને પૈસાની જરૂર હતી કારણ કે શેર બજારમાં ડીફર્ડના ઉછાળાને લીધે ચાલુ વલણમાં એને સારી જેવી રકમ ચુકવવાની હતી. અલબત્ત, એને પહોંચી વળવા જેટલી કરસનદાસની તૈયારી હતી છતાં એના ઢીલા પડેલા ટાંટીયામાં ફરામજીએ આપેલી કિંમતી ચીજે જોઈતો બળ સંચાર કર્યો હતો. કોઈપણ હિસાબે ફરામજીએ કરસનદાસને શું આપ્યું તે શોધી કાઢવાનું પ્રાણલાલે નક્કી કર્યું

હતું. અને એની ખાત્રી હતી કે કરસનદાસનો અજાણતાં બોલાયેલો બોલ અથવા તો એણે અજાણતાં ભરેલું એકાદ પગલું એ ભેદ ખુલ્લો કરી આપશે. પણ પ્રાણલાલને એ રીતે કરસનદાસ પર ધ્યાન રાખવાની ઝાઝી તક મળી નહિ. ફરામજી મરી ગયા પછી ત્રીજે સોમવારે પ્રાણલાલ ઑફિસમાં ગયો ત્યારે એને નવાઇ લાગી કે ઑફિસનું બહારનું તાળું વાસેલું ન હતું અને બારણું ખાલી બંધ કરેલું હતું. એ ધક્કો મારીને અંદર ગયો. બહારના ઓરડામાં તો કંઇ ફેરફાર દેખાયો નહિ. એ કરસનદાસની ચેમ્બર-માં ગયો. કરસનદાસ પોતે જ એ ઓરડામાં ઉંધે માથે પહોળા હાથે પોતાના હાથની મુઠીઓ વાળી પડ્યો હતો. ઠરી ગયેલા લોહીના એના માથા પાસે આજુબાજુ ગઠ્ઠા બાઝ્યા હતા અને એની માથાના વાળ લોહીથી ખરડાયેલા હતા. પ્રાણલાલ એને હાથ લગાડતાં પહેલાં જ સમજી ગયો કે કરસનદાસ મરણ પામ્યા છે અને એમને મરી ગયે ઘણો લાંબો વખત થયો છે.

* * *

પ્રાણલાલને એ વખતે કેટલીક બાબતો સમજાઇ. એક તો એ કે કરસનદાસની ચેમ્બર તળેથી ઉપર અને ઉપરથી નીચે કોઇએ તપાસી હતી. તીજોરી ખુલ્લી પડી હતી. એમાંની વસ્તુઓ અવ્યવસ્થીત અને વેરવીખેર પડી હતી. કરસનદાસના મોટા ટેબલનાં એક એક ખાનાં ખેંચી કાઢવામાં આવ્યાં હતાં અને એમાંની વસ્તુઓ કોઇએ તપાસી હતી. અસીલોના કાગળવાળી પતરાની પેટીઓ તોડી નાખીને એમાંનાં કાગળીયાં તપાસવામાં આવ્યાં હતાં. એ આખાએ ઓરડામાં એક પણ ચીજ એવી ન હતી કે જેની બારિક તપાસ કરવામાં આવી ન હોય. અલબત્ત, ખૂનીએ ખૂન કર્યા પછી ઘણો વખત એ ઓરડામાં ગાળ્યો હતો. એણે એ બધા વખત દરમ્યાન પોતે જે હથિયારથી કરસનદાસનું ખૂન કર્યું હતું તે ખસેડવાની પણ તસ્દી લીધી ન હતી. એ એક હથોડી હતી

અને તેનો ઉપયોગ બ્રીફ બાંધવાના ટોચાને મારવામાં થતો હતો.

પ્રાણલાલે એ બધું અંદર દાખલ થતાં જોયું પછી એની નજર બીજી કોઇ ચીજ પર પડી. કરસનદાસના ટેબલ ઉપર કંઇ કેટલાયે કાગળો પડ્યા હતા તેના ઉપર લીલી શાહીની આખી બાટલી ઢળી ગઇ હતી. કરસનદાસને લીલી શાહીનો શોખ હતો અને એ પોતે તેની બાટલી પોતાના ટેબલ ઉપર રાખતો. ખૂનીએ ઉતાવળમાં એ બાટલી ગબડાવી હશે અને એ શાહીનો ખડીયો આખો ઢળી ગયો હશે. પ્રાણલાલ આ બધું ઝીણવટ જોવા વધારે વખત થોભ્યો નહિ. એ એકદમ બહાર આવ્યો અને પોલિસને ટેલિફોન કર્યો.

*　　　*　　　*

પોલિસ સરજને અભિપ્રાય આપ્યો કે કરસનદાસને મરી ગયે ઓછામાં ઓછા છત્રીસ કલાક થયા હતા એ ઉપરથી પોલિસે નક્કી કર્યું કે કરસનદાસનું ખૂન શનિવારે સાંજના મોડેથી કરવામાં આવ્યું હોવું જોઇએ. કરસનદાસને ત્યાં તપાસ કરતાં જણાયું કે શનિવારે રાત્રે આઠ વાગે એક નાની પેટી લઇને એ એમ કહીને બહાર ગયો હતો કે આખો રવિવાર તે કાંઇ કામસર બહાર જવાનો છે ને સોમવારે સવારે ઑફિસમાં બારોબાર જશે. એ ઉપરથી પોલિસે એમ અનુમાન બાંધ્યું કે કંઇ કારણસર કરસન-દાસ પોતાની ઑફિસમાં આવ્યો હોવો જોઇએ. એની પાછળ ખૂની પણ છાનોમાનો ઑફિસમાં દાખલ થયો હોવો જોઇએ અને એણે એકાએક ખૂન કરીને એ આખો ઓરડો તપાસ્યો હોવો જોઇએ.

પણ શાને માટે આખો ઓરડો તપાસ્યો હશે? એ એક જ સવાલનો ઉકેલ પોલિસને જડતો ન હતો. તેનો જવાબ આપે એવો એક જ માણસ હતો અને તે પ્રાણલાલ. પ્રાણલાલ જેવો સ્વસ્થ થયો તેવી જ એની ખાત્રી થઇ ગઇ કે જે ચીજ ફરામજી

કરસનદાસને આપી ગયો હતો તે ચીજ મેળવવાને માટે ખૂનીએ કરસનદાસનું ખૂન કરીને તપાસ કરી હતી. એણે આટલી વિગત જો પોલિસને કહી હોત તો છૂપી પોલિસના ખડેખાંઓએ કાગનો વાઘ કરી મૂક્યો હોત. પણ પોલિસને કરસનદાસના મરણનો ભેદ અને ફરામજીએ લીધેલી કરસનદાસની મુલાકાત એ બે પ્રસંગોને એક બીજા સાથે સંકલવાનો કદીએ વિચાર આવ્યો નહિ. ઉલટું એ સંબંધી પ્રાણલાલને કંઇ પૂછ્યું. નહિ અને પ્રાણલાલે પણ પોતે જાતે કંઇ પણ કહેવાનો વિચાર સરખોએ કર્યો નહિ. વાત એમ હતી કે પોલિસે દબાણ કર્યું હોત તો પણ પ્રાણલાલનો તેમને મદદ કરવાનો ઇરાદો ન હતો.

આ પ્રકરણ પુરૂ થયું એટલે કરસનદાસના ઓરડાની બધી ચીજો વ્યવસ્થીત ગોઠવવાનું કામ પ્રાણલાલને માથે આવ્યું. એ કામ પ્રાણલાલને ગમતુ હતું કારણ કે એની દઢ માન્યતા હતી કે ખૂની જે શોધી કાઢવા માગતો હતો તે ચીજ ત્યાં જ પડી હતી. એમ હોય, અને પ્રાણલાલ માનતો હતો કે એમ હતું જ: તો પછી તે શોધી કાઢવાનું કામ એનું હતું.

અને સદ્ભાગ્યે બે એક અઠવાડિયાં પછી એ ભેદ પ્રાણલાલને એકાએક જડયો. એણે એ આખો ઓરડો વ્યવસ્થિત કર્યો હતો. કાગળો અને દસ્તાવેજો સૌ સૌને ઠેકાણે મૂકયા હતા. તીજોરીની વસ્તુઓ પણ બરાબર ગોઠવી હતી. પ્રાણલાલે પોતાના વિચારના સમર્થનમાં એ ઓરડામાં પોતાની ફુરસદનો ઘણો વખત ગાળ્યો હતો અને શાન્ત ચિત્તે પોતાની તપાસ ચાલુ રાખી હતી. ખૂનીને એ ઓરડો તપાસવાને માત્ર થોડા કલાક મળ્યા હતા અને તેમાં પણ એને પોતાનું કામ ખૂબ ઝડપથી કરવાનું હતું. એટલો એ બેઉની તપાસમાં મુખ્ય ફેર હતો.

પણ ખૂબ મહેનતને અંતે પ્રાણલાલને સફળતા મળી. એણે કરસનદાસના મોટા ટેબલમાંનું એક નાનું ખાનું જેનો ઉપયોગ

મરનાર પોતાની તંબાકુ કે એવી કોઈ ચીજ રાખવા કરતો હતો તે પ્રાણલાલે બહાર કાઢ્યું. એણે અત્યાર સુધી તે ઉઘાડયું જ ન હતું. એને એમ લાગ્યું કે જ્યારે શાહીનો ખડીઓ ઢળી ગયો હશે ત્યારે એ ખુલ્લું હોવું જોઈએ. એમાં સીગાર, સીગારેટો અને પાઈપની તંબાકુ રાખવાની કરસનદાસની ટેવ હતી. એ બધુ શાહીમાં ભીંજીને તરબોળ થઈ ગયેલું હતું. હવે તો શાહી સુકાઈ હતી. પ્રાણલાલે એ બધું ફેંકી દેવા ઉપાડયું. જેવો એણે બાચકો ભર્યો તેવોજ એની આંગળીઓએ કોઈ કઠણ વસ્તુનો સ્પર્શ થયો. એણે એ કઠણ વસ્તુ સૌથી પહેલાં શોધી કાઢી. એ પહેલ પાડયા વિનાનો એક મોટો પાણીદાર હીરો હતો.

પ્રાણલાલને એના હાથમાં એ હીરો આવ્યો ત્યારે પહેલો વિચાર એ ન આવ્યો કે એ હીરાની કિંમત શું હશે? એનો ઇતિહાસ શું હશે? અથવા તો એનું શું કરી શકાશે? એને જે વિચાર આવ્યો તે એ કરતા ઘણો વધારે અગત્યનો હતો. એ એક સવાલના રૂપમાં હતો અને એનો રણકાર રાજાબાઈ ટાવરના બારના ડંકા જેવો, કાનને ધાણુધણાવી નાખનારો હતો.

કોને ખબર હતી કે કરસનદાસ પાસે આ હીરો હતો? એ મેળવવા માટે કરસનદાસનું ખૂન કોણે કર્યું હતુ? એ માણસ કોણ હતો?

અને એ સવાલમાંથી બીજા અનેક રણકાર ગુંજતા હતા. ખૂની મુંબઈનો રહીશ હતો, કરસનદાસે પોતાનો ભેદ એને જણાવ્યો હતો, અથવા તો એ ફરામજીનો કોઈ મિત્ર અથવા દોસ્તદાર હતો કે જે ફરામજી પાસે એ હીરો હોવાનું જાણતો હતો. તેમજ એવી શોધ કરવા એ મુંબઈ આવ્યો હતો. ગમે તેમ, ખૂની જે હોય તે ખરો, એ હીરો મેળવવામાં તે નિષ્ફળ નિવડયો હતો. અત્યારે એ હીરો પ્રાણલાલને હાથ ચઢયો હતો. માત્ર એકજ સવાલ હતો કે એ માણસ પાછો આવશે? હજીયે એ કોઈ ઠેકાણે છૂપાઈને રાહ

જોતો હશે ? પ્રાણુલાલે બધીએ વાતનો વિચાર કરી જોયો. પોતાના પરિભ્રમણમાં ફરામજીએ એ હીરો કોઇ પણ ઠેકાણેથી ખરી રીતે યા ખોટી રીતે ગમે તેમ કરીને મેળવ્યો. ફરામજી એ મુંબઇ લઇ આવ્યો. જકાત આપ્યા સિવાય એ બહાર લાવ્યો, અને કરસનદાસને બતાવ્યો. વખતે એનો નિકાલ કરવા માટે એણે કરસનદાસની સલાહ લીધી હશે. કરસનદાસે એ હીરો અનામત તરીકે પોતાને ત્યાં રાખવા ફરામજીને સમજાવ્યો અને એ કબૂલ થયો. પછી ફરામજી મરી ગયો. પોતાની પાસે એ હીરો શી રીતે આવ્યો છે એ વાતની કોઇને કશી પણ ગંધ નથી એવા વિચારમાં કરસનદાસ હતો; અને એ પણ મરાયો. હવે એ પ્રાણુલાલના હાથમાં આવ્યો હતો. અલબત્ત, એ પચાવવાનું પ્રાણુલાલને માટે મુશ્કેલ હતું છતાં એણે પુરૂષ પ્રયત્ન કરવાનું નક્કી કર્યું.

એને પેલું વાક્ય યાદ આવ્યું. એક નાનો સરખો કીડો ખંત અને મહેનત, તથા સમય, અને સંજોગોની અનુકૂળતાએ શેતુરનાં પાનમાંથી સાટીન જેવું મહા મૂલ્યવાન કપડું તૈયાર કરી શકે છે.

એણે પણ એવી જ રીતે પોતાની ખંત અને મહેનત તથા સમય અને સંજોગોની અનુકૂળતાને લીધે આ મહા મૂલ્યવાન મણિ મેળવ્યો હતો. એણે એ પોતાના ખીસ્સામાં મૂક્યો, અને પોતાના રહેઠાણમાં એવી રીતે છૂપાવ્યો કે જ્યાંથી ગમે તેવી બારીક શોધ કરવા છતાં પણ એ કોઇનેયે ન જડી શકે.

પછી પ્રાણુલાલે પોતાનો કાર્યક્રમ નક્કી કર્યો. કરસનદાસની પેઢીનું બાકીનું કામકાજ, એના ચાલુ કેસના કાગળો એના વારસો સાથે નક્કી કરી કોઇ બીજા સોલીસીટરને સોંપવાનું તેમજ જૂના કાગળોની ઘટતી વ્યવસ્થા કરવાનું થોડા વખતમાં નક્કી થયું. પંદરેક દિવસમાં એ કામ પુરૂં થતાં પ્રાણુલાલની નોકરી છૂટી જતી હતી.

જે પેઢીએ કરસનદાસનું ચાલુ કામ લઇ લીધું તેની સાથે

ઓછે વત્તે પગારે પ્રાણલાલ જોડાઈ શક્યો હોત પણ એ રીતે જોડાવાની એની ઈચ્છા ન હતી. તેનો વિચાર મુંબઈ છોડવાનો હતો અને પોતાને મળેલો હીરો બને તેટલી વધારે કિંમતે વેચી કાઢવાનો હતો. એ હીરો વેચાય, એનાં નાણાં આવે અને પોતે દેશમાં જાય તો ત્યાં એ સુખેથી રહી શકે એમ હતું. એ વિચાર અમલમાં મૂકતાં પહેલાં એણે હીરાની કિંમત અને એની જાતો વિષે સામાન્ય જ્ઞાન મેળવવાનું નક્કી કર્યું. એનું ભેજું ભારે ફળદ્રુપ હતું. એ વિષયને લગતાં પુસ્તકો મુંબઈના એક બુકસેલરને ભળતે નામે અને ભળતે ઠેકાણે મોકલવાનો ઑર્ડર આપ્યો. એ રીતે એણે પુસ્તકો મેળવ્યાં. ખરીદનાર તરીકે પોતાનું નામ જણાવા દીધા સિવાય.

પુસ્તકો મળ્યાં એટલે એણે એનું વાંચન શરૂ કર્યું. ઑફીસમાં એને હવે કંઈ કામ રહ્યું ન હતું. એ ભલો અને એનાં પુસ્તકો ભલાં. એક દિવસ સવારના એ આ વિષયને લગતાં પુસ્તકો વાંચતો હતો. એના ટેબલ ઉપર કેટલાંક પુસ્તકો ખુલ્લાં પડ્યાં હતાં. એવામાં એની ઑફીસમાં એક ઈરાની ઝવેરી આવી પહોંચ્યો. પ્રાણલાલ એને ઝવેરાતના વેપારી તરીકે ઓળખતો હતો. કેટલાક કેસમાં એણે જુબાની પણ આપી હતી. પ્રાણલાલે એને એ રીતે જુબાની આપતાં દીઠેલો. એનું નામ બરજોર શહેરિયાર.

'છાહેબજી મીત્થર પ્રાણલાલ!' એણે કહ્યું. એના ઈરાની ઉચ્ચારો જરા ચોકખી રીતે લખવાની અમે છૂટ લીધી છે જે વાંચનારને જણાવી દઈએ.

'આ પહેલી વખત સોલીસીટરની ઑફીસમાં મારે પગ મૂકવો પડ્યો પણ શું થાય! લોકો પૈસા ન આપે ત્યારે આવતું જ પડે ને! જુવોને આ રહ્યો હિસાબ. મારે એની સામે દાવો કરવો છે.'

પ્રાણલાલ પોતાની અનિચ્છા છતાં ઊઠ્યો અને શહેરિયારે આપેલા કાગળો લીધા. જ્યારે તે એ કાગળો તપાસતો હતો,

ત્યારે શહેરિયારની ચકોર આંખ એના ટેબલ ઉપર પડેલાં હીરાને લગતાં જુદાં જુદાં પુસ્તકો, એનાં ખુલ્લાં પાન અને એક પુસ્તકનાં ખુલ્લાં મૂકેલાં ચિત્રો ઉપર ફરી વળી.

'હાજી. મી. શહેરિયાર! એની સામે 'સમરી સુટ' દાખલ કરવો પડશે અને એનું ખર્ચ તો તમે જાણો છો કે હાઇકોર્ટે માત્ર બસો રૂપિયા ઠરાવેલું જ છે. તમે સો રૂપિયા 'એડવાન્સ' આપી જાવ. પણ એક વાત કહી દઉં. મી. કરસનદાસ મરણ પામ્યા છે અને આ પેઢીનું બધું કામ મેસર્સ ગાંધી અને બુચીયાને આપી દેવામાં આવ્યું છે એટલે એ સંબંધી એમની સાથે ઘટતી ગોઠવણ હું કરી લઇશ.'

શહેરિયારે દસ દસની દસ નોટો ગણી આપી અને પ્રાણલાલે તેની કાચી પાવતી આપી.

'મી. પ્રાણલાલ, જરા તાકીદ કરજો. એના સમન્સ જલદી બજે તો વધારે સારૂં.'

'એ બાબત તમે નિશ્ચિત રહેજો. આવતી કાલે જ દાવો તૈયાર થઇ જશે અને તમે સોગંદ ખાઇ જજો. પછી બે દિવસમાંજ સમન્સ તૈયાર કરાવીશું. હુકમનામું મળતાં વાર નહિ લાગે. એનું ખાતું તયાર રાખજો.'

'અરે હારે! એનો હિસાબ બરાબર તૈયાર છે, અને હુંડી પર એની સહી છે. બધું જ કામ પાકું છે.'

'હરકત નહિ. હું બધીયે વ્યવસ્થા બરાબર કરીશ.

શહેરિયારે રજા લીધી.

એ ગયો એટલે પ્રાણલાલ પાછો પેલી ચોપડી વાંચવા મંડ્યો. એને એમ પણ વિચાર આવ્યો કે વખતે શહેરિયારે આ ચોપડીઓ જોઇ હશે. એણે જોઇ હોય તો પણ શું? એ કંઇ ઓછું જ જાણતો હતો કે પ્રાણલાલ પાસે પેલો હીરો હતો. એણે પોતાનું વાંચન ચલાવ્યે રાખ્યું.

અલબત્ત, એણે શરૂઆત તો સામાન્ય જ્ઞાન મેળવવા માટે કરી હતી પણ જેમ જેમ તે એ વિષયને લગતું સાહિત્ય બારિકાઇથી વાંચતો ગયો તેમ તેમ એને હીરા અને તેની વિવિધ જાતો વિષે રસ પડવા માંડ્યો. એક પુસ્તક વાંચવામાં તો એ એટલો બધો મશગુલ બની ગયો હતો કે એ તે દિવસે સાંજે છેક મોડે સુધી ઑફિસમાં રોકાયો. એ કરસનદાસના ઓરડામાં ગયો અને કરસનદાસની ખુરસીમાં બેઠો બેઠો પેલું પુસ્તક વાંચવામાં તલ્લીન થયો. એ પોતાના વાંચનમાં એટલો તો ગરકાવ બન્યો કે આજુબાજુ શું થાય છે તેનું પણ એને ભાન રહ્યું નહિ. કોઇએ પોતાના મજબુત હાથથી પાછળથી એનો ખભો પકડ્યો ત્યારે એ અજાયબીમાં ગરકાવ થઇ ગયો. એણે પાછા ફરીને જોયું તો એની પીઠ પાછળ શહેરિયાર ઉભો હતો.

'મી. પ્રાણલાલ! તમારી પાસે હીરો છે.' એણે ધીરે રહીને કહ્યું: 'એ વાતનો ઇનકાર કરવાની જરૂર નથી. મી. પ્રાણલાલ! આજે સવારે હું તમારી ઑફિસમાં આવ્યો અને તમને પેલી ચોપડીઓ વાંચતાં જોયા ત્યારથી જ મ્હારી એ બાબતની ખાત્રી થઇ ચુકી છે. અને મી. પ્રાણલાલ! ગભરાતા નહિ હું તમારી સાથે એ બાબત સોદો કરવા માગું છું. મ્હારે તમારી સાથે સંબંધ રાખવો છે.'

પ્રાણલાલ જરા સ્વસ્થ થયો. એનો અવાજ હજીએ ધ્રજતો હતો.

'કયો હીરો? તમે આ રીતે અહિંયાં કેમ આવ્યા?' એણે પૂછ્યું.

'કયો હીરો? ફરામજીએ કરસનદાસને આપ્યો હતો તે.' શહેરિયારે હંડે પેટ કહ્યું: 'જુઓ મી. પ્રાણલાલ, ફરામજીએ મ્હને એ હીરો બતાવ્યો હતો અને એનો વિચાર મ્હને તે વેચવાનો હતો. મ્હારી જીંદગીમાં મ્હેં એવો હીરો જોયો નથી. એ વેચે તે પહેલાં ફરામજી મરી ગયો અને એ હીરો કરસનદાસને આપતો ગયો.

કરસનદાસનું કોઇએ ખૂન કર્યું પણ ખૂનીને હાથ હીરો ન ગયો. તમને એ જડ્યો. હવે આપણે એનો સોદો કરીએ.'

પ્રાણલાલ ઊઠ્યો અને શહેરિયારની સામે થવા પ્રયત્ન કર્યો પણ તરત જ શહેરિયારે પોતાના ખીસ્સામાંથી પીસ્તોલ કાઢીને તેની સામે ધરી. એ જોતાં જ એના હાંજા ગગડી ગયા.

'મી. પ્રાણલાલ! મ્હેં તમારી સાથે સોદો કરવાની વાત કરી તેમાં મ્હારા કરતાં તમારૂં હીત વધારે છે. તમે ગમે તેટલી ચોપડીઓ વાંચો પણ એ હીરો વેચવામાં તમને તેનાથી કશી મદદ મળે એમ નથી. હું એનો નિકાલ કરી શકું એમ છું. બીજું, તમે જો એ હીરો વેચો અને તે વાત જણાઇ આવે તો હીરાને ખાતર તમે કરસનદાસનું ખૂન કર્યું હોય એમ કહેવાય. કરસનદાસનું ખૂન તમે કર્યું હોય તો પણ મને તેની કંઇ દરકાર નથી. તમે સમજ્યાને?'

'એટલે' પ્રાણલાલે ચીડાઇને કહ્યું 'તમે શું કહેવા માગો છો? મ્હારી સામે એ આરોપ ચાલી શકે એમ છે જ નહિ.'

'એમ હશે, તે છતાંયે એ બની શકે એવું નથી મી. પ્રાણલાલ! કરસનદાસ મરી ગયા તે રાત્રે તમે પણ મુંબાઇમાં હતા અને આ ઑફિસમાં આવતાં તમને કોણ રોકે એવું હતું? તમે કરસનદાસની પાછળ આવીને તેનું ખૂન કર્યું હોય એ અસંભવિત નથી. જો હું ધારૂં તો તમારી સામે પોલિસને ઉશ્કેરી મૂકું. એમાંથી બચવાનો તમારી પાસે કશોયે ઉપાય નથી.'

પછી વળી જરા હસીને એણે ઉમેર્યું 'મી. પ્રાણલાલ! તમારી પાસે હીરો છે. તમારા ને મ્હારા સિવાય એ હીરા વિષે બીજું કોઇ પણ જાણતું નથી. આપણે એ વહેંચી લઇએ. હું એ સારી કિંમતે વેચીશ. જરાક ભલા થાવ. હું કહું છું તેમાં રજ માત્ર પણ જોખમ નથી. બાકી તમે તો ભયંકર જોખમ ખેડી રહ્યા છો. મ્હારૂં કહ્યું માનો, મી. પ્રાણલાલ! ચાલો આપણે સોદો કરીએ.'

પ્રાણલાલ વિચારમાં પડી ગયો.

'તમારી પિસ્તોલ ઠેકાણે મૂકો. મ્હને એનાથી ડરાવવાની જરૂર નથી તમારી સાથે સોદો કરવાની મ્હારી ના નથી. મ્હારે પણ એ હીરો વેચવો છે.'

શહેરિયાર હસ્યો. એણે પોતાની પિસ્તોલ ખીસ્સામાં મૂકી અને બોલ્યો :

'મી. પ્રાણલાલ! તમારે શું જોઇએ છીએ?'

'તમે પાંચ હજાર રૂપિયા મને આજેજ આપી શકશો?' પ્રાણલાલે માગણી કરી.

'જુઓ, ચેક નહિ ચાલશે, મારે તો રોકડા રૂપિયા જોઇએ. સો સોની નોટ ચાલશે.'

'માલ ક્યાં છે મી. પ્રાણલાલ?' શહેરિયારે પૂછ્યું. 'અહિંયાં છે?'

'નાજી, મારે ઘેર.' પ્રાણલાલે જવાબ આપ્યો.

'તો ચાલો આપણે પહેલાં તમારે ઘેર જઇએ. ત્યાંથી એ લઇ લો. પછી મ્હારે ઘેર જઇએ. ત્યાં હું પૈસા ગણી આપીશ. હવે તો હરકત નથીને?'

એક અક્ષર પણ બોલ્યા સિવાય બન્ને જણ ચાલી નીકળ્યા. પ્રાણલાલે બત્તી બુઝાવી. દરવાજો બંધ કર્યો અને તાળું લગાવ્યું. બેઉ જણ થોડા વખતમાં પ્રાણલાલના ઘર આગળ આવી પહોંચ્યા.

શહેરિયાર વિક્ટોરિયામાં બેસી રહ્યો. પ્રાણલાલ ઉપર જઇને હીરો લઇ આવ્યો.

'હવે મ્હારે ત્યાં ચાલો.' શહેરિયારે કહ્યું.

થોડીવારમાં શહેરિયારનું મકાન આવ્યું. બન્ને જણા અંદર ગયા. શહેરિયારે પોતાની તીજોરી ઉઘાડી અને સો સોની પચાસ નોટ ગણી.

'તમારા જેવા સારા માણસ સાથે સોદો કરવામાં પણ આનંદ આવે છે. મ્હારી ખાત્રી હતી કે તમે ડહાપણભરી રીતે

વર્ત્યા વિના નહિ રહો.'

પ્રાણલાલે કંઇ જવાબ આપ્યો નહિ. એની નજર સામે ભરાવેલા એ ત્રણ કોટ ઉપર હતી. એમાંના એક કોટની બાંય ઉપર લીલી શાહીનો મોટા ડાઘ પડેલો એણે જોયો.

'પાંચ હજાર મી. પ્રાણલાલ' શહેરિયારે કહ્યું. 'સારૂં છે કે અવાર નવાર મ્હારે આ રીતે મ્હારી તીજોરીમાં રોકડ નાણું રાખવું પડે છે. આજે પણ હતું તો કામ આવ્યું.'

પ્રાણલાલે એને હીરો આપ્યો અને નોટો ગણી લીધી.

'બરાબર છે.' એણે કહ્યું. 'સાહેબજી મી. શહેરિયાર' એમ કહીને એ ઊઠ્યો.

'સાહેબજી મી. પ્રાણલાલ!' શહેરિયારે કહ્યું: 'અને જુઓ, આ બાબતનો એક હરફ પણ કોઇની પાસે બોલતા નહિ. સંપૂર્ણ શાન્તિ! સમજ્યાને મી. પ્રાણલાલ!'

'હારે બાવા! એ મ્હને કહેવું પડશે?' પ્રાણલાલ બોલ્યો અને એણે રજા લીધી.

એ બહાર આવ્યો અને પોતાના ઘર તરફ ચાલવા લાગ્યો.

એના મગજમાં અનેક વિચાર ઘુમતા હતા. એણે શેતુરનાં પાનમાંથી મહા મૂલ્યવાન સેટીન બનાવ્યું હતું. એના ખીસ્સામાં પાંચ હજારની નોટો પડી હતી, પણ એના ઉપર ફરામજી અને કરસનદાસ બંનેનું લોહી છંટાયું હતું. એ પૈસા એને પચશે ખરા? એનું મગજ ભમવા લાગ્યું. એકાએક એણે પોતાનો રસ્તો બદલ્યો. એ સીધ્ધો પોલિસ ચોકી ઉપર ગયો અને પોલિસ સુપ્રીન્ટેન્ડન્ટના ઓરડામાં આગળથી કહેડાવ્યા સિવાય દાખલ થયો.

એને જોઇને સુપ્રીન્ટેન્ડન્ટ રામરાય બક્ષીએ પૂછ્યું: 'શું કામ છે?'

રામરાયના હાથમાં પાંચ હજારની નોટો આપતાં પ્રાણલાલે કહ્યું: 'કરસનદાસ સોલીસીટરનું ખૂન કોણે કર્યું તે હું જાણું છું.

તમે આ ઘડીએ જ ખૂનીને પકડી શકે એમ છો. એના પુરાવા તરીકે—'

પ્રાણલાલ સામેની ખુરસી પર બેઠો અને નાણાવટી અને રામદત્તનું નામ પૂછતો ફરામજી ચિનાઈ આવ્યો ત્યારથી અત્યાર સુધી બનેલા બનાવો એક પછી એક એ વિગતવાર કહેતો ગયો અને રામરાય બક્ષી અજાયબીમાં ગરકાવ થતા એ સાંભળતા ગયા.

* * *

ચારે તરફ રામરાય બક્ષીના નામની વાહ વાહ થઈ રહી! એમણે ભારે બાહોશીથી ફરામજી ચિનાઈ તથા કરસનદાસ સોલીસીટરના ખૂની બરજોર શહેરિયારને પકડી પાડ્યો હતો અને તેની સામેના આબાદ પુરાવાઓ મેળવ્યા હતા.

પેલો હીરો ફરામજી ચિનાઈના વારસ એના ભાઈને મળ્યો. એ એણે ઘણી મોટી કિંમતે વેચ્યો. એની સ્થિતિ તદ્દન ગરીબ હતી એટલે વેચાણની રકમ મળતાં વેંતજ એ પૈસાપાત્ર થઈ ગયો.

રામરાય બક્ષીને પ્રાણલાલની પ્રમાણિકતા માટે ભારે માન ઉપજ્યું અને એમણે એને અનેકશઃ ધન્યવાદ આપ્યો.

☆

દુભાષિયો

આટલો લાંબો સહવાસ છતાં જયંતે મ્હને કોઈ દિવસ તેનાં સગાંવ્હાલાં વિષે વાત કરી ન હતી, અને એવા પ્રશ્નોનો એ ભાગ્યે જવાબ આપતો એટલે હું તો એવા અનુમાન પર આવ્યો હતો કે એ કોઈ ત્યજાએલો અનાથ બાળક હશે અને કોઈ અનાથાશ્રમમાં ઉછર્યો હશે. સ્ત્રીઓ પ્રત્યેનો એનો તિરસ્કારમિશ્રિત સ્વભાવ, નવી મિત્રતા અને નવા સંબંધ બાંધવાની ઉદાસીનતા અને સમાજમાં ન ભળવાની એની વૃત્તિ પણ મ્હારા એ અનુમાનને સ્હેજ સ્હાજ પુષ્ટિ આપતાં હતાં. મ્હારું એમ માનવું હતું કે જો એનાં સગાંવ્હાલાં હયાત હશે તો તેમને એ ઓળખતો નહિ હોય. અને ઓળખતો હશે તો એમના અસદ્વર્તનને લીધે એમની સાથે એ સંબંધ રાખવા નહિ માગતો હોય! પણ એક દિવસ એણે મ્હને એના ભાઈ વિષે વાત કરવા માંડી ત્યારે મ્હારા આશ્ચર્યની સીમા ન રહી!

એક દિવસ બપોરના અમે ચહા પીતા હતા તે વખતે એ વાત નીકળી અને એક ઉપરથી બીજી અને બીજી પરથી ત્રીજી એમ વાત કરતાં કરતાં અમે ક્યાંના ક્યાંય આડી અવળી વાતોમાં ઉતરી પડ્યા. છેવટનો અમારી વાતનો વિષય એ હતો કે એક માણસ પર વંશપરંપરાગત બુદ્ધિ શક્તિની કેટલી અસર થાય છે અને તેના પોતાના શિક્ષણને લીધે કેટલા ફેરફાર થાય છે.

'તારીજ બાબતમાં' મ્હેં કહ્યું' 'હું જેટલું જાણું છું તેટલા પરથી તો જણાય છે કે તારી અવલોકન શક્તિ અને વિચિત્ર છતાં અર્થ સાધક તર્ક શક્તિ એ પદ્ધતિસર શિક્ષણનું જ પરિણામ છે.'

'થોડું ઘણું' એણે જવાબ આપ્યો. 'મ્હારા બાપદાદા ગુજરાતના એક ગામડાના રહીશ હતા અને એમની પાસે સારી જમીન જાગીર હતી. એમની જીંદગી એમના જેવા બીજા સજ્જનો પેઠે કુદરતને ખોળે જ વીતેલી. પણ નશીબ જોગે મ્હારી નસોમાં બીજુ જ લોહી વહે છે! કારણ કે મ્હારાં દાદીમા—માની મા—તે વખતના એક પ્રખ્યાત ચિત્રકારનાં બહેન હતાં અને તેમની મારફત કળાનો વારસો અમને મળ્યો. અલબત્ત, કળાના અંશનાં પરિવર્તનને પરિણામે જ જે એ શક્તિપર તું મુગ્ધ છે તે મ્હને મળેલી.'

'પણ એ વંશપરંપરાગત છે એમ કહી શકાય?'

'કારણ કે મ્હારા ભાઈ ધીમન્તમાં એ શક્તિઓ મ્હારા કરતાં વધુ પ્રમાણમાં છે.'

આ સમાચાર મ્હારે માટે તદ્દન નવા હતા. હવે જો જયન્ત જેવો બીજો કોઈ માણસ મુંબઈમાં હયાત હોય તો એના વિષે પોલિસે કે જાહેર પ્રજાએ કેમ સાંભળ્યું નહિ હોય? મ્હેં એને એવો સવાલ કર્યો કે ભાઈ પ્રત્યેના સ્નેહભાવને લીધે તો એ શક્તિઓ એનામાં વધુ પ્રમાણમાં છે એમ કબૂલ નથી કરતો ને? જયન્ત મ્હારા એ સવાલથી હસ્યો.

'નટવર, તને નવાઈ લાગે છે એટલે એમ પૂછે છે. ગુણ અને

શક્તિની બાબતમાં સ્નેહને વચ્ચે લાવવો મ્હને પસંદ જ નથી. જે સ્વરૂપમાં હોય તે જ સ્વરૂપમાં એની વાત કરવી જોઇએ. કોઇની શક્તિ વિષે વધારે પડતું બોલવું તે બીજાની શક્તિ વિષે ઓછું બોલવા બરાબર છે. મ્હારા ભાઇની શક્તિઓ વિષે હું વધારે પડતું—જો ખોટી રીતે—બોલું તો એ ઉપરથી હું મ્હારી શક્તિઓનું માપ ખોટી રીતે કરીને તેમને ઓછી ગણું છું એમ પૂરવાર થાય છે. પરિસ્થિતિ આમ હોવાથી જ્યારે મ્હેં કહ્યું કે મ્હારા ભાઇમાં એ શક્તિઓ વધારે પ્રમાણમાં છે ત્યારે હું શબ્દે-શબ્દ એ શબ્દોના સાહિત્યની દૃષ્ટિએ થતા અર્થમાં પણ સાચુંજ બોલતો હતો.'

'એ તારા કરતાં નાનો છે?'

'સાત વર્ષે મોટો.'

'ત્યારે એના વિષે કાંઇ સંભળાતું કેમ નથી?'

'એ એના મંડળમાં બહુ જાણીતો છે.'

'ક્યાં?'

'દાખલા તરીકે 'ડાયોજીનેસ કલબ'માં'

એ સંસ્થા વિષે મ્હેં કદી સાંભળ્યુંએ ન હતું. મ્હારા દેખાવ પરથી જયંત તે જાણી ગયો. એણે ઘડિયાળ કાઢ્યું.

'ડાયોજીનેસ કલબ' મુંબઇની એક વિચિત્રમાં વિચિત્ર સંસ્થા છે, અને ધીમન્ત સૌથી વધારેમાં વધારે વિચિત્ર માણસ છે. સાંજના પોણા પાંચથી આઠ ને વીસ સુધી તે હમેશાં ત્યાં હોય છે. હમણાં છ વાગ્યા છે. તારી ઇચ્છા હોય તો ચાલ, આપણે સાંજનો વખત છે તે ફરવા જઇએ અને સાથે સાથે મુંબઇની એ બે અજાયબીઓ પણ તને બતાવી લઉં.'

પાંચ મીનીટ પછી અમે ઍપોલો બંદર જવા નીકળ્યા.

'તને નવાઇ લાગે છે' મ્હારા સાથીદારે કહ્યું 'કે ધીમન્ત શાથી ગુન્હાશોધનના કામ માટે પોતાની શક્તિનો ઉપયોગ નથી

કરતો? એનામાં એવી આવડત નથી.'

'પણ હું ધારૂં છું કે તેં કહ્યું—'

'મ્હેં એમ કહ્યું કે અવલોકન અને તર્કશક્તિ મ્હારા કરતાં એનામાં વધારે છે. જો ગુન્હાશોધનના કામની શરૂઆત અને અંત આરામ ખુરશીમાં બેઠાં બેઠાં આવતાં હોત તો મ્હારા ભાઈ જેવો કોઇ ડિટેક્ટીવ દુનિયા ભરમાંયે ન જડત પણ કમભાગ્યે એનામાં ઉત્કંઠા અને ચાલાકી નથી. એનું પોતાનું અનુમાન ખરૂં છે કે ખોટું તે તપાસી જોવાને પણ એ ઉઠવાની તસ્દી લે એવો નથી. ભલે ને અનુમાન ખરૂં હોય પણ ખાત્રી ન હોવાથી એ ખોટું પુરવાર થવા દેવાનું એ પત કરશે. મ્હેં ઘણીયે વખત કેટલીક ગુંચવણ ભરી બાબતો એને પૂછી છે અને એનાં અનુમાન સંપૂર્ણ સાચાં પુરવાર થયાં છે. અને એ વિગતો પરથી પ્રત્યક્ષ કાર્ય કરવાને એ અશક્ત હતો. જજ્જ અને જ્યુરી પાસે એક કેસ મૂકતા પહેલાં જે રીતે એની તપાસ કરવી જોઇએ તે રીતે તપાસ કરવાની ધીરજ, ઉત્સાહ અને ચાલાકી એનામાં નથી.'

'ત્યારે એ એનો ધંધો નથી ખરૂં ને?'

'બિલકુલ નહિ. મ્હારે માટે જે કમાણીનું સાધન છે તે એને તો માત્ર શોખનો વિષય છે. એના જેવો નિપુણ આંકડાશાસ્ત્રી ભાગ્યે બીજો કોઇ હશે. સેક્રેટરીએટમાં એ સારા પગારથી કામ કરે છે અને એપોલો બંદર પરજ રહે છે. હરરોજ સવારના અમુક વખતેજ સેક્રેટરીએટ તરફ જતાં અને સાંજના પાછા ફરતાં એને અચુક જોઇ શકાય છે. એનું કામ એટલું તો નિયમિત અને વખત સર છે કે ન પૂછો વાત! 'ડાયોજીનેસ કલબ' સિવાય બીજી કોઇ સંસ્થામાં જતાં અને ભાગ લેતાં મ્હેં એને ભાગ્યે જોયો હશે. એના પોતાના મકાનની સામેજ એ સંસ્થા આવેલી છે.'

'એ સંસ્થાનું નામ સાંભળ્યાનું યાદ નથી.'

'બનવા જોગ છે. મુંબઇમાં કેટલાક એવા માણસો છે કે

જેઓ સમાજમાં ભેળાવું બિલકુલ પસંદ કરતા નથી છતાં છાપાંઓ વાંચ્યા સિવાય એમને ચાલતું નથી અને માણસોનો સમુહ હોય તો તેમને આનંદ થાય છે, એવા વિચિત્ર સ્વભાવના માણસો માટે એ સંસ્થા ઊભી કરવામાં આવી છે. એનું નામ કલબ છે પણ એને કલબ કહેવી કે કેમ એજ શંકા છે. એમાં કોઇ પણ સભ્યને બીજા સભ્ય વિષે જરા પણ ચકચાર કરવા દેવામાં આવતી નથી અને 'સ્ટ્રેન્જર્સ રૂમ' અથવા 'અજાણ્યાના ઓરડા' સિવાય આખી કલબમાં કોઇ પણ જગ્યાએ વાત કરવા દેવામાં આવતી નથી.

તાજમહાલ હૉટલની નજીક થઇ જતાં જતાં અમે ત્યાંના દરિયાનો દેખાવ જોતા હતા ત્યારે જયંતે મ્હને ખાસ સૂચના કરી કે મ્હારે એ સંસ્થામાં દાખલ થતાંજ મુંગા થઇ જવું. થોડીવારે સંસ્થાના મકાનમાં અમે દાખલ થયા, એક મોટા વિશાળ ઓરડામાં પુષ્કળ માણસો શાંત ચિત્તે વાંચતા હોય એમ મ્હને કાચની બારીએથી જણાયું. જયંત મ્હને એક ઓરડામાં બેસાડી બહાર ગયો અને થોડીવારે એક જણને લઇને પાછો આવ્યો.

જયંત કરતાં ધીમંત શરીરે ભરાઉ ઊંચો અને વધારે મજબુત માણસ જણાતો હતો. જયંત જ્યારે કામ કરવાની સ્ફૂર્તિમાં હોય ત્યારે તેની આંખોમાં તેજનો જે ઝગઝગાટ હતો તે ઝગઝગાટ ધીમંતની આંખોમાં જણાતો હતો અને એ ઉપરથી જયંતે એની પેલી બે શક્તિઓ વિષે વાત કરેલી તે ખરી હોવી જોઇએ એમ મ્હને મનમાં લાગ્યું.

'આપને મળવાથી મ્હને ઘણો આનંદ થયો.' મ્હારો હાથ હસ્તધૂનન માટે હાથમાં લેતાં તેણે કહ્યું. 'જ્યારથી જયંતનાં પરાક્રમો લખવાનું આપે માથે લીધું ત્યારથી તમે તો એને ખૂબ પ્રકાશમાં લાવ્યા છો! જયંત, તું પેલા 'મીના મંઝીલ' વાળા મામલા વિષે મ્હને પૂછવા આવશે એવી મ્હેં આશા રાખી હતી. હું ધારૂં છું કે તું પૂરતો ઊંડો ઉતર્યો ન હતો.

'નારે! એ તો મ્હેં પતાવી દીધો.' જયંતે હસીને જવાબ આપ્યો.

'અહમદનું જ કામ હતું ખરૂં ને—'

'હાજી. એ જ હતો.'

'મ્હારી તો પહેલેથી જ ખાત્રી હતી.' કલબના મુખ્ય ઓરડા તરફ પડતી કાચની બારી આગળ બેઉ જણ બેઠા હતા. 'માનસ શાસ્ત્રનો અભ્યાસ કરનાર માટે આ સારામાં સારી જગ્યા છે.' ધીમંતે કહ્યું: 'પેલા બે જણ અંદર દાખલ થાય છે તે જોયા?'

'પેલો 'બીલીયર્ડ–માર્કર' અને તેનો સાથીદાર?'

'હા. બીજા વિષે તું શું ધારે છે?'

બે જણ એ મોટા ઓરડામાં દાખલ થયા હતા તેમને જોઈને આ ભાઈઓની વાત ચાલી. પેલામાંના એકજણના જાકીટના ખીસ્સા પર ચાકના લીટા હતા તે પરથી એને એમણે 'બીલીયર્ડ–માર્કર' કહ્યો હશે એમ મ્હને લાગ્યું. બીજો માણસ યુરોપીયન હોઈ જરા ઘઉંવર્ણો હતો અને તેની ટોપી એક બાજુ ખસી ગઈ હતી તથા હાથમાં કેટલાંક પડીકાં હતાં.

'કોઈ જૂનો 'સોલ્જર' લાગે છે.' જયંતે કહ્યું.

'અને તાજુજ પેન્શન લીધું છે.' ધીમંતે ઉમેર્યું.

'પંજાબ અને સરહદમાં નોકરી કરેલી છે.'

'અને 'નોન–કમીશન્ડ' ઑફિસર છે.'

'રૅાયલ આર્ટીલરી–હું ધારૂં છું.'

'એની સ્ત્રી મરણ પામી છે.'

'છોકરૂં મૂકીને.'

'છોકરૂં નહિ પણ છોકરાંઓ.'

'ચાલો' મ્હેં હસીને કહ્યું: 'બહુ થયું.'

'ખરેખર' જયંતે કહ્યું: 'એ અનુમાનો ખોટાં નથી. અલબત્ત! એનો અમલદારી દેખાવ અને તાપથી કાળી પડેલી ચામડી પરથી એ સોલ્જર છે અને સરહદપર કામ કરેલું છે એ અનુમાન

કરવું કાંઇ અઘરૂં નથી.'

'અને એનાં પેલાં 'એમ્યુનીશન બૂટ' બતાવી આપે છે કે એણે તાજુજ પેન્શન લીધું છે.' ધીમંતે ઉમેર્યું.

'આર્ટીલરી'નું અનુમાન પણ એજ રીતે એની ટોપી મૂકવાની લઢણ પરથીજ કરી શકાય છે.'

'અને એનો શોકજનક દેખાવ કહી આપે છે કે એનું કોઇ અતલગનું સગુ મરણ પામ્યું છે. ખાસ કરીને એની પત્નીજ હોવી જોઇએ. એમ ન હોય તો એ જાતેજ ઇંગ્રેજી રીતથી વિરૂદ્ધ બજારમાં ખરીદ કરવા ન જાય. એણે છોકરાંઓ માટે ખરીદી કરી છે. પેલું રમકડું બતાવે છે કે એક છોકરૂ ઘણું નાનું છે વખતે એની માતા સુવાવડમાં મરણ પામી હશે. પેલી ચિત્ર-પોથી પુરવાર કરે છે કે એ જુએ એવડું બીજું બાળક છે.' ધીમંતે ખુલાસો કર્યો. જયંતે ધીમંતની શક્તિઓ વિષે કરેલી વાત અક્ષરે અક્ષર સાચી હોવાની મ્હારી સંપૂર્ણ ખાત્રી થઇ ચૂકી. એણે મ્હારા તરફ જોયું અને હસ્યો.

'જયંત, તારા ગયા પછી મ્હારો એક વાત વિષે અભિપ્રાય માગવામાં આવ્યો હતો. એની વિગતો હું બરાબર સ્હમજી શક્યો નથી, પણ મારૂં માનવું છે કે તને એમાં આનંદ આવશે એ સાંભળવાનો તને વખત હોય—'

'ઘણી ખુશીથી કહો. મ્હને પુરતો વખત છે.'

ધીમંતે પાસેના ટેબલ ખરથી કાગળ લઇ એક ચીઠ્ઠી ચીતરી કાઢી અને હમાલને આપી.

'મ્હેં મી. મેલાસને અહીં બોલાવેલ છે.' એણે કહ્યું: 'એ મ્હારી ઉપરના માળે રહે છે અને અમારે એકબીજાને સાધારણ ઓળખાણ છે એટલે જરૂરના પ્રસંગે તે મ્હારે ત્યાં આવે છે. એ પોતે ગ્રીક છે અને ભાષાનિષ્ણાત છે. એ પોતે દુભાષિયા તરીકે કામ કરે છે અને સારૂ કમાય છે. આખાએ યુરોપની ભાષાઓ

એને આવડે છે અને તે ઉપરાંત ટર્કી 'અને અરેબીકનું પણ એને સારૂં જ્ઞાન છે. હાઈકૉર્ટમાં અને ઑરીએન્ટલ ટ્રાન્સ્લેટરની ઑફિસમાં જ્યારે જ્યારે જરૂર હોય છે ત્યારે ત્યારે એની મદદ લેવામાં આવે છે તે ઉપરાંત તાજમહાલ, વૉટસન, વગેરે હૉટેલો-માં અવારનવાર ઘણા યુરોપિયનો આવે છે તેમને તેઓ આ દેશની અને ઇંગ્રેજી ભાષાથી અજ્ઞાત્ હોવાથી સારા દુભાષિયાની બહુ જરૂર હોય છે એટલે મી. મેલાસ એ કામ કરે છે.'

થોડા વખતમાં જ એક યુરોપિયન ગૃહસ્થે અમે બેઠા હતા તે ઓરડામાં પ્રવેશ કર્યો અને જયંત સાથે હસ્તધૂનન કર્યું: જયંત જેવો જાણીતો નિષ્ણાત એનો કેસ સાંભળવા અને હાથ ધરવા તૈયાર હશે એ જાણી એને આનંદ થયો હતો.

'પોલિસને મ્હારી વાતમાં શ્રદ્ધા નથી' તેણે પોતાની હકીકત શરૂ કરી 'કારણ કે આવી વાત આજ સુધી એમણે સાંભળી નથી એટલે તેઓ એમ બનવું જ અશક્ય માને છે. પણ જ્યાં સુધી પેલા પ્લાસ્ટર લગાડેલા સજ્જનને હું બચાવી શકીશ નહિ ત્યાં સુધી મ્હને ચેન નહિ પડે.

'આજે બુધવાર થયો—એ બનાવ સોમવારે સાંજે બન્યો ફક્ત બે દિવસ ઉપર જ બન્યો. હું પોતે દુભાષિયાનું કામ કરૂં છું તે આપને શ્રીમન્તરાયે જણાવ્યું હશે. હું ઘણી ખરી બધી ભાષાઓ—યુરોપની અને અહીંની સુદ્ધાં જાણું છું અને તેમાં વાત કરી શકું છું. પણ હું પોતે ગ્રીક છું અને મ્હારૂં નામ પણ ગ્રીશીઅન હોવાથી ખાસ કરીને એ ભાષા માટે મ્હને વધારે આમંત્રણ મળે છે.

'કેટલીક સખત તો મ્હારી જરૂર લોકોને કવખતે પડે છે કારણ કે પરદેશીઓ જ્યારે મુશ્કેલીમાં આવી પડે ત્યારે મ્હને બોલાવવા મોકલે છે. મુસાફરો કોઇ કોઇ વાર તો વહેલા મોડા આવ્યા હોય એટલે મ્હને કવખતે તેમનાં આમંત્રણો મળે છે.

સોમવારે સાંજના મ્હને મી. લૅટીમેર નામનો એક ગૃહસ્થ મળવા આવ્યો અને તેની સાથે ચાલવાની વાત કરી ત્યારે મ્હને નવાઇ ન લાગી. એની મોટર તૈયાર હતી એટલે અમે તરત જ ચાલી નીકળ્યા. એનું મકાન ઘણે દૂર હોવાની એણે વાત કરી હતી.

'એની મોટર ઘણી જ મોટી હતી અને પૂર જોસમાં જતી હતી એટલે એનું કામ ઘણું મહત્વનું હશે એવું મ્હારૂં અનુમાન હતું. ધીરે ધીરે અંધારૂં થતું જતું હતું અને અમે શહેરનો ધાંધળિયો ભાગ વટાવતા હતા. પરેલ અને દાદરની વચ્ચે જ એકાએક એની મોટરનાં કાચનાં બારણાંના પડદા પડી ગયા અને બહારનો દેખાવ અમે જોઇ શકીએ નહિ એવી રીતે મોટરનો દેખાવ ફરી ગયો. મ્હારા સાથીદારે એક રિવોલ્વર કાઢી અને તે મ્હારી સામે ધરીને કહેવા માંડયું:

'આપને મ્હારા આ વર્તનથી નવાઇ લાગશે મી. મેલાસ. પણ સંજોગોને લીધે મ્હારે એમ કર્યાં સિવાય છુટકો નથી. હું આપને ક્યાં લઇ જાઉં છું તે જાણવા દેવા માગતો નથી એટલે મ્હારે આમ કરવું પડયું. જો તમે એ જાણવાનો રજ પણ પ્રયત્ન કર્યો તો–' એમ કહીને એણે પેલી રિવોલ્વર બતાવી.

એની રિવોલ્વર કરતાં એનો પોતાનો જ દેખાવ એવો હતો કે એની સામે હું જરાય ફાવી શકું એમ ન હતું.

'આ ઘણું ખરાબ કહેવાય મી. લૅટીમેર!' મ્હેં કહ્યું 'આપને ખબર હશે કે જે વર્તન આપ ચલાવો છો તે કાયદાથી વિરૂદ્ધ છે.'

'એ મ્હને ખબર છે, છતાં એ વિષે આપને અમે સમજાવી શકીશું. પણ એક વાતની તમને ચેતવણી આપી લઉં. આજે રાત્રે અહિંયાં કે મ્હારા મકાનમાં કોઇ પણ ઠેકાણે બૂમ બરાડા પાડ્યા અથવા વધારે પડતી વિગત જાણવા માગી તો મ્હારા જેવો કોઇ ભૂંડો નથી. તમે ક્યાં ગયા છો તેની કોઇને ખબર નથી એટલે તમારો કોઇને પત્તો યે નહિ લાગે માટે જેમ કહીએ તેમ સીધા

સીધા કરજો.'

એ કામ કરાવવાને એના શબ્દો જ પૂરતા હતા. આશરે બે કલાક સુધી અમારી મોટરે ચાલ્યાજ કર્યું. એટલે મ્હને લાગ્યું કે સીધો રસ્તો મૂકી દઇને ઘણોજ ચકાવાનો અને આડો અવળો રસ્તો લેવામાં આવ્યો હશે. સવાસાત વાગે અમે નીકળ્યા હતા અને હમણાં નવમાં દસ કમ હતી. એકાએક અમારી મોટર અટકી અને અમે ઉતર્યાં. એક મોટી કમાનવાળા દરવાજામાં થઇને—એના પર ધીમું લૅમ્પ બળતુ હતુ—અમે ચાલ્યા. આજુબાજુ લૉન હોય એમ ઝાંખા પ્રકાશમાં મ્હને લાગ્યું. હું ક્યાં હતો એનું અનુમાન કરી શકાય એવું એકકે સાધન ઉપલબ્ધ ન થયું.

'અંદરની બાજુ પણ રંગીન લૅમ્પ બળતું હતું અને પ્રકાશ ઘણો ઝાંખો પડતો હતો. ખાસ કરીને મ્હારી મુલાકાત માટે જ એવી વ્યવસ્થા કરવામાં આવી હોય એમ મ્હને લાગ્યું. અમે અંદર ગયા એટલે બીજો એક માણસ—જરાક મોટો દેખાતો—આવ્યો. એણે ચશ્માં પહેર્યાં હતાં.

'હેરલ્ડ, આજ મી૦ મેલાસ કે?' એણે પૂછ્યું.

'હાજી.'

'શાબાશ! ઠીક કર્યું! કેમ છો મી૦ મેલાસ! અમારો કાંઇ ખરાબ ઇરાદો નથી. આપના સિવાય અમારૂં કામ અટકી પડ્યું હતું. આપનું વર્તન અમારી સાથે સીધુ હશે તો અમે ઘણા સભ્ય માણસો છીએ.'

પહેલાના કરતાં એ ઘણો બળવાન હતો અને એના વચનોએ એની ભયંકરતાની મ્હારાપર વધારે છાપ પાડી.

'મ્હારૂં આપને શું કામ પડ્યું છે?' મ્હેં પૂછ્યું.

'એક ગ્રીક સદ્‌ગૃહસ્થ સાથે વાતચીત કરવાની છે. એને ઇંગ્રેજી નથી આવડતું અને અમને ગ્રીક. એટલે આપની મદદની અનિવાર્ય જરૂર છે. પણ યાદ રાખજો જરૂર કરતાં એક શબ્દ

પણ એની સાથે વધારે બોલ્યા છો અથવા પૂછ્યો છે તો—'

પછી મ્હને એક બહુજ સારી રીતે શણગારાયલા ઓરડામાં દાખલ કરવામાં આવ્યો. એમાં પણ દિવાનો આછો પ્રકાશ પડતો હતો. મખમલના હાથા અને ગાદીવાળી ખુરસીઓ, ઊંચી જાતનો ગાલીચો, અને વિનસનું આરસપહાણનું પુતળું એના રહેવાસીઓની શ્રીમંતાઇનો ખ્યાલ આપતાં હતાં. થોડીવાર પછી એક માણસને લઇને લૅટીમર દાખલ થયો. પેલો બીજો દિવાની નીચેની ખુરસી પર બેઠો હતો અને સામેજ મ્હને બેસાડ્યો હતો. લૅટીમેર અને પેલો પણ ત્યાં બેઠો. પેલા માણસના ચહેરા પરથી એ ઓળખાય નહિ તે માટે પ્લાસ્ટર લગાડવામાં આવ્યું હતું અને તેને લીધે તેનો દેખાવ ભયંકર લાગતો હતો.

'સ્લેટ છે કે: હૅરલ્ડ!' પેલા બીજાએ પૂછ્યું 'એના હાથ છૂટા છેની? એને પેણ આપ. મી૦ મેલાસ, તમારે એને અમે કહીએ તે પૂછવાનું છે અને એ તેના જવાબ સ્લેટપર લખશે. એને પૂછો કે એ સહી કરવા તૈયાર છે?'

પેલા માણસની આંખોમાંથી અગ્નિની ચિણગારીઓ ઊડતી હતી.

'કદી નહિ' સ્લેટપર પેલા ગ્રીકે જવાબ આપ્યો.

'કાઇ પણ દિસાએ?' મ્હેં મ્હારા જુલમગારોના કહેવાથી પૂછ્યું.

'જો હું એને મ્હારી નજર સમક્ષ મ્હારાજ ઓળખીતા કોઇ ગ્રીક ધર્મગુરૂના હાથે લગ્ન કરતી જોઉં તો: તે સિવાય નહિ.'

'તારૂં શું થશે એની ખબર છે?'

'ગમે તે થાય તેની મ્હને પરવા નથી.'

મ્હારા જુલમગારો જેમ કહેતા ગયા તેમ હું પૂછતો ગયો અને મ્હને જવાબ મળતા ગયા તે તેમને કહેતો ગયો. ફરી ફરીને એને એ સહી કરી આપશે કે કેમ એ પૂછવામાં આવ્યુ પણ તેની એણે ઘસીને નાની નાજ પાડી. તરતજ એક સુંદર વિચાર મ્હારા મગજમાં આવ્યો. એને પૂછવાના સવાલ પછી

મ્હેં મ્હારી ગાંઠના ટુંકા ટુંકા સવાલ પૂછવા માંડયા, પહેલાં તો તદ્દન નિર્દોષ. મ્હારી બાજુના બેઉ જણને એ ભાષાનું જ્ઞાન છે કે કેમ તેની પરીક્ષા લેવા ખાતર અને એ લોકોને જ્ઞાન નથી એમ ખબર પડતાં એમ લાગતા: ઘણું ખરૂં એ વાત આ રીતે થઇ:

'આમ હઠ કરવાથી તને લાભ નહિ થાય. તું કોણ છે?'

'મ્હને દરકાર નથી. અજાણ્યો અને પરદેશી.'

'તારા જવાબ પર તારા ભવિષ્યનો આધાર છે. કેટલો વખતથી અહીં આવેલો છે?

'એની મ્હને ચિંતા નથી. ત્રણ અઠવાડિયાં થયાં'

'મિલકત તારી હોઇ શકે જ નહિ. તને શું દુઃખ છે?

'એ હું ધાડપાંડુઓના હાથમાં તો નહિ જ જવા દઉં. એ લોકો મને ભૂખે મારે છે.'

'તું સહી કરીશ તો તને જવા દઇશું. આ મકાનનું નામ શું?

'હું કદી સહી નહિ કરૂં. મ્હને ખબર નથી.'

'તું એને એથી ફાયદો નહિ કરી શકે. તારૂં નામ શું?'

'એને પોતાને જ એ વાત મ્હને આવીને કહેવા દો. ક્રેટીડેસ.'

'તું સહી કરીશ તો એને મળવા દઇશું. ક્યાંથી અહિયાં આવ્યો?'

'તો એને મળવાની મ્હને દરકાર નથી. એથેન્સથી.'

'બીજી પાંચ મીનીટ મળી હોત તો મી. જયંત: હું બધી વાત કઢાવી શક્યો હોત પણ કમનસીબે બીજો સવાલ પૂછુ એટલામાં તો એકાએક પાસેનું બારણું ઉઘડયું અને એક બાઈ અંદર દોડી આવી.

'હેરલ્ડ' તેણે ભાંગી તૂટી અંગ્રેજી જવાનમાં કહ્યું 'હું વધારે વખત રહી શકીશ નહિ. મ્હને તો એવું સુનુ સુનુ લાગે છે—અરે બાપરે! આ તો પૅાલ છે!'

આ છેલ્લું વાક્ય એ ગ્રીકમાં બોલી અને તરત જ પેલો

ગ્રીક પોતાના મ્હોં પરનું પ્લાસ્ટર ફેંકીને દોડીને 'સોરી! સોરી!' કહીને એ બાઇ પાસે દોડી ગયો અને એને પકડી લીધી. પેલા બેઉ જણાએ બળ જોરીથી બેઉને છૂટાં પાડ્યાં અને જુદા જુદા ખંડોમાં લઇ ગયા. થોડો વખત એ ખંડમાં એકલો હતો એટલે મ્હને એકાએક જતા રહીને એ જગ્યા ઓળખી લેવાનો વિચાર આવ્યો પણ ઠીક થયું કે મ્હેં તે અમલમાં ન મૂક્યો. તરત જ પેલો મોટો માણસ દોડતો દોડતો આવ્યો અને મ્હને કહ્યું:

'આપ હવે જઇ શકો છો. તમે જાણો છો કે અમારી ખાનગી વાત આપને અમે જાણવા દીધી છે. જો ગ્રીક ભાષાની અમને ખબર હોત તો આપને તસ્દી ન આપત. આપની મહેનત માટે અને મુંગા રહેવા માટે આ સો રૂપિયા પુરતા છે. છતાં એટલું યાદ રાખજો કે આ વાતનો એક હરફ પણ બીજા કોઇને કહ્યો છે તો વેર કેમ લેવું તે અમને સારી રીતે આવડે છે.'

મ્હેં એ નોટ લીધી અને જે રીતે આવ્યો હતો તે રીતે–તેજ મોટરમાં તેજ મી. લૅટીમેર સાથે પાછો ફર્યો. મોટર ચાલી અને ઘણો લાંબો પંથ કાપ્યા પછી તે ઊભી રહી અને મ્હને ઉતરવાનું કહેવામાં આવ્યું. હું ઉતરૂં ન ઉતરૂં ત્યાં તો મોટર પૂર જોસમાં પાછી દોડી ગઇ. મુંબાઇના ક્યા ભાગમાં હું હતો તેનો નિર્ણય મ્હારાથી બિલકુલ કરી શકાયો નહિ. સામેથી રેલ્વેનો પોર્ટર આવતો જણાયો એટલે તેને મ્હેં એ સ્થાન કયું હતું તે વિષે પૂછ્યું.

'લક્ષ્મીનગર' તેણે જવાબ આપ્યો.

'મુંબઇ જવાની લોકલ મળી શકશે?'

'જો આપ વાંદરા જાવ તો છેલ્લી લોકલ વખતે પકડી શકો.'

'અને ઉતાવળે ચાલીને હું વાંદરા આવ્યો ને લોકલ પકડી. મ્હારી આ હકીકત છે. હું ક્યાં ગયો હતો અને કોની સાથે વાત કરી હતી તે મ્હને ખબર નથી પણ પેલા કમનસીબ માણસને મદદ કરવાને હું ઘણો ઇંતેજાર છું. મ્હેં બધી વાત ધીમંતરાયને

કરી છે અને પોલિસને પણ જણાવી છે.'

અમે આખીએ વાત ધ્યાન દઇ સાંભળી. જયંતે એ સાંભળી રહીને ધીમંત તરફ જોયું.

'પછી?' તેણે પૂછ્યું.

ટાઇમ્સ ઓફ ઇન્ડિયા ધીમન્તે પડખેથી લીધું અને એક જાહેર ખબર બતાવી.

'મી. પૉલ ક્રૅટીડેસ નામના ઍથેન્સના એક ગ્રીક વતની, જેઓ ઇંગ્રેજી બોલી શકતા નથી તેઓને લગતી કોઇપણ ખબર આપનારને સારૂં ઇનામ આપવામાં આવશે. એજ મુજબ 'સોફી' નામની ગ્રીક યુવતિ વિષે માહિતી આપનારને પણ સારો બદલો આપવામાં આવશે. લખો બોક્સ નં. ૨૪૭૩.'

'બધાં છાપામાં એ મુજબ જાહેર ખબર આપી છે પણ કાંઇ જવાબ નથી.'

'ગ્રીક લીગેશન' માં તપાસ કરી?'

'એ લોકો કંઇ જાણતા નથી.'

'ત્યારે તો ઍથેન્સની પોલિસને 'કેબલગ્રામ' કરવો જોઇએ.'

'જયંતને અમારી કૌટુમ્બિક શક્તિઓનો સઘળો વારસો મળ્યો છે.' ધીમંતે મ્હારા તરફ ફરીને કહ્યું. અને પછી જયંતને કહ્યું: 'કે કેસ હવે તું ચલાવ અને જે થતું હોય તે કર.'

'જેવી આપની ઇચ્છા.' મ્હારા મિત્રે ઊઠતાં ઊઠતાં કહ્યું: 'જાણવા જેવું હશે તો આપને તથા મી, મેલાસને જણાવતો રહીશ. દરમિયાન મી. મેલાસ! આપને મ્હારે એક સૂચના કરવાની છે. તમે બરાબર કાળજી રાખજો. એ લોકો તમને હેરાન કર્યા સિવાય નહિ રહે કારણ કે તમે એમની વિગત અમને કહી છે અને છાપામાં આપી છે. એ લોકો જાણ્યા સિવાય નહિ રહે.'

અને અમે ત્યાંથી પ્રિન્સેસ સ્ટ્રીટ આવવા નીકળ્યા. રસ્તામાં ઍથેન્સ 'કેબલ' મોકલાવ્યો.

'નટવર, ચાલો આપણો ફેરો સફળ થયો છે! કાંઇક નવું જાણવા જેવું મળ્યું છે.'

'એમાં ફતેહમંદ થવાની તને આશા છે?'

'આટલું જાણ્યા છતાં જો બાકીનું આપણે ન શોધી શકીએ તો ઘણું ખરાબ કહેવાય. એ વિષે તેં કાંઇ અભિપ્રાય બાંધ્યો છે?'

'જેવો તેવો—'

'જાણું તો ખરો.'

'મ્હને એમ લાગે છે કે પેલી ગ્રીક યુવતીને પેલો જુવાન અંગ્રેજ હેરલ્ડ લૅટીમેર ઉપાડી લાવ્યો હશે.'

'ક્યાંથી?'

'ઘણું ખરૂં ગ્રીસમાંથી.'

જયંતે ડોકું ધૂણાવીને કહ્યું 'એ જુવાનને તો ગ્રીકનો અક્ષરે ય નથી આવડતો જ્યારે પેલી યુવતિ ભાંગ્યું તૂટયું ઇંગ્રેજી જાણે છે એટલે એ યુવાન ગ્રીસ ગયો હોય તેના કરતાં યુવતિ ઇંગ્લૅન્ડ ગઇ હોય એ વધારે સંભવિત છે અને ત્યાં એ ઇંગ્રેજી શીખી હશે અને યુવક સાથે સંબંધ બંધાયો હશે. પછી બેઉ જણ અહીં આવ્યાં હશે અથવા યુવક એને ઉપાડી લાવ્યો હશે.'

'એમ માનીએ. પછી એનો ભાઇ—પેલો ગ્રીક મ્હને તો બીજો કોઇ નથી લાગતો—કમનસીબે અહીં આવી લાગ્યો અને એ લોકોના હાથમાં ફસાયો. હવે એ યુવતિના નામ પર કાંઇ મિલ્કત હશે, ભાઇ એનો ટ્રસ્ટી હશે. આ લોકો એ મિલ્કત તેમના નામ પર ફેરવી આપવા દબાણ કરે છે. અને તેની એ ના પાડે છે. એની સાથે વાત કરવા એ લોકોએ પ્રયત્ન કર્યો હશે પણ એમાં નિષ્ફળ નીવડવાથી મી. મેલાસને લઇ જાય છે. યુવતિને એના ભાઇના આવવાની વાતથી અજ્ઞાત રાખી છે પણ અચાનક-જ એ વાત જાણી જાય છે.'

'બરાબર છે.' જયંતે કહ્યું 'તારાં અનુમાનો ખોટાં નથી.

આપણી પાસે બધી વિગતો છે ફક્ત એક જ બાબતનો ડર
એ લોકો કદાચ બળાત્કાર કરે કે ઉતાવળાં પગલાં ભરે.
થોડો વખત મળે તો આપણે એમને પકડી પાડીશું.'

'પણ મકાન ક્યાં આવ્યું તે શી રીતે શોધી શકીશું?'

'જો આપણાં અનુમાન બરાબર હોય અને યુવતિનું '
'સોરી કૅટીડેસ' હોય તો આપણને પત્તો લગાવવામાં વિ
નહિ થાય. વખતે ધીમન્તની જાહેર ખબરનો જવાબ પણ મળે

પ્રિન્સેસ સ્ટ્રીટમાં અમે આવી પહોંચ્યા હતા. અમે ઘ
દાખલ થયા તેવા જ ચોંકી ઊઠ્યા. ધીમન્તની સ્વારી અમ
આગળ પધારી હતી.

'કેમ જયંત!' તેણે હસીને કહ્યું 'તને નવાઇ લાગે
મ્હારામાં આટલી સ્ફૂર્તિની તેં આશા રાખી ન હતી. પણ
કેસમાં મ્હને રસ પડ્યો છે.'

'અહીં શી રીતે આવ્યા?'

'ગાડી કરીને.'

'કાંઇ નવા જૂની?'

'જાહેર ખબરનો જવાબ આવ્યો છે.'

'એમ!'

'હા. તમે ગયા પછી તરત જ મ્હને મળ્યો.'

'શું લખે છે?'

ધીમન્તે ખીસ્સામાંથી એક કાગળ કાઢ્યો.

'આ રહ્યો' તેણે કહ્યું.

'સાહેબ, આપની જાહેર ખબરના જવાબમાં જણાવ
કે હું એ યુવતિને સારી રીતે ઓળખું છું, અને દુઃખ ભરી ક
કહી શકીશ. એ હમણાં અંધેરીમાં દીના કૅાટેજ નામના બંગલ
રહે છે. આપનો—જે. ડૅવનૅપોર્ટ.'

'એટલીજ એની વિગત છે. પાલી હીલથી એણે લ

છે. જયંત આપણે એને મળીને બાઇનો ઇતિહાસ જાણી લઇએ તો ઠીક.'

'ના રે ના! ધીમન્ત! યુવતિ કરતાં ચિંતાજનક સ્થિતિ તો એના ભાઇની છે એટલે આપણે સીધે સીધા ઇન્સ્પેક્ટર ગ્રેગ્સનને લઇને દીના કૉટેજમાં જઇએ તો ઠીક. એના ઉપર સીતમ વરસતો હશે અને આપણી મદદ જેટલી જલદી જાય તેટલી વધારે સારી.'

'અને મી. મેલાસને પણ લેતા જઇએ.' મ્હેં સૂચના કરી,

'શાબાશ.' જયંતે કહ્યું 'ટૅક્સી બોલાવો.' તરતજ ટૅક્સી બોલાવવામાં આવી. અમે અમારા ખીસ્સામાં રિવોલ્વરો મૂકી અને ઉપડ્યા. અમે પહેલા ઍપોલો બંદર ગયા અને મી. મેલાસની તપાસ કરી. એક ગૃહસ્થ હમણાંજ તેમને કાંઇ કામસર લઇ ગયો એવા સમાચાર મળ્યા.

'ક્યાં ગયા એ કહી શકશો?' ધીમંતે એના નોકરને પૂછ્યું.

'મ્હને ખબર નથી સાહેબ! હું એટલું કહી શકું કે તેઓ એક મોટરમાં અહીંથી રવાના થયા.'

'આવનાર ગૃહસ્થે પોતાનું નામ જણાવ્યું હતું?'

'ના સાહેબ.'

'તે ઊંચો અને દેખાવડો જુવાન હતો?'

'ના સાહેબ, એ ઘણો નીચો માણસ હતો, ચશ્માં પહેર્યાં હતાં અને જરા પોતળો શો હતો. પણ બહુ હસમુખો હતો. વાત કરતાં કરતાં બધોયે વખત એ હસ્યા કરતો હતો.'

'ચાલો.' જયંતે બૂમ મારી 'વાત ઘણી ગંભીર થતી જાય છે.' અમે તરતજ પોલિસના મથક ગયા અને જરૂરી કાગળો તથા ઇન્સ્પેક્ટર ગ્રેગ્સનને લેતાં રહેજે પોણો કલાક નીકળી ગયો.

'પેલા બદમાસોજ મી. મેલાસને લઇ ગયા છે એ વિષે મ્હારી ખાત્રી થઇ છે અને તેઓ એની મદદ લેવાની આશા રાખે છે પણ ગરજ પતી ગયા પછી એના ઉપર વેર લીધા સિવાય

નહિ રહે. કારણ કે મી. મેલાસે એમની ખાનગી વાત બહાર પાડી દીધી છે. માટે આપણે બનતી ઝડપે ઉપડવું જોઇએ.'

બનતી ઝડપે અમે અંધેરી આવ્યા અને દીના કૉટેજ શોધી કાઢયું. એ એક વિશાળ મકાન હતું.

'બારીઓ બંધ લાગે છે!' ઇન્સ્પેક્ટરે કહ્યું 'પંખેરૂ ઊડી ગયાં તો નથીને?'

'એમ લાગે છે. પાંજરૂ ખાલી છે.' જયંતે કહ્યું.

'શા ઉપરથી કહો છો?'

'આ લીટા જોયા. ગાડી આવી ત્યારનો એનો લીસોટો જુઓ ને ગઇ ત્યારનો જુઓ. ગઇ ત્યારે ઘણી ભારે ચીજો લઇ ગઇ લાગે છે કારણ કે લીસોટો ઘણો ઊંડો છે.'

'વાહ!'

અમે બારણાં ખખડાવ્યાં પણ જવાબજ નહિ. જયંતે એક બાજુએ બારી ઉઘાડી અને તે વાટે થઇ અંદર જઇ બારણાં ઉઘાડ્યાં.

અમે અંદર ગયા અને ખૂણે ખૂણો શોધી વળ્યા પણ કંઇ જડયું નહિ. ઉપરથી કોઇની દુ:ખભરી ચીસોનો ધીમો અવાજ આવતો જણાયો એટલે અમે બધા દોડ્યા. આગળની ગેલેરીમાં ત્રણ બારણાં પડતાં હતાં અને વચ્ચેનામાંથી અવાજ આવતો હતો. એ બંધ હતું અને બહારથી તાળુ લગાડયું હતું છતાં કુંચી તાળામાંજ હતી. અમે તે ઉઘાડયું અને અંદર જવા પ્રયત્ન કર્યો પણ જઇ શકાયું નહિ. 'ઓં ઓં' કરતો જયંત એકદમ બાજુ પર થઇ ગયો.

થોડીવાર પછી તાજી હવામાં જઇ આવીને એ પાછો તે ખંડમાં ઘુસ્યો અને બારીઓ ઉઘાડી નાખી. અંદર ધુમાડાનું ગોટરાણ થઇ રહ્યું હતું. એ ધુમાડો અમારા શ્વાસમાં જવાથી અમારાં ગળાં પણ ઝલાયાં. અંદર જઇને જયંત વારા ફરતી બે જણને બહાર ઘસડી લાવ્યો. એ બેમાંનો એક અમારો—પૂર્વ પરિચિત—મી. મેલાસ હશે એવો ખ્યાલ પણ આવે એમ ન હતું.

કારણ કે એનો ચહેરો અને દેખાવ હદ બહારનાં બદલાઇ ગયાં હતાં. છતાં અમે એને ઓળખી શક્યા. બીજો પેલો કમનસીબ ગ્રીક પૉલ ક્રૅટીડેસ હોવાનું અમે અનુમાન કર્યું.

બેઉની નાડ મ્હેં તપાસી. મી. મેલાસની નાડ ઠીક ઠીક ચાલતી હતી એટલે એને અમારી મદદ કારગત લાગી હતી. જ્યારે પૉલની નાડી અતિ મંદ હતી અને અમે એના નસીબે ઘણા મોડા આવ્યા જણાતા હતા. એ જીવે એવો મ્હને ભરોસો ન હતો અને એ વાત ખરી પડી. થોડીવારે એણે આ દુનિયાપર છેલ્લો શ્વાસ લીધો અને એનો આત્મા એ દુઃખી દેહમાંથી ઊડી ગયો.

મી. મેલાસને 'એમોનીઆ' અને બીજી દવાની મદદથી ભાનમાં આણ્યો અને તેણે આંખ ઉઘાડી.

એણે એમ અનુમાન કર્યું હતું તે મુજબ જ વાત કરી. એને તેડવા આવનારે અંદર આવીને રિવોલ્વર બતાવીને જ એની સાથે વાત કરી અને એ તેનાથી ડઘાઇ ગયો હોવાથી તેની સાથે અહીં આવવા નીકળ્યો. અલબત્ત, એ ધમકીની એના પર જાદુ જેવી અસર થઇ કારણ કે તે નબળા મનનો માણસ હતો. તે અહીં આવ્યો અને ફરીથી તેની મદદ પહેલાંની માફક લેવામાં આવી. પેલા ગ્રીકને સમજાવવાને છેલ્લો પ્રયત્ન બેઉ અંગ્રેજોએ કર્યો છતાં તે મક્કમ રહેવાથી તેને બહાર લઇ ગયા અને મેલાસને એની છેતરપીંડી માટે એ લોકોએ ખૂબ ધમકાવ્યો અને એક સખત ફટકો માર્યો. એ તરત જ બેભાન થઇ ગયો. પછી શું થયું તેની એને ખબર ન હતી.

અને એની વાત પરથી મૂળ હકીકત પર ઘણું થોડું અજવાળુ પડતું હતું, એટલે અમારે પેલા જાહેર ખબરનો જવાબ આપનાર ગૃહસ્થને મળ્યા સિવાય છૂટકો ન હતો. તેમણે ખબર આપી કે પેલી ગ્રીક યુવતિ ઘણી પૈસાપાત્ર હતી અને તેણી

ઇંગ્લેન્ડની સફર દરમિયાન પેલા. એના પંજામાં ફસાઇ પડી હતી અને લૅટીમેરને ચાહતી હતી. એના મિત્રો અને સંબંધીઓને એ ન ગમવાથી એમણે એના ભાઇને ખબર આપીને હાથ ધોઇ નાખ્યા. એ વાત એ લોકોએ જાણી એટલે ત્રણે જણ મુંબાઇ નાસી આવ્યા. એનો ભાઇ પણ લંડનમાં નિષ્ફળ તપાસ કરી મુંબાઇ આવ્યો અને કમનસીબે એમના પંજામાં પડ્યો. લૅટીમેર કરતાં એનો સાથીદાર વીલ્સન કૅમ્પ—ઘણો બદમાસ હતો. એ લોકોએ જોયું કે પેલા ગ્રીકને ઇંગ્રેજીનું જ્ઞાન નથી એટલે એના અજ્ઞાનનો લાભ લઇને તેઓ એની પાસેથી યુવતિની અને તેની પોતાની મિલ્કત એમને મળે એવી મતલબના દસ્તાવેજ પર એ લોકો સહી કરાવી લેવા માંગતા હતા અને પેલો ના પાડતો હતો. છેવટે કંટાળી તેઓ એને આ ધુમાડાવાળા ઓરડામાં મી. મેલાસની સોબતમાં મરવા મૂકીને પલાયન કરી ગયા હતા. પેલી યુવતિ પણ એમની સાથે કેદી જેવીજ હતી અને તેનું રજેય ચલણ ન હતું.

કેટલાક મહિના બાદ બ્યુડા—પેસ્ટથી અમને છાપામાંથી ફાડેલી એક કાપલી મળી. એમાં લખ્યું હતું. કે બે અંગ્રેજ મુસાફરોને તેમની સાથે મુસાફરી કરતી યુવતિ સંબંધે આપસમાં તકરાર થવાથી તેઓ એક બીજાને ઘાયલ કરી મરણ પામ્યા હતા. જયંત હજી એમ માનતો જણાય છે કે જો એ ગ્રીક યુવતિ મળી આવે તો એ કેસની હજીયે અસ્પષ્ટ રહેતી વિગતો પર અજવાળું પડે.

☆ સમાપ્ત ☆

ગુન્હાશોધનનાં અવન
પરાક્રમોને લગતી વાત
વાંચવાની કુમારજીવન
તાલાવેલી જાગે છે અને
વૃત્તિ જીવનમાં દીર્ઘ ક
સુધી કાયમ રહે છે.
પ્રસંગે જો પ્રેરણાદાયી વા
મળે તો મગજશક્તિ
સુંદર વિકાસ થાય છે.
વસ્તુ કે વિગત ઝીણવ
જોવા સમજવાની અને
હાર્દ પામવાની અદ્ભુ
શક્તિ એનાથી સાંપડે
અને જીવન સાફલ્યનો મ
સરળ બને છે.

★ ★

આ રીતે માનવજીવન
અનેકવિધ વિકાસ કરી
એવી પ્રેરણાદાયી રિ
વાર્તાઓ આપવાની યોજ
'સાહસ કથાવલિ'
કરવામાં આવી છે.